કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક
સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ ૩૯ · અંક ૯
સપ્ટેમ્બર · ૧૯૬૨
સળંગ અંક ૪૬૫
તંત્રી
બચુભાઈ રાવત



આમ્સ્ટર્ડામનું એક દૃશ્ય (છાપચિત્ર · શાન્તિ શાહ)

કુમાર

સપ્ટેમ્બર ૧૯૬૨ · અંક ૪૬૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧-૨૫

વાચકો લખે છે

આ વિભાગ માટે આવતા સંખ્યાબંધ પત્રોમાંથી તંત્રીની દૃષ્ટિએ ઉચિત ગણાતા જ પ્રકટ થાય છે; એને વિષે કોઇ પણ જાતની ચર્ચા કે પત્રવ્યવહાર (પોસ્ટેજ મોકલ્યું હોય તોપણ) કરવામાં આવતું નથી. પત્રોમાં વ્યક્ત કરેલા અભિપ્રાયો તથા ઉપચારો માટે તંત્રીની જવાબદારી નથી.

જુલાઈ અંકમાં સુપ્રસિદ્ધ હિન્દી માસિક 'સરસ્વતી' વિષેની નોંધ વાચતાં એનાં સ્મરણો તાજાં થયાં. મેં પૈસા ખરચીને મંગાવેલું પ્રથમ માસિક 'સરસ્વતી': એના તંત્રી શ્રી મહાવીરપ્રસાદ દ્વિવેદી પ્રત્યે મમતાના લીધે. પણ એના થોડા અંકો આવ્યા ત્યાં તો શ્રી દ્વિવેદીજીએ તંત્રીપદ છોડયું અને મને ભારે નિરાશા થયી. પોતાનો ભાર અનુગામીઓના ઉપર નાખતાં શ્રી દ્વિવેદીજીએ એમના સંપાદનના છેલ્લા અંકમાં નીચેના ઉદ્ગાર કહાવ્યા હતા:

अधीतमध्यापितमार्जितं यशो
न शोचनीयं किमपीह भूतले।
अतः परं व्याधिशतक्षतस्य मे
मनो मनोहारिणि जाह्नवीतटे॥

(ભણ્યું, ભણાવ્યું, નામના મેળવી. આ જગતમાં હવે કશાની યે ચિંતા રહી નથી. અનેક રોગથી જર્જરિત દેહવાળો હું—મારું મન હવે પછી ગંગાજીના મનોહર તટે રહેશે.)

કૃતકર્તવ્ય બ્રાહ્મણની કેટલી ઉદાત્ત ભાવના! શ્લોક વાચતાં જ કંઠસ્થ થયી ગયો. એ પછી આજપર્યંત અનેક પ્રસંગે મેં એ કહી બતાવ્યો છે અને સાંભળનાર સહૃદયને એણે એટલો જ આનંદ ઉપજાવ્યો છે.

આ શ્લોક શ્રી દ્વિવેદીજીની રચના નથી પરંતુ એક પ્રાચીન પણ્ડિતની કૃતિનો, સહજ ફેર સાથે અક્ષરશઃ ઉતારો છે એ તો વર્ષો પછી જાણવામાં આવ્યું. મૂળ શ્લોકની ત્રીજી લીટી જુદી છે અને તે આ પ્રમાણે છે:

अतः परं श्रीभवनाथशर्मणः

આના રચયિતા શ્રી ભવનાથ મિશ્ર, મિથિલાના સમર્થ પણ્ડિત (સને ૧૪૦૦) અને ગંગેશાનુગામિયુગના ભારતવર્ષના પ્રધાન મૈથિલ નૈયાયિક શંકરમિશ્રના પિતા. (માતાનું નામ ભવાની.) પ્રથમ પંક્તિના કવિ અને સમર્થ સ્મૃતિકાર હોવા છતાં શંકરમિશ્રની અમરકીર્તિ તો, વૈશેષિક સૂત્રો ઉપરના એમના 'ઉપસ્કાર' ભાષ્યને લીધે છે. એમનાં અદ્ભુત પ્રતિભા ને પાણ્ડિત્યના નિદર્શનરૂપે એક કિંવદન્તિ આજે પણ મિથિલામાં પ્રસિદ્ધ છે. બાલ્યાવસ્થામાં એમને મિથિલાના રાજાને મળવાનો પ્રસંગ આવ્યો. છોકરું જાણીને રાજાએ ઉપેક્ષાવૃત્તિ દાખવી એટલે શંકરમિશ્રે જવાબ આપ્યો:

बालोऽहं जगदानंद न मे बाला सरस्वती।
अप्राप्ते पंचमे वर्षे वर्णयामि जगत्त्रयम्॥

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ઑગસ્ટ અંકમાં શ્રી હરિકૃષ્ણ પાઠકનો પત્ર વાંચ્યો. કલાનો કક્કોય નહિ જાણતા હોવા છતાં તેના વિષે ગમે તેવા અભિપ્રાયો આપી દેવા એ આપણા ગુજરાતી માનસનું મોટામાં મોટું દૂષણ છે. જોકે આટલી હિંમત બદલ પાઠકને ધન્યવાદ જરૂર ઘટે. તેઓ કલારસિક છે, જ્યોતિ ભટ્ટના લેખો એમણે વાંચ્યા છે, છતાં આધુનિક કલાને તેઓ ગળે ઉતારી શકચા નથી.

આ ખુશનશીબી (કે બદનશીબી)નું મુખ્ય કારણ એ હોઇ શકે કે તેઓ કલાની વ્યાખ્યા સમજવામાં ભૂલ્યા છે. ચિત્રને તેના શીર્ષક ઉપરથી સમજવા કોશિશ કરે છે ત્યાં જ એમના કલાજ્ઞાનની સીમા દેખાઇ આવે છે. તેઓ જાણતા નથી કે ચિત્રમાં શીર્ષક એ અગત્યનું અંગ નથી. માબાપ જુદાંજુદાં બાળકોને જુદાંજુદાં નામો આપે છે તે તેમને ઓળખવા માટે, પરંતુ તેમનામાં એ નામો જેવા ગુણો હોય છે તે માટે નહિ! આવું જ કંઇક ચિત્રના શીર્ષકની બાબતમાં પણ હોય છે. બાકી કલારસિકને માટે ચિત્રમાં ઘોડો, ગાય, ભેંસ કે માણસ એ સમજવાની વસ્તુ નથી હોતી. ચિત્રના ઘોડાને ઘોડા તરીકે નહિ પણ રંગના એક રસપ્રદ જથ્થા તરીકે માણવાનો હોય છે. બાકી એ જથ્થાનો સરવાળે જે આકાર હોય છે તે કુદરતમાંના ઘોડા તરીકે ઓળખાતા પ્રાણીના આકારને અમુક અંશે મળતો હોય છે તેથી તેનું શીર્ષક 'ઘોડો' આપવામાં આવે છે. પરંતુ તે 'ઘોડા' ઉપર જ ચિત્રની શ્રેષ્ઠતાનો આધાર રહેલો છે એમ માનવું ભૂલભરેલું છે.

ભાઈ પાઠક કુદરતની સ્વતંત્ર કલાની આબેહૂબ નકલને જ શ્રેષ્ઠ કલા તરીકે સ્વીકારતા હોય એમ લાગે છે. સીનેમાની રેકર્ડની જેમ આબેહૂબ ગાઈ બતાવવું એ શ્રેષ્ઠ સંગીત નથી. એમ ચિત્રમાં પણ કલાતત્ત્વોને છોડી દઇ માત્ર કુદરતની નકલને જ વળગી રહેવું એમાં કલાકારની મૌલિકતા શી? (આને મિમિક્રી જેવા અર્થમાં ઘટાવી શકાય.)

આધુનિક કલા એટલે 'આર્ટ ફૉર આર્ટ્સ સેઈક' (કલા ખાતર કલા). કલાકારના અંગત રસ ઉપર તેની રજૂઆતનો આધાર રહેલો છે. કલાતત્ત્વો જેવાં કે રિધમ, બૅલેન્સ, પ્રમાણ, રંગ–રેખા, અવકાશ, પોત (ટેક્શ્ચર) સિવાય બીજી કોઇ વસ્તુ રજૂ કરવા કલાકાર બંધાએલો નથી. તેમાંની વસ્તુઓના અર્થ કરતાં સૌંદર્ય પર તેની શ્રેષ્ઠતાનો વધુ આધાર રહેલો છે.

(વડોદરા) —એન. જી. ભાણવડિયા

[*પ્રતિપક્ષ પ્રત્યે અનુદાર થયા વિના પોતાનો પક્ષ રજૂ કરીએ તો સારું નહિ? ખુદ કલાકારો ને કલાવિવેચકોમાં પણ કલાની વ્યાખ્યા વિષે ભિન્ન મતો પ્રવર્તે છે. સૌંદર્યની આપણી વ્યાખ્યા મુજબની કલા તે જ કલા, અને આપણે કહીએ તે જ સાચું, એ તો મત્સર કહેવાય.]

ઑગસ્ટ અંકના પૃ. ૩૦૫ ઉપર શ્રી રવિશંકર રાવળના સ્મૃતિચિત્રોમાં શ્રી પ્રભાશંકર પટ્ટણી વિષે લખ્યું છે: 'મહારાજા ભાવસિંહજી રાજકોટની કૉલેજમાં શિક્ષણ લેતા હતા ત્યારે શ્રી પ્રભાશંકર પટ્ટણી એક સાદું દવાખાનું ચલાવતા, તેમનો એમને સમાગમ થયો.'

આ હકીકત અધૂરી છે. શ્રી પ્રભાશંકર પટ્ટણીએ મુંબાઇની ગ્રાંટ મેડિકલ કૉલેજમાં દોઢેક વર્ષ અભ્યાસ કરેલો અને વૈદું સારી પેઠે જાણતા. ઝંડુ ભટ્ટજીએ પણ તેમને કોઈ રાજ્યમાં રાજ્યવૈદ્ય તરીકે રખાવી દેવા ભલામણ કરવાનું કહેલું, પણ પટ્ટણીએ ના કહેલી.

મહારાજા ભાવસિંહજી રાજકુમાર કૉલેજમાં ગયા ત્યારે, ૧૮૯૦ થી ૧૮૯૩ સુધીનાં ૩ વર્ષ માટે એમના ટ્યૂટર તરીકે સૂરતના શ્રી ગણપતરામ અનુપમરામ ત્રવાડી અને આસિસ્ટંટ તરીકે શ્રી પરમાણંદદાસ હતા. શ્રી પ્રભાશંકર ત્યારે માળિયા દરબારની નોકરી થોડા માસ કરીને છૂટા થયા હતા અને નોકરી શોધતા હતા. તેવામાં શ્રી ગણપતરામ ત્રવાડી ત્રણ માસની રજા પર ગએલા હોઈ ચાર્જ પરમાણંદદાસભાઈ પાસે હતો. મહારાજા ભાવસિંહજી માટે તેની સાથે હરેફરે ને કામકાજ કરે તેવા એક માણસની જરૂર હતી, તેથી શ્રી પરમાણંદદાસભાઇએ ઝંડુભટ્ટજીના ભાઈ વૈદરાજ મણિશંકર જે રાજકોટમાં પ્રસિદ્ધ વૈદ્ય હતા તેને કોઈ વિશ્વાસુ માણસ હોય તો

જણાવવા કહ્યું. વૈદરાજે શ્રી પટ્ટણીને મોરબીથી બોલાવી મેળ કરાવ્યો. પરમાણંદદાસભાઈએ તરત તેમને નોકરીમાં લઈ લીધા.

મહારાજા ભાવસિંહજીને કૉલેજનું શિક્ષણ લેવા રાજકોટ મોકલેલા પણ તે મૈસુરના રેસિડેન્ટ એસ.એમ. ફ્રેઝરના વાલીપણા નીચે અભ્યાસ કરતા, તેથી તેમની સાથે ધારવાડમાં પણ તેમને રહેવું પડતું. એ વખતે શ્રી પ્રભાશંકરે કરેલી શુશ્રૂષાથી મહારાજા પ્રસન્ન હતા.
(ભાવનગર) —મુકુન્દરાય વિ. પારાશર્ય

ઑગસ્ટ અંકમાં માનવમૂત્ર બાબતના મારા વિચારો અંગે આપે Water of Lifeનો ઉલ્લેખ કર્યો છે. એ પુસ્તક 'જાણીતું અંગ્રેજી' છે તેથી 'સ્ટાન્ડર્ડ' છે એમ સ્હેજે માની શકાય નહિ. આપણા દેશની માફક પાશ્ચાત્ય દેશોમાં પણ ઊંટવૈદો હોય છે. કોઈ પણ technical વિષય ઉપર લખાએલું પુસ્તક, જો એ વિષયના નિષ્ણાતે ન લખ્યું હોય તો એ આધારભૂત ન જ કહેવાય. વળી વધુ આવૃત્તિઓ બહાર પાડવી એ કંઈ સધ્ધરતાનો દાવો નથી. 'કુમાર' કરતાં 'ફિલ્મફેર'ના વધુ અંકો વંચાય છે.

એ જ અંકમાં શ્રી કાન્તિલાલ મે'તાજી ખરજવું લોહીબગાડને લીધે થાય છે એમ જણાવે છે. તેઓશ્રી વૈજ્ઞાનિક ભાષામાં 'લોહીબગાડ'ની વ્યાખ્યા આપશે તો આભારી થઇશ.

ખરજવું–'એક્ઝીમા' એ ચામડીની જ બીમારી છે. ડૉક્ટરી વિજ્ઞાન પ્રમાણે એના સાત પ્રકાર છે ને એ દરેકની ઉત્પત્તિનાં કારણો અલગ અલગ છે: મુખ્યત્વે કરી માનસિક વ્યથા, એલર્જી, વિટામિનનો અભાવ વગેરે. ઘણી વખત તે વારસામાં પણ મળે છે. આમ ખરજવાની દવા તો તેના પ્રકાર અને કારણો પર અવલંબે છે. મોટે ભાગે બાહ્ય ઉપચાર અને કોઇક વખત એક્સ રે કે અલ્ટ્રા વાયોલેટ રે પણ તેના ઉપચાર રૂપે વપરાય છે.

અને છેલ્લે 'કુમાર'ના એક જૂના વાચકના હક્કે વિનંતી કરું કે જે લોકોને મેડિકલ સાયન્સનું લેશ પણ જ્ઞાન નથી એવા મહાનુભાવોના નુસ્ખા 'કુમાર'માં ન છાપો તો સારું. શ્રી નટવરલાલ માલવી આપતા તેવા નિર્દોષ પ્રયોગો કે ડૉ. શિવપ્રસાદ જેવા ક્વૉલીફાઈડ માણસો દ્વારા અપાતું સાહિત્ય ઉપયોગી ગણાય. ગમે તેવું સાધારણ દર્દ હોય પણ તેનો ઉપચાર તો જાણકારને હાથે જ થવો જોઇએ, અખતરાબાજ વડે નહિ. એક દવા શોધવા પાછળ કેટલો શ્રમ, ધન–અને ઘણી વખત જિંદગી પણ આપવી પડે છે એ હકીકતથી કોણ વાકેફ નહિ હોય?
(જૂનાગઢ) —પ્રસન્ન વછરાજાની

ઑગસ્ટના અંકમાં શ્રી પ્રસન્ન વછરાજાનીનો પત્ર વાંચીને નવાઈ લાગી. પોતાની માન્યતાઓથી જુદી માન્યતાઓવાળું લખાણ લબ્ધપ્રતિષ્ઠ માસિકને પાને છપાય તેથી દુઃખ શા માટે થવું જોઇએ? આજ સુધીનું વિજ્ઞાન પ્રત્યક્ષ અનુભવમાંથી જન્મ્યું છે. વિજ્ઞાનના જગતમાં એવા અનેક વિષયો છે કે જ્યાં પરસ્પર વિરુદ્ધ પ્રકારના તર્કોનું મંડન અને ખંડન થયું છે. માનવ–મૂત્ર–પ્રયોગ પાછળ માત્ર તર્ક જ નથી, પરંતુ અનુભવ પણ છે. મારો એવો અનુભવ મારા લેખ 'મોટાં આંતરડાંનો સડો (કૉલાઇટિસ)'માં આપ્યો છે. છ મહિના સુધી ઝાડો-પેશાબ તપાસાવી દવા કરી અને ડૉક્ટરોએ મને મરવા માટે છૂટો કર્યો ત્યારે મેં મૂત્રપ્રયોગ કર્યો અને પાછો હરતોફરતો થયો. શ્રી રાવજીભાઈ પટેલનું પુસ્તક વાંચ્યું ત્યારે મને પણ વિચાર આવ્યો હતો કે તેઓ અંતે સાધારણ માણસ (લે મૅન) કહેવાય. મેં ડૉક્ટર અદલબહેરામની સલાહ પૂછી. તેમણે આ પ્રયોગ કરવાની સલાહ આપ્યા પછી જ હું આગળ વધ્યો અને સફળ થયો.

ડૉક્ટર અદલબહેરામ બી.એ., એમ.બી.બી.એસ. છે. વર્ષો સુધી ઍલૉપથીની પ્રૅક્ટીસમાં સંશોધનકાર્ય કરી હોમીઓપથીની ડિગ્રી મેળવી છે. મુંબાઇની હોમીઓપથી કૉલેજના પ્રિન્સિપલ હતા અને આયુર્વેદની ઘરગથ્થુ દવાઓ તો એમની જીભને ટેરવે છે. 'વૉટર ઑવ લાઈફ'ના લેખક ડૉ. આર્મસ્ટ્રૉંગની ઑસ્પિટલમાં પણ તેઓ જઈ આવ્યા છે. શ્રી પ્રસન્નભાઇ વછરાજાનીને હું વિનતિ કરીશ કે તેઓ આ વિદ્વાન ડૉક્ટરને મળે, અથવા નીચેના સરનામે પત્રવ્યવહાર કરે: ડૉ. એ.ડી. અદલબહેરામ, બી.એ., એમ.બી.બી.એસ. ૭૦ પોચખાનાવાલા રોડ, વરલી મુંબઇ-૧૮ ટેલિફોન નં. ૭૯૯૨૯

ડૉ. અદલબહેરામ વયોવૃદ્ધ ને અનુભવવૃદ્ધ છે. પોતાની માન્યતાઓ માટેનો આગ્રહ છોડી જો મોકળા મનથી વાતો થશે તો મને ખાતરી છે કે શ્રી પ્રસન્નભાઈ પોતાનો મત બદલશે અને આ વિષયમાં વધુ સંશોધન કરવા માટે પ્રેરાશે.
(મુ.છીંડિયા, પો. ચીખલદા) –યોગેન્દ્ર પરીખ

જૂન અંકમાંના શ્રી નરેન્દ્રકુમાર ત્રિવેદીના રેડિયો બ્રૉડકાસ્ટિંગ ને રીસીવિંગના સિદ્ધાંત પર વીજળીનો પ્રસાર કરવાની શકયતા અંગે અંશત જવાબમાં: એ રીતના પ્રસારણમાં નડતર રૂપ સૌથી અગત્યનો મુદ્દો છે પ્રસારણક્ષમતાનો. નાનકડા રેડિયો રીસીવિંગ સેટને મોજાંઓ પહોંચાડવા માટે ખૂબ જ મોટાં અત્યંત શક્તિશાળી ટ્રાન્સમિટિંગ સ્ટેશનો ઊભાં કરવાં પડે છે, નહિતર પ્રસારિત કરાતાં મોજાં બધી દિશાઓમાં પ્રસરી જતાં હોય છે. વીજળી-પ્રસારણની બાબતમાં આ મુદ્દો સૌથી વધુ નડતરરૂપ છે. આવું પ્રસારણ શકય હોય તો પણ નીચેના વધુ મુદ્દાઓ ઉદ્ભવે:

કેવળ એક રીસીવિંગ સેટ વસાવવાથી કોઈ પણ વ્યક્તિ ગમે તેટલો પાવર વાપરવા લલચાય. કારણ કે કોઈ પણ વ્યક્તિને એ વાપરતાં અટકાવવાનું ખૂબ જ મુશ્કેલ બની જાય. આમ થાય, તો વીજળીનું વળતર મેળવવાનો પ્રશ્ન વીજળી-કંપનીઓ માટે સમસ્યારૂપ થઈ રહે.

આવા રીસીવિંગ સેટ આમે યે વધારે પાવરના સિદ્ધાંત પર રચાએલા હોઈ મોંઘા તો પડે જ; એમાં વળી જો ઉપર દર્શાવેલ સમસ્યા હલ કરવા ખાસ પ્રકારની પાવર-વપરાશ માપવાની અને નિયંત્રણ કરવાની સગવડનો સમાવેશ થાય તો એથી યે વધુ ખર્ચાળ થાય.

ટ્રાન્સમિટિંગ સ્ટેશનની નજદીકના વિસ્તારમાં પાવરની ખેંચ કદી ન રહે, જ્યારે દૂરનાં સ્થળોએ એ મુશ્કેલી સંભવતઃ રહે.

આમ છતાં યે આ દિશામાં થઈ રહેલા અનેકવિધ પ્રયોગોમાંથી થોડીક વિગતો ટાંકું તો આવા પ્રસારણને ધારેલી એક જ દિશામાં સીમિત કરવાના પ્રયોગો થઈ રહ્યા છે, જેનાથી ક્ષમતામાં વધારો થશે. વળી આ જાતના પ્રસારણથી ઇલેક્ટ્રિક ટ્રેનને પાવર પૂરો પાડવાના પ્રયત્નોની બાબતમાં ય પ્રયોગો થઈ રહ્યા છે: મિલિટરી જેવાં ક્ષેત્રમાં, જ્યાં આર્થિક બાબતો બહુ નથી નડતી ત્યાં આવા પ્રયોગોના વ્યવહારુ સ્વરૂપને સ્થાન મળવાનો અવકાશ ખરો.

શ્રી ત્રિવેદીના પત્રની એક ગંભીર ભૂલ આ રહી: એમનો પહેલો મુદ્દો તદ્દન અર્થહીન છે, કારણ કે ઉપર જણાવેલી વીજળી-પ્રસારણની શકયતાઓ બાદ પણ વીજળી પેદા કરવા માટે પાવરહાઉસ તો જરૂરી છે જ. અરે, એ પ્રસારણને શકય બનાવવા માટે પણ વીજળીની જ મદદ લેવી પડશે. આવા પ્રસારણની વ્યવહારુતા પ્રાપ્ત કરવામાં આથી વધારે જટિલ ટેકનિકલ પ્રશ્નો હલ કરવાના રહેશે. છતાં યે એ રીતનું પ્રસારણ એક ધ્યેય તરીકે એન્જિનીઅરો-વૈજ્ઞાનિકો સામે ચોક્કસ છે.
(બૅંગલોર-૧૨) —રસિકલાલ પી. શાહ

હરિવલ્લભ ભાયાણીએ 'જિપ્સી'ઓ વિષે કરેલા ઉલ્લેખના અનુસંધાનમાં: પૂર્વ કહો કે પશ્ચિમ, દુનિયાભરમાં જિપ્સીઓ જુદાંજુદાં નામે ઓળખાય છે. દા.ત. ઇંગ્લંડમાં 'જિપ્સી'

બેલ્જિયમ અને નેધરલૅન્ડ્ઝમાં 'જિપ્ટેન્સ', સ્પેનમાં 'ઇજિપ્ટશિયાનો' ઉપરથી 'ગીતાનો' હંગરીમાં 'ઝિગાની', રૅશિયામાં 'ઝિકાંલી' પોલન્ડમાં 'સાઈગાની', પોર્ટુગલમાં 'સીગાનોસ', જર્મનીમાં 'ઝીગેન્યુર' તથા 'સિન્ડી', ઈટલીમાં 'ઝીગાહી', ફ્રાન્સમાં 'બોહિમીઅન્સ', સ્વીડન ડેન્માર્ક ને ફિનલૅન્ડમાં 'ટાટૅસ', રુમાનિયામાં 'ઝગેન્સ', ટૅારકુમાં 'શિન્દીની', ટર્કીમાં 'ચિન્ગાની' અને અમેરિકામાં પણ ઇંગ્લંડ પેઠે 'જિપ્સી' જ; કારણ કે જિપ્સીઓ અમેરિકામાં અઢારમા સૈકાની આખરીમાં પહેલવહેલા ઈંગ્લંડથી જ ગએલા.

હવે એશિયા ભણી આવતાં જિપ્સીઓને સીરિયામાં 'ઝુન' તથા 'નવાર', ઇજિપ્તમાં 'ગગાર', અલ્લેપોમાં 'કરબત', મોસુલમાં 'ગંગનાહ', અરબસ્તાનમાં 'ઝુટ', ઈરાનમાં 'લૂરી,' હિન્દુસ્તાનમાં ગુજરાત કચ્છ કાઠિયાવાડમાં 'ચામડિયા' 'આડોડિયા' વગેરે, સિન્ધમાં પ્રાચીન સમયથી લઇને તે છેક કલહોરા વંશના રાજઅમલ સુધી 'ઝુટ', 'જાટ', 'ઝિટ્ટ' અને અત્યારે સિન્ધમાં 'વાઘરી', ઉત્તર પ્રદેશમાં 'બનજારા' અને મ્હૈસુર, કર્ણાટક તથા નિઝામ રાજ્યમાં 'લંબાની' કહે છે. આમ તો હિન્દ અને પાકિસ્તાનમાં 'ભટકતી જાતો' ઘણી યે છે. તે સર્વે 'જિપ્સી'ઓ ન કહેવાય. વસતિપત્રકમાં 'ગુનેગાર જાતો'નાં નામો મળી શકે છે, પણ તેઓમાં કોણ 'જિપ્સી' તે પૂરી ખાતરીથી કહી શકાતું નથી.

(કરાચી) —ફિરોઝશાહ રુ. મહેતા

'કુમાર'ના જૂના તથા નવા અંકો સરખાવતાં લાગે છે કે વિજ્ઞાનક્ષેત્રે પ્રજાની અભિરુચિ વધતી જાય છે તેમતેમ 'કુમાર' કલા-શૃંગાર(!) તરફ ઢળતું જાય છે. 'પચ્ચીસ વર્ષ પહેલાં' વિભાગ જોઇ ક્યારેક તો મનમાં શંકા ઊઠે છે કે પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર' સારું હતું એટલે તો આ વિભાગ નહિ ચાલુ કર્યો હોય?

કલાવાર્તા પ્રત્યેનો 'કુમાર'નો પક્ષપાત જો સંપાદક કે સંસ્થાપકની કલા પ્રત્યેની અભિરુચિને પરિણામે હોય તો એમાં 'કુમાર'ના વાચકોનો શો દોષ? જુલાઇ અંકમાં કર્નલ જ્હૉન ગ્લેનની અવકાશયાત્રા વિષે આપેલા માહિતીપ્રચુર લેખ માટે ધન્યવાદ.*

(મુંબઇ) —'નગેન્દ્રવિજય'.

[*આ લખીને પત્રલેખકે પોતે જ પોતાને ઉત્તર આપી દીધો એ માટે ધન્યવાદ. જૂનાથી નવા સુધીના અંકો વાંચનારને જો એટલું ન સમજાયું હોય કે કલા આ પત્રનું એક અગત્યનું અંગભૂત તત્ત્વ છે, તો એમાં તંત્રીનો શો દોષ?]

જુલાઈ અંકમાં પૃ. ૨૪૯માં શ્રી 'કચટતપ'-એ ગણિત અંગેની હકીકતમાં છેલ્લે ૬૧થી૮૯ સુધીના અંકોનો સરવાળો કરવાની રીત આ પ્રમાણે આપી છે: "પહેલી ને છેલ્લી રકમના સરવાળાને એ બે રકમોના તફાવતમાં એક ઉમેરી પ્રાપ્ત થતી સંખ્યા વડે ગુણીને બે વડે ભાગવાથી માગેલો સરવાળો મળશે. જેમકે $(૮૯+૬૧)(૮૯-૬૧+૧) = ૨૧૭૫\frac{૧}{૨}$ થાય." આમાં દેખીતી જ ભૂલ છે તે આમ જોઇએ:

$$\frac{(૮૯+૬૧)(૮૯-૬૧+૧)}{૨}=\frac{૧૫૦\times૨૯}{૨}=\frac{૪૩૫૦}{૨}$$
$$=૨૧૭૫$$

(માલપરા) —દેવજી ચાવડા

ક્રમિક સંખ્યાઓના સરવાળાની સહેલી ચાવી આમ છે: $૧+૨+૩+૪+૫+૬=\frac{૭\times૬}{૨}=૨૧$

તે જ પ્રમાણે

$$૭થી૧૧=\frac{૧૨\times૧૧}{૨}-\frac{૭\times૬}{૨}=૪૫$$

ઉપર દર્શાવ્યા મુજબ ક્રમિક સંખ્યાઓના સરવાળા બહુ જ સરળતાથી થઈ શકે છે.

(જૂનાગઢ) —ર. સૌ. સેલારકા

માર્ચ, એપ્રિલ, જૂન, જુલાઇ અંકોમાં ૧થી ગમે તેટલા સળંગ આંકડાના સરવાળા કરવા વિષે જે જુદી જુદી ચર્ચા થઇ તેમાં ભાગ લેનાર કોઇએ પણ જો કૉલેજના પ્રથમ વર્ષ વિજ્ઞાન કે વિનયનમાં શીખવાતું બીજગણિત (ઍલજિબ્રા) વાંચ્યું હોત તો એટલો વિસ્તાર ન થાત.

એકથી ગમે તેટલા સળંગ અંકના સરવાળા સાથે તેમના વર્ગ અને ઘનના સરવાળા પણ અમે શીખવીએ છીએ. તે ટૂંકમાં આ મુજબ: ક્ષને સરવાળાનો છેલ્લો આંકડો ગણીએ તો

$$૧+૨+૩+\ldots\ldots+ક્ષ=\frac{ક્ષ(ક્ષ+૧)}{૨}$$

$$૧^૨+૨^૨+૩^૨+\ldots+ક્ષ^૨=\frac{ક્ષ(ક્ષ+૧)(૨ક્ષ+૧)}{૨}$$

$$૧^૩+૨^૩+૩^૩+\ldots+ક્ષ^૩=\left\{\frac{ક્ષ(ક્ષ+૧)}{૨}\right\}^૨$$

એ જ રીતે ૧થી અમુક એકી અંકોનો સરવાળો આ મુજબ થાય: $૧+૩+૫+\ldots=ક્ષ^૨$ જેમાં ક્ષ એ આંકડાઓની કુલ સંખ્યા છે. દા.ત. ૧+૩+૫+૭માં કુલ ૪ આંકડા છે, માટે $૧+૩+૫+૭=૪^૨=૧૬$.

યા પહેલા ને છેલ્લા અંકના સરવાળાને બેથી ભાગીને વર્ગ કરતાં પણ જોઇતો જવાબ મળે.

દા. ત. $૧+૩+૫+૭=\left(\frac{૭+૧}{૨}\right)^૨=૪^૨=૧૬$.

(લાલન કૉલેજ ભુજ) —ધીરજ એન. શાહ

ઑગસ્ટ અંકમાં પૃ. ૩૩૧ પર ગણિતના ઉદાહરણ ૪માં $૩\frac{૨૧}{૬૦}$ને બદલે $૩\frac{૧૨}{૬૦}$ જોઇએ.

(પાટડી) —ઈન્દુપ્રસાદ રાવળ

અંક ૪૫૨માંના મારા પત્રના અનુસંધાનમાં સોનગઢથી ભાઇશ્રી વિઠ્ઠલદાસ ર. મિસ્ત્રીના મારા પર આવેલા પત્રમાંનો પ્રસ્તુત ભાગ:

'૧૯૫૦માં કુમાર જોયું ને તરત એનાથી જિતાઈ ગયો. ત્યારથી જ કુમારકાર્યાલય લિ.નો શેરહોલ્ડર છું. શેરહોલ્ડરનું બીરુદ મેળવવા નહિ પણ એક સારી પ્રવૃત્તિમાં ભાગીદારીના સંતોષ માટે જ શેર ખરીદેલા. પાંચ વર્ષથી ગ્રાહક પણ છું. ગુજરાતમાં ઉદ્યોગો છે, ઉદ્યોગપતિઓ છે; એમાંના કોઈક શેરહોલ્ડરો પણ હશે. પણ 'કુમાર'ને જાહેરખબર આપવાનો વિચાર એમને કઈ દૃષ્ટિ-ગણતરીએ નફાને બદલે ખોટનો સોદો લાગે છે તે મને સમજાતું નથી. ગુજરાતના અને બૃહદ્ ગુજરાતના ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓ ધારે તો 'કુમાર'ને અને કુમાર કાર્યાલયને જાહેરખબરથી ને શેરો ખરીદીને ખૂબ સમૃદ્ધ કરી શકે. 'કુમાર'માં જાહેરખબર આપવી એ કોઇ રીતે ખોટનો સોદો નથી, એ હકીકત ઉદ્યોગપતિઓ ને વ્યાપારીઓના દિમાગમાં ઠસાવવાની જરૂર છે. ઉદ્યોગપતિઓને લખેલા પત્રો હું માનું છું તે પ્રમાણે, એમના સેક્રેટરીઓથી આગળ નહિ પહોંચી શકે! 'કુમાર'ની સમૃદ્ધિ માટે ને જાહેરખબર માટે, મારા વિચારો પ્રમાણે તો, 'કુમાર'ના વાચકો અને પ્રશંસકોનું એક તંત્ર રચવું, ને એ દ્વારા પ્રયત્નો કરવા. ઉદ્યોગપતિઓને રૂબરૂ જ મળજો. પણ તેયે ૨,૪,૬ કે ૧૨ મહિના આપીને પાછા બેસી જવાના. એટલે સતત પ્રયત્નોની જરૂર રહે છે. જો તંત્ર હોય તો ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં એવા પ્રયત્નો કરી શકાય. 'કુમાર'ના સ્વજનો બૃહદ્ ગુજરાતમાં પણ મળી રહે એવી મને તો આશા છે. મારી પોતાની એવી કોઇ લાગવગ નથી; તેમ બધા યે સ્વજનોની એવી લાગવગ ન પણ હોય. છતાં સંઘની રચનાથી લાગવગ સરજી શકાય. મારા વિચારોમાં જો આપને ('કુમાર'ના સ્વજન વાચકોને પણ) કંઈક નક્કર પરિણામની આશા દેખાય તો તમારા વિચારો વિગતે લખશો.'

(અમદાવાદ) —ના. મ. રાણા

શ્રી અરવિંદભાઇ પટેલની કરમિયાની પૃચ્છા માટે કાર્બોમેઝાઈન સાઇટ્રેડ તથા પીપરેઝાઈન સેન્ટોનીન વગેરે દવાઓ છે. ડૉક્ટરને પૂછી વય પ્રમાણે ડોઝ નક્કી કરીને જ લેવા.

(બાબરા) —ડૉ. જયેન્દ્ર શુક્લ

મારા માથાનો ખોડો દૂર કરવા ત્રણ વર્ષ દરમિયાન મેં કેટલા ય પ્રયોગો કરી જોયા છે, પણ તેથી તે ઓછો થયો નથી. સામાન્ય અર્થમાં સફેદ ભૂકા જેવી ઝીણીઝીણી કરચો માથામાં થાય તેને ખોડો કે ઊંદરી પણ કહે છે. મારા માથામાં એથી કંઈક જુદું—ખોડાની કરચો સાથે ભીંગડાં પણ થાય છે. માથું ચોળીને સાફ કર્યા પછી પણ એની અસર એટલી જ રહે છે. ખંજવાળ થાય છે. કદીક માથાના વાળની હદ ઉપર ખોડાની અસર બહાર પણ દેખાય. કાંસકાથી ઓળતાં ખોડાની કરચો અને ભીંગડાં ખૂબ નીકળે છે. વધારે ખંજવાળી દેવાય તો ત્યાં પાણી જેવું નીકળે કે કે કદિક લોહીનો ટશિયો પણ ફૂટે. થોડું દુખે ય ખરું. માથું સાફ કર્યા પછી તેલ લગાડીએ તો માથાની ચામડી આછા ગુલાબી રંગની થઇ જાય છે. સવારે ઊઠતાં વાળ સાવ લૂખા થઈ જાય અને ખોડાની સફેદી સૂકી તથા વધુ જણાય. માથામાં રોજરોજ તેલ નાખવું જ પડે. કોઇકોઇ વખતે ખોડાને લીધે દાઢીના વાળમાં પણ ખંજવાળ ઊપડે અને તે વખતે કરોળિયા જેવી સફેદ અસર ત્યાં જણાય.

લીંબુ સતત એક મહિનો ઘસીને માથું સાફ કરી જોયું છે. છાશ અને મીઠા વડે દોઢેક મહિના સુધી માથું ચોળ્યું હશે. એકલી છાશથી લાંબો વખત માથું સાફ કરી જોયું છે. માથું સફાચટ કરાવીને ડૉક્ટરનો આપેલો મલમ દસ દિવસ ઘસી જોયો છે. છ મહિના પછી ફરીથી માથાના વાળ મુંડાવી નાખી ડૉક્ટરની દવા કરાવી. પાંચેક દિવસ સુધી કોઈ જલદ દવા લગાડી ડૉક્ટરશ્રીએ ચામડી બાળી નાખી. ચામડી આવી. (આ પ્રયોગ મને પાછળથી ભયભરેલો લાગેલો). ત્રીજી વખત છ મહિના પછી માથું અસ્ત્રાથી એ જ રીતે સાફ કરાવી ચારેક દિવસ ભીની માટી બાંધી જોઈ. આ બધા અખતરા દરમિયાન કે ત્યાર બાદ ખોડો જરાપણ ઓછો થયો નથી.

ખોડાથી કંટાળો આવે છે. જાણતાં કે અજાણતાં માથામાં ખંજવાળી દેવાય તો ઊખડેલા ખોડાથી અસભ્ય લાગે છે. આનો ઉપાય શો? પહેલેથી મારું માથું સ્વચ્છ રહેતું આવ્યું છે. માથું સાફ કરવા અરીઠાં વાપરું છું. સાબુ વાપર્યો નથી. વર્ષભર નહાવાનું લગભગ ઠંડા પાણીએ જ રાખું છું.

ખરજવાનો આ કોઇ પ્રકાર હશે? આજકાલ એલર્જી રોગો વિષે સંભળાય છે તેવું કાંઇ હશે? વૈદક કે ડૉક્ટરીનો અસરકારક ઉપાય આ માટે કોઈ સૂચવી શકે તો આભાર.

(અસલાલી) —અ. મો. ડા.



ધન્ય કલાપ્રેમ

સંસારની 'સર્વતોભદ્ર પ્રતિભા' ગણાતા કલાકાર લીઓનાર્દો દ વિંચીનું એક મહામૂલું ચિત્ર લુપ્તમાં છે: 'માતા મેરી અને બાળક ઇશુ'. એ ચિત્ર માટે વિન્ચીએ જે મૂળ સ્કેચ કરેલો, તે ઇંગ્લંડની શાહી કલાસંસ્થા રૉયલ ઍકેડેમીના સંગ્રહમાં છે (જેનું ચિત્ર આ ઉપર આપ્યું છે). સરકારી મદદ વિના ચાલતી એ સંસ્થા હમણાં ખોટમાં આવી પડી હોઈ તેને પહોંચી વળવા આઠ લાખ પૌંડનું કાયમી ભંડોળ રચવા એણે આ સ્કેચ વેચવા કાઢયો. લાગલો જ ઇંગ્લંડ આખામાં ખળભળાટ મચી ગયો! દેશનું એક કલારત્ન વેચાઇને પરહાથે જાય? પાર્લમેન્ટમાં સવાલો પુછાયા, જાહેર અપીલો બહાર પડી, અને એક 'નૅશનલ આર્ટ કલેક્શન ફંડ' રચાયું. દેશ સમસ્તનાં મ્યૂઝિયમોમાં તેના ફાળા માટે પેટીઓ મૂકવામાં આવી, ને 'સનડે ટાઈમ્સ' નામક ઇંગ્લંડના જૂનામાં જૂના તથા શ્રેષ્ઠ ફેલાવો પામેલા સાપ્તાહિક પત્રે તો તેની મોટા (૧૫×૨૦ ઈંચના) કદની પ્રતિકૃતિઓ પાંચ શિલિંગે વેચીને તેનો બધો નફો એ ભંડોળમાં આપવા માટે પ્રકટ કરી. અને એ પ્રજાનો કલાપ્રેમ તો જુઓ: એ પત્રના લગભગ પોણો લાખ વાચકોએ તે ખરીદીને ૨૦,૦૦૦ પૌંડનો નફો એ ભંડોળમાં જમા કરાવ્યો! આમ, બધા મળીને સાડા ત્રણ લાખ પૌંડ તો પ્રજાએ ભેગા કરી દીધા. અંતે વડા પ્રધાન મૅકમિલને પાર્લમેન્ટમાં જાહેરાત કરી કે બાકીની રકમ સરકાર આપશે; ને હવે એ ચિત્ર (જે ૩૯×૫૪ ઈંચનો માત્ર જર્જરિત કાગળ છે તે) નૅશનલ ગૅલૅરીમાં રહેશે. હાલ ત્યાં અભ્યાસ-પ્રવાસે ગએલા વડોદરાના શિલ્પકલાના પ્રાધ્યાપક શ્રી કાન્તિલાલ કાપડિયાએ પણ પત્રમાં આ ખબર લખ્યા છે.

નૃત્યકલાકાર કુ. યામિની કૃષ્ણમૂર્તિ

જમણી બાજુનું રંગચિત્ર : આંધ્રપ્રદેશના તાજેતરમાં પ્રકાશમાં આવેલા શાસ્ત્રીય નૃત્ય 'કુચીપુડી'ના 'ભામાકલાપમ્' પ્રયોગમાં સત્યભામાની ભૂમિકામાં કુ. યામિની. આ પ્રકારનાં નૃત્યોને સંસ્કારીસંમાર્જીને સફળરીતે રજૂ કરનાર કલાકાર તરીકે કુ. યામિની જાણીતાં છે. કુચીપુડી નૃત્યના પ્રત્યેક કલાકારની ઈચ્છા એક વાર આ ભૂમિકા ભજવવાની હોય છે, અને તે ભજવ્યા પછી જ તેમને કુચીપુડી-કલાકાર તરીકે માન્યતા મળે છે. કુ. યામિનીનું વ્યક્તિત્વ આ પ્રયોગમાં સોળે કળાએ ખીલી ઊઠે છે. નીચે : ઓરિસ્સી નૃત્યની એક ભંગીમાં કુ. યામિની; નીચે જમણી બાજુ : ઓરિસ્સી નૃત્યશૈલીમાં 'ચૌકાભંગી' નામનો, શુદ્ધ નૃત્તસ્થિતિનો એક પ્રકાર. અન્ય શૈલીથી ભિન્ન આ દેહસ્થિતિ ઓરિસ્સી નૃત્યની લાક્ષણિકતા પ્રકટ કરે છે. આભૂષણો, આહાર્યાભિનય વગેરેની વિગતો નોંધપાત્ર છે.









આમ્સ્ટર્ડામનું પ્રાચીન દેવળ

કલાકાર : શાન્તિ શાહ

શહેરમાં શેરીઓને સ્થાને નહેરો હોય એવાં આપણા કાશ્મીરના શ્રીનગર જેવાં યુરોપનાં ગણત્રીનાં શહેરોમાંનું એક હૉલેન્ડનું આમ્સ્ટર્ડામ પણ છે. ત્યાંનું આ નહેરકાંઠાનું પ્રાચીન દેવળ એક એવું આકર્ષક સૌન્દર્યસ્થાન છે કે ત્ય ા કોઇ કલાકાર પોતાની ચિત્રપાટી પર તેને ઉતાર્યા વિના રહી શકયો નથી. જરૂરી રંગ અને રેખાની વિશિષ્ટ શૈલીએ સ્થાન પર બેસીને ટૂંક મુદતમાં કરેલું આ ચિત્ર કલાકારની શક્તિનો ખયાલ આપે છે.

અંતિમ ઇચ્છા

· મિશ્ર ·

૧

ને વૃદ્ધ હાથે પકડી બપોરના
તું હોય રામાયણ વાંચતી સખી
ઝીણાં કરી લોચન બે નમીને;
ને વિપ્રલંભે કૃશકાય આકુલા
કારુણ્યમૂર્તિ અહ દગ્ધ જાનકી
ઊભી રહી હો તુજ નેત્રની નીચે
પૃષ્ઠો પરે જીર્ણ; જરાક રમ્ય
મોતી ઝઝૂમે ચખ વૃદ્ધમાં;
કહું?
ત્યારે અનુજ્ઞા લઈ ઇન્દ્રની સખી
પતંગિયું એક બની સુવર્ણનું
આવીશ પૃષ્ઠો પર બેસવા ક્ષણ.

૨

ઊંચી તમારી પ્રિય પુષ્ટ કાયા
નાહ્યા પછી રોજની જેમ હાથમાં
પ્રવેશશો છાબ લઈ અજસ્ર
મોંથી હશે મંત્ર ઝરંત, સિક્ત
નમેલ બે સ્કંધ પરે પ્રશસ્ત
ઢળ્યો હશે આતપ સે'જ હે સખે
વિશ્રબ્ધ મારા સુખ શો; ધીમેધીમે
આવી અહીં આંગણમાં કરેણની
ડાળી પરે દક્ષિણ હાથ દીર્ઘ
લંબાવશો; કંપતી અંગુલિ થકી
થશે જરી સ્પર્શ ત્યહીં જ હું પ્રિયે
ગરીશ (રાતું ફૂલ) રોજ છાબમાં.

લાભશંકર ઠાકર

શ્રાવણની સાંજ

· ગાન ·

સાંજની મધુરપ પરશી જાય!
નભથી સ્મિત ઝરમરતું, મારું મનડું મહીં ભીંજાય!

દશે દિશાના કંઠ હવામાં મેળ મહીં શો રણકે!
ધરતીનું થનગનતું હૈયું કયે ફૂલ નહિ થમકે?
ઝરણ ઝરણ ઝણકે ત્યાં જાણે ડુંગર ડોલી ગાય!–સાંજની૦

આથમતા તડકાને નયને ભરી હસે હરિયાળી,
ગુંજરતાં પંખીપંખીએ મો'રે ડાળી ડાળી;
તેજ–તિમિરને તરંગ જાણે અંતરાલ લહેરાય!–સાંજની૦

પ્રસન્ન કો' સરવરની લક્ષ્મી ધરાતટે સંચરતી,
રંગવાદળી એનો ઊડતો પાલવ થૈ નભ સરતી;
ભીતર જાણે ઘંટારવ સહ દેવ–આરતી થાય!–સાંજની૦

ચંદ્રકાન્ત શેઠ

કપાસનું ફૂલ

મેં તો ઓઢણાં મંગાવ્યાં ભલી ભાતનાં, ને
આણિયું એણે કપાસનું ફૂલ!
નેહથી મેં ઝાઝી વાત માંડી તો વળતાંમાં
આંખનો ઇશારો એણે કીધો;
ઝાઝાં ફૂલો મેં જઇ દીધાં, વ્હાલાએ એક
ફોરમનો પ્યાલો પાઇ, પીધો;
લાખેણી જિદ મારી ચાલી ના, એક એના
સ્મિતમાં સો વાત થૈ કબૂલ... મેં તો૦
સપનું મેં રાતભરી જોયું ને એણે એક
મીટ મહીં સમજાવ્યો સાર,
લખ રે ચકરાવે હું ભમતી'તી એણે લીધું
હાથમાં સુકાન, બેડો પાર;
એક રે સિતારો મેં તો માગ્યો ને આપ્યું એણે
આખું યે આકાશ આ અમૂલ... મેં તો૦

હરીન્દ્ર દવે

મળી ગઈ

· ગઝલ ·

સામાં મળ્યાં તો એમની નજરો ઢળી ગઇ,
રસ્તા મહીં જ આજ તો મંઝિલ મળી ગઇ.
સાચે જ મીણ જેવી હતી મારી જિંદગી
દુઃખનો જરાક તાપ પડ્યો, ઓગળી ગઈ!
કહેતી ફરે છે બાગમાં એકેક ફૂલને
તુજ આગમનની વાત હવા સાંભળી ગઇ.
મારાથી તો એ આંસુ વધુ ખુશનસીબ છે,
જેને તમારી આંખમાં જગ્યા મળી ગઇ.
મન કલ્પનામાં ચૌદે ભવન ઘૂમતું રહ્યું,
દૃષ્ટિ ક્ષિતિજ સુધી જઇ પાછી વળી ગઇ.
'આદિલ' ઘરેથી નીકળ્યો'તો મિત્ર શોધવા,
ઓ દુશ્મની, તું રાહમાં ક્યાંથી મળી ગઇ?!

'આદિલ' મન્સૂરી

સ્વજન

· વસંતતિલકા ·

મારે ન ખોટ સ્વજનોની; સદૈવ શીળી
છાયા સમી પ્રિય; વળી શત ગાઉ દૂર
મારી સદા ફિકરમાં અણજંપ ઉર
છે આવડી; વડીલ ભ્રાતની તાત જેવી
ઔદાર્ય-હૂંફ; મૂગી આશિષ સ્નેહીઓની;
ને હર્ષશોક તણી વાત કરી સમસ્ત
બે ભિન્ન વ્હેણ ધબકે ધબકાર એક
—એવા મને સુહૃદ દુર્લભ સ્હેજ પ્રાપ્ત.

રે તો ય ન્યાળું કદી એકલ કો વિહંગ
જાગી વહેલું સરી નીડ થકી, તરુની
ટોચે ઊડી, ગગનરંગ નિહાળી રમ્ય
રેલાવતું હૃદય કંઠ થકી; અગમ્ય
જાગી ઊઠે જુગજૂની ઉર કો પિછાન,
'ઓ માહરા સ્વજન!'–આર્ત રટંત પ્રાણ!

જશવંત લ. દેસાઈ

જાણ્યું નથી

· વિષમ હરિગીત ·

કેવો ચગ્યો છે આ કનકવો આજ તો!
એ લોટતો કે લોટતું આ આભ?
એકી ટશે સૌ લોક એને પેખતાં,
સૌ નેનમાં એ તરવરે,
એનો કશો છ રૂઆબ!
કિન્તુ રે,
જાણ્યું નથી શું કોઇએ કે
કેટલી દાંતી પડી છે દોરમાં?

યોસફ મેકવાન

દીઠું ઢૂંઢાને મેં... મુકુટ-કલગી રત્નખચિત
ધરીને શાસંતી જગ સબ મહારાણી ધરણી.

રતિલાલ યોગી

ક્ષિતિજ

· વિષમ હરિગીત ·

આ ક્ષિતિજ
બે ભીડેલા ઓષ્ઠની વચ્ચે રહી રેખા સમી,
ભાસતા ભીતર પડેલાં
કૈં રહસ્યો–ક્રંદનોના શા સહેતી ભાર!
નિઃશ્વાસને પણ ક્યાં જરી અવકાશ
આવે બ્હાર!
આ આભ ને ધરતી તણી
એ ભીંસને તે ભેદવાનું શું ગજું?

'શશિશિવમ્'

અવળી પિછાન

· વસંત તિલકા ·

તારી ન હો ઉભયની અવળી પિછાન!
તું કાળનો કર ગ્રહી ડગ એની પૂંઠે
દેવા ચહે; સમય રાહ નિહાળી રે'તો
ના હોય કે કદમ તું કદી જો ઉઠાવે
તો એ કરાંગુલિ ગ્રહી તુજ સાથ ચાલે;
ને એ રીતે ગઇ ન હો ગતિ થંભી તારી!

'ચકોર'

જિંદગી

· પરંપરિત હરિગીત ·

ટ્રાફિકનો પોલીસ યે મૂંઝાય જ્યાં
આ વાહનોના ઘૂમતા ચકડોળમાં,
ત્યાં ચાર રસ્તે સાંજના
આસ્ફાલ્ટની કોરે જડેલી લાદી પર
લંબાવીને સૂઇ રહેલો શ્વાન આ.
ને ધસમસી દોડી જતાં ઘરની ભણી
આ લોકનાં ટોળાં વિષે બબડાટ છે:
'શી જિંદગી કૂતરા સમી!'

કંદર્પ ઓઝા

યુવાન પેઢીનાં એક અગ્રણી નૃત્યાંગના

પરિચય · સુનીલ કોઠારી



ઓરિસ્સી નૃત્યપ્રકારમાં 'ભૂમિ-પ્રણામ' પ્રયોગ રજૂ કરતાં કુ. યામિની કૃષ્ણમૂર્તિ. ચહેરા પરની ભક્તિપૂર્ણ ભાવછટા નોંધો.

પડદો ઊઘડ્યો ત્યારે એક સ્થિર આકૃતિ મનોહર શિલ્પસદૃશ ભંગીમાં રંગમંચની મધ્યે નજરે ચડતી હતી. પ્રકાશવર્તુળ (સ્પૉટ-લાઈટ)માં એ આકૃતિ પરના અલંકાર ઝગારા મારી રહ્યા હતા. ત્યાં તો મૃદંગ પર થાપ પડી અને મંજીરાંની જોડ રણકી ઊઠી. 'તાલમ'ના બોલ શરૂ થયા અને એ આકૃતિમાં સંચાર થયો. 'તાલમ'-ના 'સોલકટ્ટુ' અનુસાર 'રેચક' (ડોક-ગ્રીવાનાં હલનચલન), નેત્રવ્યાપાર, હસ્તવિનિયોગ અને વિવિધ હલનચલન દ્વારા એક પછી એક રમણીય 'અડવુ' (શુદ્ધ નૃત્તની ગૂંથણી)ની મોહક લીલા રચાવા લાગી અને નૃત્યાંગનાએ શુદ્ધ નૃત્તનો પ્રથમ પ્રયોગ 'અલ્લારિપુ' રજૂ કર્યો. 'તામ્ ધી તામ્ કિડતક તૈ ધી તૈ' શબ્દોનાં દ્રુત આવર્તનો જોડે નૃત્યાંગના વંદન કરી નેપથ્યે સરી ગયાં. પણ કુમારી યામિની કૃષ્ણમૂર્તિના કાર્યક્રમની આટલીમાત્ર પ્રભાવશાળી શરૂઆતથી જ પ્રેક્ષકોભાવકોનાં દિલ જિતાઇ ગયાં. આજે કેવળ ભારતમાં જ નહિ પણ વિદેશોમાં ય યુવાન પેઢીનાં અગ્રણી નૃત્યાંગના તરીકે એમની કીર્તિ પ્રસરી ચૂકી છે. એકવાર એમનાં નૃત્યો જોયા પછી તો એમની કલાનો નાદ લાગે.

આમ તો એમણે પાંચ વર્ષની વયથી જ નૃત્ય શીખવું શરૂ કરેલું; અને એમના પિતા પ્રો. કૃષ્ણમૂર્તિએ પણ એમની લગની જોઇને તે માટે બધી વ્યવસ્થા કરવા માંડી હતી. મૂળ તેઓ આંધ્ર પ્રદેશના મદનપલ્લી ગામના વતની. પછી મદ્રાસ આવીને સ્થાયી થયા. છેલ્લા બે દાયકાથી લોકોમાં 'ભરતનાટ્યમ્' નૃત્ય સવિશેષ લોકપ્રિય થયું છે અને મદ્રાસમાં તો પ્રત્યેક સંસ્કારી ઘરની કન્યા તે શીખે છે. મદ્રાસમાં આ કળાના અનેક નૃત્યાચાર્યો વસે છે. પણ શ્રી કૃષ્ણમૂર્તિએ અનેક નૃત્યાચાર્યોને બદલે યોગ્ય ગુરુના માર્ગદર્શન હેઠળ યામિનીની નૃત્યકલા વિકસે તેવો નિર્ણય કરી તેને શ્રીમતી રુકમિણીદેવી એરુંડેલની નૃત્ય-પીઠ 'કલાક્ષેત્ર'માં મૂક્યાં. આ બાલ કલાકારે ત્યાંના ઉચ્ચ કક્ષાના ધોરણને ઉજાળે એવું માર્ગદર્શન મેળવ્યું એટલું જ નહિ પરંતુ ત્યાંના છ વર્ષના અભ્યાસક્રમને અંતે ગવર્નમેન્ટ સ્કૉલરશિપ પણ મેળવી. ત્યારે એમની સાથે સમોવડિયાં અને પ્રતિભાશાળી એક બીજાં હરીફ હતાં: શ્રીમતી નિર્મલા સ્વામીનાથન્ (હવે રામચંદ્રન). મદ્રાસમાંથી તે વર્ષે એ બંનેને શિષ્યવૃત્તિ મળી. જેમણે આ સ્પર્ધામાં ભાગ લીધો હોય તેમને જ ખયાલ હોય કે એ કસોટી કેવી કપરી અને વિકટ હોય છે.

ગવર્નમેન્ટ સ્કૉલર તરીકે યામિનીએ શ્રીમતી બાલાસરસ્વતીના વિદ્યમાન ગુરુ, કાંચીપુરમના શ્રી એલપ્પા પિલ્લૈ પાસે લાગટ ત્રણ વર્ષ ભરતનાટ્યમ્‌નું આગળ અધ્યયન કર્યું. 'કલાક્ષેત્ર'ના ઉચ્ચ સંસ્કારવાળા વાતાવરણમાં ને ત્યાંનાં શારદાઅમ્મા જેવાં ગુરુ પાસે ઘડાએલ આ કલાકારની શક્તિઓ પીછી ગુરુ પિલ્લૈ તો પ્રસન્ન થઈ ઊઠ્યા, ને મન મૂકીને તેમણે યામિનીને ભરતનાટ્યમના અનેક વિરલ પ્રયોગો શીખવ્યા.



વાસકસજ્જા નાયિકા (કુચીપુડી નૃત્યપ્રયોગ): દર્પણમાં મુખદર્શન કરતી મિલનોત્સુકા (ફોટો: સુબોધચન્દ્ર)

આ અરસામાં જ આંધ્રપ્રદેશના કુચીપુડી ગામના પ્રખર નૃત્યાચાર્ય વેદાંત લક્ષ્મીનારાયણ શાસ્ત્રી, પોતાનો અંતકાળ પાસે આવતો જાણી, શ્રીમતી બાલાસરસ્વતીને એ કુચીપુડી શૈલીના નૃત્યની કેટલીક જૂજ અને વિરલ કૃતિઓ શીખવવા સામે ચાલીને આવ્યા હતા. કુ. યામિનીએ પણ આ તકનો લાભ લીધો. પોતે પણ આંધ્રનાં, એટલે આંધ્રપ્રદેશના આ વિશિષ્ટ નૃત્યપ્રકાર પ્રત્યે આકર્ષણ તો ખરું જ. તેમાં આવા સમર્થ ગુરુ મળ્યા; પછી શું જોઇએ? યામિનીએ ઉલટપૂર્વક જેટલું શીખવા મળ્યુ તેટલું આત્મસાત્ કર્યું. દુર્ભાગ્યે ગુરુ વેદાન્ત લક્ષ્મીનારાયણ શાસ્ત્રીનું ત્યાર પછી ટૂંક ગાળામાં જ અવસાન થયું; પરંતુ અવસાન પૂર્વે તેઓ શ્રીમતી બાલાસરસ્વતી અને કુમારી યામિનીને કુચીપુડી કલાપ્રકારની ઉમદા ચીજો શીખવી ગયા છે.

યામિનીને પછી તો આ કુચીપુડી નૃત્યપ્રકારના સ્વતંત્ર વ્યક્તિત્વનું ઘેલું લાગ્યું. એવામાં શ્રી નરસિંહરાવ કોરાડે નામે યુવાન કુચીપુડી કલાકારનો એમને સાથ મળ્યો અને એમની પાસેથી પણ તે તેની કેટલીક ચીજો શીખ્યાં. કુચીપુડીના 'મોહિની ભસ્માસુર' કથાપ્રસંગમાં એમણે શ્રી કોરાડે સાથે મોહિનીની ભૂમિકા પણ ભજવી. એ શ્રી કોરાડેએ શ્રીમતી ઈન્દ્રાણી રહેમાન ને શ્રીમતી (પાછળના પાને)



કુચીપુડી નૃત્યની એક અંગસ્થિતિ (આ તેમજ સામેના બંને મળી ત્રણે ફોટો : સુબોધચન્દ્ર)



મથાળે: કુચીપુડી નૃત્યના 'ભામાકલાપમ્' પ્રયોગમાં સત્યભામાની ભૂમિકામાં કૃષ્ણને રીઝવતા નૃત્યના એક મનોહર અંગભંગમાં. એમનાં નૃત્યોમાં સુડોળ દેહયષ્ટિ ને યૌવનમત્ત છટા વિશિષ્ટરીતે પ્રકટ થાય છે. નીચે: આંધ્રપ્રદેશના યક્ષગાન શૈલી તરીકે જાણીતા કુચીપુડીના જ એક પ્રકારભેદ સમા નૃત્યપ્રયોગ 'અમૃતમંથન'માં મુરલીધારીની ભૂમિકામાં.





દરમિયાન 'મિનિસ્ટ્રી ઑવ કલ્ચરલ અફેર્સ ઍન્ડ સાયન્ટિફિક રીસર્ચ'-ના મંત્રી શ્રી હુમાયૂં કબીરના સૂચનથી શ્રી કૃષ્ણમૂર્તિએ 'કુચીપુડી' નૃત્યના શિક્ષણ માટે 'કૌસ્તુભ' નામે શાળા શરૂ કરી. જે 'કુચીપુડી' નૃત્યનાં વળતાં પાણી થયાં હતાં તે બે વર્ષમાં તો આંધ્રપ્રદેશના સીમાડા વટાવી હવે ભારતનાં પ્રમુખ શહેરોમાં તેમજ ઠેરઠેર લોકો લગી જઈ પહોંચ્યું. દિલ્હીના વસવાટ દરમિયાન કુમારી યામિનીએ તેના અનેક નૃત્યકાર્યક્રમો આપ્યા. દિલ્હીમાં મળતી અનેક આંતરરાષ્ટ્રીય પરિષદો દરમિયાન તેમજ દિલ્હીની મુલાકાતે આવતી અનેક વિશ્વખ્યાત વિદુષી વ્યક્તિઓ સમક્ષ રાષ્ટ્રપતિભવનમાં તેમનાં નૃત્યો રજૂ થયાં છે. છેલ્લે ભારતના પ્રવાસે આવેલાં બ્રિટનનાં સામ્રાજ્ઞી ઇલિઝાબેથ બીજાં સમક્ષ પણ એમણે નૃત્યો રજૂ કર્યાં હતાં, જેની મુક્ત કંઠે પ્રશંસા થઇ હતી. કેંદ્રીય સરકારે આ પ્રતિભાવંત કલાકારની શક્તિઓની ઉચિત કદર કરી અને અહીંના પ્રતિનિધિ કલાકાર તરીકે એમને પાકિસ્તાન, બ્રહ્મદેશ અને નેપાળ પણ મોકલ્યાં.

પરંતુ કુ. યામિનીને મોટું માન તો આંધ્રપ્રદેશમાં જ 'કુચીપુડી' નૃત્યો રજૂ કરવાનાં આમંત્રણો મળ્યાં તેમાં છે. આંધ્રમાં આ શૈલીનાં નૃત્યોમાં પૂર્વે સ્ત્રીઓ ભાગ લેતી નહિ. હજી યે ત્યાં સ્ત્રીની ભૂમિકા પુરુષો જ ભજવે છે. યામિનીએ એ પ્રણાલિ તોડી, એટલું જ નહિ પણ હૈદરાબાદ ઉપરાંત આ નૃત્યપ્રકારના ઉદ્‌ભવસ્થાન ખુદ કુચીપુડી ગામમાં અનેકવાર નૃત્યો રજૂ કરી ત્યાંના તદ્‌વિદોની ચાહના સંપાદિત કરી. તેઓ હાલ ત્યાંના વિખ્યાત કલાકાર અને ગુરુ શ્રી ચિન્તાકૃષ્ણમૂર્તિ પાસે વિશેષ અભ્યાસ કરી રહ્યાં છે, અને પોતાનાં નૃત્યોની સંગીતની સંગતમાં પણ પાશુમૂર્તિ વેણુગોપાલ શર્માનો સહકાર પ્રાપ્ત કરી શક્યાં છે. આંધ્રપ્રદેશની સંગીતનાટક અકાદમીએ તેમને વાર્ષિક ઉત્સવ પર 'અમૃતમંથન' (જુઓ પાછળ આપેલું ચિત્ર) નૃત્યપ્રયોગમાં મોહિનીની ભૂમિકા માટે નિમંત્ર્યાં છે. આ પ્રમાણે તે પ્રદેશની આવી માતબર સંસ્થા તેમને નિમંત્રે એ નાનીસૂની વાત ન ગણાય.

યામિની 'ભરતનાટ્યમ્' અને 'કુચીપુડી' ઉપરાંત, કુચીપુડી પેઠે જ તાજેતરમાં પ્રકાશમાં આવેલા ઓરિસ્સાના શાસ્ત્રીય નૃત્યપ્રકાર

મથાળે : શુદ્ધ નૃત્ત 'અડવુ'–અંગસ્થિતિમાં કુ. યામિની. નીચે : કુચીપુડીના 'ભામાકલાપમ્' નૃત્ય પ્રયોગમાં પોતાની અત્યંત માનીતી 'સત્યભામા'ની ભૂમિકામાં કુ. યામિની. (બંને ફોટો-ધીરજ ચાવડા)



રીટા ચૅટરજીને પણ આ કલાપ્રકારની દીક્ષા આપી છે ને શ્રીમતી ઇન્દ્રાણી રહેમાન જોડે તેમજ જાતે અમેરિકામાં કુચીપુડી નૃત્યો રજૂ કર્યાં છે.

ઉત્તરોત્તર વિકાસ સાધતાં જતાં કુમારી યામિનીનો સર્વપ્રથમ જાહેર પ્રયોગ ('અરંગેત્રમ્') તો 'કલાક્ષેત્ર'માં એમણે નૃત્ય-શિક્ષા પૂરી કર્યા પછી ૧૯૫૫માં જ યોજાયો હતો. પરંતુ ત્યાર બાદ ૧૯૫૮માં નવી દિલ્હીમાં એમનો જે પ્રથમ જાહેર કાર્યક્રમ ગોઠવાયો તેણે લોકોનું ઠીકઠીક ધ્યાન ખેંચ્યું. તરત જ ત્યાં એક બીજો કાર્યક્રમ બીજાં એક જાણીતાં દક્ષિણ ભારતીય કલાકાર અને નૃત્યાંગના ટી. સૂર્યકુમારીની મદદથી ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના હૉલમાં, અને ત્રીજો શ્રીમતી કમલાદેવી ચટ્ટોપાધ્યાયના સંચાલન હેઠળ ચાલતા ભારતીય નાટ્યસંઘના આશ્રયે ગોઠવાયો. આ ત્રણ કાર્યક્રમે કુ. યામિનીને આગલી હરોળનાં નૃત્યાંગનાઓમાં મોખરાનું સ્થાન અપાવી દીધું. મને પણ ત્યારે અખિલ ભારતીય નૃત્ય પરિષદમાં તેમનાં નૃત્યો સૌ પ્રથમ જોવાની તક મળી હતી.

ત્યાર બાદ નવી દિલ્હીની જાણીતી નૃત્ય-સંગીત સંસ્થા 'સંગીતભારતી'માં કુમારી યામિની શિક્ષક તરીકે સેવા આપી રહ્યાં હતાં. તે

'ઓરિસ્સી'નું પણ શિક્ષણ લઈ રહ્યાં છે. એ નૃત્યશૈલીના એમના ગુરુ છે શ્રી પંકજચરણ દાસ. તેઓ મદ્રાસ ખાતે જ રહે છે અને આ શૈલીનું જ્ઞાન ત્યાંના ઉત્સાહી કલાકારોને આપી રહ્યા છે. આમ, યામિની એક રીતે પરસ્પર મળતી આવતી આ ત્રણે શૈલીનાં નૃત્યોમાં પારંગત થયાં છે. જેમ કોઈ ભાષાવિદ્ પંડિત અનેક ભાષા પર સહજ રીતે કાબૂ મેળવી તે તે ભાષાને હૃદ્ગત કરી શકે છે તેમ કુ. યામિનીએ આ ત્રણે પ્રકારોમાં સફળતા મેળવી છે. ઉપરાંત કર્ણાટકી સંગીતનું પણ ઊંડું જ્ઞાન સંપાદન કરવાને કારણે એમનાં નૃત્યોમાં જે છટા જોવા મળે છે તે એમનાં નૃત્યોનું આકર્ષક અંગ બની રહે છે.

યામિનીની આ અવિશ્રાન્ત નૃત્ય-તપશ્ચર્યામાં એમના પિતાશ્રી પ્રાધ્યાપક કૃષ્ણમૂર્તિનો ફાળો નાનોસૂનો નથી. શ્રી કૃષ્ણમૂર્તિ હૃદયે કવિજીવ છે. અંગ્રેજીમાં એમણે કાવ્યો લખ્યાં છે. સંસ્કૃત ભાષાના તેઓ પ્રખર વિદ્વાન છે. પંદર વર્ષની વયે 'ઑફરિંગ' નામે એમનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ થએલો; ને છેલ્લો કાવ્યસંગ્રહ 'લવ સૉનેટ્સ' ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રગટ થયો છે. તે ઉપરાંત 'ડાન્સ ડ્રામાઝ' નામે એમનું એક પુસ્તક અમેરિકામાં પ્રગટ થયું છે. વળી એમણે 'ચરકસંહિતા'ના છ ગ્રંથોનો પણ અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. થોડા વર્ષ પૂર્વે એમણે જામનગરની ગુલાબકુંવરબા આયુર્વેદિક કૉલેજમાં 'પ્રોફેસર ઑવ સંસ્કૃત ઍન્ડ મૉરલ ઇન્સ્ટ્રક્ટર' તરીકે કામ કર્યું હતું.

બહુશ્રુત અને વિદ્વાન પ્રોફેસર કૃષ્ણમૂર્તિ ભારતીય સંસ્કૃતિના ભારે ચાહક છે. ૧૯૩૯માં 'હ્યુમૅનિસ્ટિક સોસાએટી ઑવ બૅંગ્લોરે' એમને યુરોપના પ્રવાસે મોકલ્યા હતા, જ્યાં એમણે અનેક વ્યાખ્યાનો આપીને ભારતીય સંસ્કૃતિનો તલસ્પર્શી અને વિશદ પરિચય કરાવ્યો હતો. ઉપરાંત અનેક લેખો અને નિબંધો દ્વારા એમણે હિંદુ ધર્મ તેમ જ ભારતીય સંસ્કૃતિના રહસ્યને પ્રગટ કર્યું છે. તેઓ મદ્રાસના જાણીતા દૈનિક પત્ર 'હિંદુ', 'ધ ટાઈમ્સ ઑવ ઇન્ડિયા' અને 'ધી ઇલસ્ટ્રેટેડ વીકલી'માં અવારનવાર લેખો લખે છે. તેમનાં પત્ની પણ પતિપરાયણ કુટુંબવત્સલ અને ઊંડાં સંગીતજ્ઞ છે. યામિનીનાં નૃત્યોની સાથમાં સંગીત આપતાં તેનાં નાનાં બહેન કુ. જ્યોતિષ્મતિ, બીજા બે પુત્રો ને એક નાની પુત્રી એમ મળીને તેમને પાંચ સંતાનો છે.

યામિનીનાં નૃત્યોનું 'નટ્ટુવાંગમ' (સંગીત) તેમનાં એ નાનાં બહેન કુ. જ્યોતિ સંભાળે છે. તેઓ પણ યામિની જેટલાં જ દેખાવડાં અને



→ 'તંડુ-આશ્રિત હતાં'ની આ નૃત્યસ્થિતિમાં કુ. યામિનીના અંગની પ્રવાહિતા, લાલિત્ય, કમનીયતા અને મનોહારિતા નોંધપાત્ર છે. (બધી ફોટો • ધીરજ ચાવડા)



સત્યભામાની ભૂમિકામાં એક અભિનય



ભરતનાટ્યમના લાક્ષણિક શુદ્ધ નૃત્તની રજૂઆત



કુચીપુડીના 'જતીસ્વરમ્'–શુદ્ધ નૃત્તમાં ઉત્પ્લાવન કરતાં કુ. યામિની (ધીરજ ચાવડા)

સંગીત તથા નૃત્યનાં ઉપાસિકા છે. અદ્યારની બિસાન્ટ થીઓસોફિકલ હાઈસ્કૂલમાંથી તેઓ મેટ્રિક થયાં છે. એ અભ્યાસકાળ દરમ્યાન જ તેમણે સંગીત શીખવું શરૂ કરેલું; અને યામિનીને શિષ્યવૃત્તિ મળી ત્યારે તેમણે પણ ગુરુ એલપ્પા પિલ્લૈ પાસે નટ્ટુવાંગમ શીખવું શરૂ કર્યું. આ નટ્ટુવાંગમ ભારે અટપટી વસ્તુ છે. નૃત્યાંગનાના સમગ્ર કાર્યક્રમને તે જીવંતપણું અર્પે છે, અને જેટલું ઉચ્ચ કક્ષાનું નૃત્યની સંગતનું આ સંગીત હોય તેટલું વિશેષ સુંદર નૃત્ય લાગે. સંગીતવર્ગમાં પણ કુ૦ જ્યોતિએ પોતાની સંગીતપ્રતિભાથી સૌનું ધ્યાન ખેંચ્યું છે; કેમકે નટ્ટુવનાર તો કાર્યક્રમના મિજાજને રૂપ આપે છે અને લયને સાચવીને નૃત્યની ગતિવિધિના પ્રવાહને બહેલાવવામાં નૃત્યાંગનાને મહત્ત્વની મદદ કરે છે. નૃત્યાંગના અને નટ્ટુવનાર વચ્ચેની સમજપૂર્વકની એકવાક્યતા અનિવાર્ય હોય છે; પણ તે કેવળ 'ટેકનીક' પૂરતી નહિ. ભાવની પ્રબળ એકવાક્યતા અહીં વિવક્ષિત છે. આ પ્રકારની ભાવોદ્રેકભરી એકવાક્યતા દ્વારા જ કુમારી યામિનીનાં નૃત્યોમાંનું પારંગત્વ સર્જનાત્મક શક્તિની અભિવ્યક્તિમાં સહજ રીતે પરિણમે છે.

વયમાં યામિની કરતાં નાનાં આ કલાકાર માટે સંગીતકાર તરીકે કે નટ્ટુવનારની કારકિર્દીમાં ઝળકવાનું જરાય મુશ્કેલ બન્યું નથી. રમતગમતનાં એ ભારે શોખીન છે અને શાળા દરમિયાન કુશળ ખેલાડી તરીકે લાગટ પાંચ વર્ષ એમણે ઇનામો પ્રાપ્ત કરેલાં. એટલે જે દહાડે ગૌરી અમ્મા પાસે પ્રથમવાર તેઓ 'પદમ્' શીખ્યાં ત્યારથી જ યૌવનમાં પ્રવેશતા કુમારો કે કન્યાઓ કારકિર્દી નક્કી કરવાની જે મથામણ અનુભવે છે તેવી કશી જ મૂંઝવણ આ કલાકારે અનુભવી નહિ. અચળ શ્રદ્ધાપૂર્વક જીવનનું લક્ષ્ય નક્કી કરી નાખ્યું. અને નૃત્ય તથા સંગીતની તપશ્ચર્યા આદરી દીધી.

નૃત્યની સંગતમાં તેઓ સંગીત આપી શકે છે એટલું જ નહિ પણ પોતે નૃત્ય પણ શીખ્યાં છે. કાંચીપુરમ્‌ના વિદ્વાન ગુરુ એલપ્પા પિલ્લૈ પાસે 'ભરતનાટ્યમ્'નું નટ્ટુવાંગમ્ શીખ્યા પછી કુચીપુડી ગામના પાશુમર્તિ વેણુગોપાલ શર્મા પાસે તે શૈલીનું સંગીત શીખ્યાં. કુચીપુડીના 'ભામા કલાપમ્' પ્રયોગનાં હૃદયંગમ કાવ્યત્વભર્યાં ગીતો તેમને અત્યંત પ્રિય છે ને તે ગાતી વખતે તેઓ ખીલી ઊઠે છે. તેમાં રહેલા નાટ્યતત્ત્વને એ ગાતાં ગાતાં તેઓ કુશળતાપૂર્વક બહલાવી દે છે. કુમારી યામિની કહે છે તે પ્રમાણે જ્યોતિ (પ્રકાશ) વિના પોતે યામિની (રાત્રી) જ રહ્યાં હોત!

આ બન્ને ભગિનીઓની કલા પરસ્પર એવી તો સહજ રીતે ઉપકારક થઈ પડે છે કે તે જોતાં ને સાંભળતાં ડોલી ઊઠ્યા વિના રહેવાતું નથી. માતૃભાષા તેલુગુ ઉપરાંત જ્યોતિ અંગ્રેજી, હિંદી, તમીળ અને–નવાઈ લાગશે–ગુજરાતી પણ બહુ સરસ રીતે વાંચી-બોલી શકે છે: અને તે ય કાઠિયાવાડી લહેકા સાથે! નૃત્યપ્રકારમાં ભરતનાટ્યમ્ નૃત્યપ્રકાર તેમને અત્યંત પ્રિય છે અને તેઓ માને છે કે તે પ્રકારમાં રહેલ ઉમદા તત્ત્વની સંપૂર્ણ લગોલગ બહુ ઓછા નૃત્ય પ્રકારો આવી શકે.

પ્રાધ્યાપક કૃષ્ણમૂર્તિ અને કુમારી જ્યોતિ, આમ કુમારી યામિનીનાં નૃત્યોનાં મહત્ત્વનાં અંગ છે. મદ્રાસ સિવાય અન્ય સ્થળે જ્યાં-જ્યાં અન્યભાષી પ્રેક્ષકવર્ગ સમક્ષ યામિનીનાં નૃત્યો રજૂ થાય છે ત્યાં શ્રી કૃષ્ણમૂર્તિ પ્રત્યેક પ્રયોગની પૂર્વે જે ભારતીય નૃત્યો તેમજ સંસ્કૃતિની વિભાવનાની વિદ્વદ્‌ભોગ્ય, અને માર્મિક છણાવટ કરે છે તેની ભૂમિકાથી રજૂ થનાર નૃત્યપ્રયોગ સવિશેષ દીપી ઊઠે છે. આજે તેવી સમજૂતીની ખાસ આવશ્યકતા છે. ભારતીય કલાનાં અંતર્ગત સૌંદર્ય અને હાર્દને સમજવા આવી સમજૂતી ઉપકારક થઇ પડે છે, કારણ તમીળ કે તેલુગુ ભાષા ન જાણનાર વર્ગ માટે તે તે ભાષામાં રજૂ થતાં પદો અને પદોની નૃત્યમય ભાવાભિવ્યક્તિ બન્નેનું સૌંદર્ય આથી સમજવાં સરળ થઇ પડે છે. આમ, આ ત્રણેય કલાકારોના પરસ્પર સહયોગથી નૃત્યકળાની સમુચિત રજૂઆત થાય છે.

આ તો થયો ત્રણે વ્યક્તિઓનો પરિચય. હવે આપણે કુમારી યામિનીની નૃત્યકલાનો પરિચય કરીએ. એમનાં નૃત્યો જોતાં તરત અનુભવ થાય છે કે આ કોઇ સાધારણ નૃત્યાંગનાનાં નૃત્યો નથી. તમીળ કે તેલુગુ ભાષા ન જાણીએ તો ય એમનાં નૃત્યોમાં એવું કયું તત્ત્વ રહ્યું છે જે આપણને મુગ્ધ કરે છે? યામિનીની નૃત્ય-કારકિર્દીનો અત્યંત તેજસ્વી તબક્કો છે. પ્રત્યેક નૃત્યાંગનાના જીવનમાં એવો સમય આવે જ છે. આ યુવાન કલાકારનું યૌવન સોળે કળાએ પાંગર્યું છે. એ યૌવનની મત્ત છટા તેમનાં નૃત્યોને વિશેષ આકર્ષક બનાવે છે. આ દાહક સૌંદર્યથી પ્રેક્ષક પણ હેરાન થઇ ઊઠે એટલી હદે નૃત્યકલા પર એમની આ ઈશ્વરદત્ત બક્ષિશની અસર પડે છે.

પણ ગુણપક્ષે ગણાય તેવી આ સહજરીતે ઉપકારક થતી નિસર્ગદત્ત કુદરતી ભેટ એમને માટે નૃત્ય કરતી વખતે 'ચૅલેન્જ'રૂપ પણ ગણાવી શકાય; કારણ પોતાના આવા દાહક યૌવનની ઉપરવટ થઇને એમને ભાવકોને પોતાની નૃત્યકલાનો સાક્ષાત્કાર કરાવવાનો રહે છે. શ્રીમતી બાલાસરસ્વતીનું વય તો આજે ચાલીસથી ય વધારે છે. એમનું શરીર સ્થૂળ છે; અને વળી તેઓ રૂપાળાં કહી શકાય તેવાં યે નથી; તો પણ જ્યારે તેઓ પદમની રજૂઆત કરી જે અપૂર્વ અભિનયસૃષ્ટિ રચે છે ત્યારે એનાં પરિબળો સ્થૂળતા કે સાધારણ રૂપને અતિક્રમી જાય છે. અને ત્યારે ભાવકોને નૃત્યકલાનો જે સાક્ષાત્કાર થાય છે તે જ શુદ્ધ કલા બની રહે છે. યામિનીમાં નૃત્યાંગના–અને તે ય ઉચ્ચ કક્ષાની નૃત્યાંગના તરીકેની અનેકવિધ શક્યતાઓ છે. આવું સૌંદર્ય પામવું તે કાંઈ સાધારણ વાત નથી. પણ એમનાં નૃત્યોને ઓપ આપતું એ સૌંદર્ય

મર્યાદા પણ બની રહે છે. ગુણપક્ષે મળેલા આ સૌંદર્યનું વખત જતાં કલામાં રૂપાંતર થતાં તે સહાયભૂત તત્ત્વ બની રહેશે અને ત્યારે એમની કલા ટોચે પહોંચશે.

યામિનીના શુદ્ધ નૃત્તને જોવું એ પણ એક લ્હાવો છે. ભરત નાટચમની અંતર્ગત વિદ્યુત્સમ ચપળતાને કેટલી સાહજિકતાપૂર્વક તેઓ ગ્રાહ્ય કરી શકયાં છે તેનો ખરો ખયાલ તો તેમનાં 'નૃત્ત' (પ્યોર ડાન્સ) જોતાં જ આવે. એમનાં ચલન દ્રુત હોય, વિલંબિત હોય કે મધ્યમ, પ્રત્યેક 'અડવુ' (વિવિધ નૃત્યસ્થિતિ)ની રજૂઆતમાં જે આયાસરહિતતા દેખાય છે તે લાંબા કાળની તપશ્ચર્યાને અંતે જ તેઓ કેળવી શકયાં છે. ઘણી વાર લાગે કે દ્રુત લયમાં તેઓ અતિરેક કરે છે. પરંતુ તાલની ચોક્કસાઈ ને 'તિરમાનમ્' (કવિતામાં જેમ અંતરો પૂરો થાય ને ફરી ધ્રુવપંક્તિ આવે તેવાં નૃત્ય-આવર્તનો)ની સફાઇદાર રજૂઆત જોઇએ ત્યારે તેમાંનું દોષરહિત લાલિત્ય જોતાં આવી રજૂઆત આશ્ચર્યમુગ્ધ કરી મૂકે. એક પછી એક ક્રમિક આવતાં 'અડવુ'ની ગૂંથણી, તાલ જોડે પદચલનની એકવાકયતા, અને આવર્તનમાંની સહજ સ્વસ્થતા તેમનાં નૃત્તનાં આકર્ષક અંક બની રહે છે. શરૂઆતથી જ 'કલાક્ષેત્ર' જેવી નૃત્ય-સંસ્થામાં નૃત્ય શીખતાં પાયો કેવો દઢ નંખાયો છે તેની પ્રતીતિ તેમનાં નૃત્યો જોતાં તરત થાય છે. એમના જ્ઞાનની ગ્રહણશીલતા કેટલી ચીવટપૂર્વકની હશે તેનો પણ એમનાં નૃત્યો જોતાં ખયાલ આવે છે.

અભિનય વિભાગમાં, અને વિશેષ તો કુચીપુડી નૃત્યના અભિનય વિભાગમાં યામિનીની કલા પૂર બહારમાં ખીલે છે. નાયકને રીઝવતી મિલનોત્સુકા નાયિકાના વિવિધ શૃંગારભાવોમાં તેઓ ખંગ વાળી દેછે! અધરોષ્ઠનું કંપવું, નેત્રનાં સ્ફુરણો, લજ્જાભિભૂત થવું, પ્રણયીની સન્મુખ નત મસ્તકે લલિત ત્રિભંગમાં ઊભા રહેવું, જમીન પર બેસી નખ વડે જમીન ખોતરવી, ઘડીમાં રિસાવું, છણકાવું, લુચ્ચું હાસ્ય ફરકાવવું, પ્રેમીજન પર કામણ કરવું અને પછી આત્મવિશ્વાસપૂર્વક વિજયસ્મિત કરી આનંદવિભોર થઇ નૃત્ય કરવું, વગેરે કંઇ કેટલા ય સૂક્ષ્મ ભાવોની વિવિધ છાયાઓને સંચારી ભાવ દ્વારા બહેલાવવામાં યામિનીના અભિનયનું ઊંડાણ જોઇ શકાય છે.

આ નૃત્યપ્રયોગમાં, અગાઉ ઉલ્લેખ કર્યો તે તેમનું નૈસર્ગિક સૌંદર્યતત્ત્વ પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એને કારણે એ સમગ્ર પ્રક્રિયાને જાણે એક વિશેષ પરિમાણ સાંપડે છે. પરિણામે તેમનાં નૃત્યો ભાવકોનાં ચિત્તને પ્રસન્નપ્રસન્ન કરી મૂકે છે. આ શૃંગારભાવની અભિવ્યક્તિ કોઇ નિમ્નતર ભૂમિકાની બની રહેતી નથી; પ્રેક્ષકો-ભાવકોની હલકી વૃત્તિઓને છંછેડે તેવો પણ આ શૃંગાર નથી હોતો; બલ્કે શુદ્ધ કલા પ્રીત્યર્થ થતી સાધનાની દ્યોતક ઉચ્ચ ભૂમિકાએ લઇ જતો સાત્ત્વિક શૃંગાર એમાં અનુભવી શકાય છે. તેમાં દુન્યવી ભોગલિપ્સા કે વિષયવાસનાના અણસાર નથી જણાતા બલ્કે ઊર્ધ્વ સ્તરે લઇ જાય તેવા (સબ્લાઇમ) સૂક્ષ્મભાવની ભાવાભિવ્યક્તિ તેમાં જોઇ શકાય છે.

એમની શુદ્ધ નૃત્ત અને ભાવાભિનયની તસ્વીરો એમનાં નૃત્યના તો કિંચિત સૌંદર્યને જ પ્રગટ કરી શકે છે. કલાના વિવિધ ક્ષેત્રે કયારેક ને કયારેક અત્યંત તેજસ્વી કલાકારનું વિશિષ્ટ પ્રદાન નજરે ચડે છે. આજે ભારતીય નૃત્યોની ચડતી દશામાં આવાં સન્નિષ્ઠ અને પ્રતિભાશાળી કલાકાર ભારતને સાંપડયાં છે તે ગૌરવની વાત છે. ભરતનાટચમનાં શ્રેષ્ઠ કલાકાર શ્રીમતી બાલાસરસ્વતીએ એમને વિષે યથાર્થ જ કહ્યું છે કે 'યુવાન પેઢીનાં કલાકારોમાં પરંપરાગત શાસ્ત્રીય નૃત્યનાં કુમારી યામિની શ્રેષ્ઠ કલાકાર છે.' એક મહાન કલાકાર જ્યારે પરંપરા સાચવનાર બીજા કલાકારની શક્તિઓ પ્રીછી આવા પ્રત્યોદ્ગાર કાઢે છે ત્યારે આવી ઉચ્ચ કલાના ઊજળા ભવિષ્યની શ્રદ્ધા દૃઢ થાય તેમાં શી નવાઇ?

મનોજ બસુ

મુકુંદ માસ્તર

મિ. એ. કે. ભડ, એમ.એ.,બી.ટી. શિક્ષણશાસ્ત્રની છેલ્લામાં છેલ્લી પદ્ધતિઓમાં પારંગત હેડમાસ્તર છે. બુશશર્ટ ને પૅન્ટ પહેરી શાળાએ આવે છે. બીડી નથી પીતા—નિશાળના સમય બહાર મોંમાં ચિરૂટ હોય છે. શાળાના કૉમ્પાઉન્ડમાં પેસતાં જ ચિરૂટ ઠારી નાખી એક નકશીદાર ડબ્બીમાં મૂકી દે છે. આવ્યાને ત્રણ મહિના થયા છે, એટલામાં તો શાળાની આખી કાયાપલટ થઈ રહી છે. શિક્ષકો-વિદ્યાર્થીઓ સૌ હેરાનહેરાન થઇ ગયા છે.

માત્ર ઉગ્રપ્રતાપ મુકુંદ માસ્તર જ એકલા પહેલાં જેવા રહ્યા છે. વિદ્યાર્થીઓ તો એમનાથી વાઘથી થથરે એમ થથરે છે. ત્રીસ વર્ષથી એ આ નિશાળમાં અંગ્રેજી શીખવે છે. ઘરડા થઈ ગયા છે ને માથાનો વાળ એકે કાળો નથી રહ્યો. પણ હજી બીજાં ત્રીસ વર્ષ સુધી શીખવતા રહેવાની ઇચ્છા રાખે છે. નવા હેડમાસ્તર ચિડાઇ ગયા છે. કહે છે: 'જૂની ઘરેડનો આદમી; મૅટ્રિક થએલો; એને તે વળી આવડે શું તે ભણાવે? એમને વિદાય કરવા જ પડશે.'

વાત મુકુંદ માસ્તરને કાને પહોંચી, પણ એમણે કાંઇ કોઠું આપ્યું નહિ. કહ્યું: 'વિદાય તો લેવાની જ છે ને એક દી? સદાને માટે અહીં કોઈ બેસી રહેવા આવ્યું છે? દુનિયામાંથી વિદાય લેવા સાથે નિશાળમાંથી પણ લઇ લઈશ. એ પહેલાં મને કોણ કાઢી શકવાનું છે?'

અકળાઈને હેડમાસ્તરે મુકુંદ માસ્તર સામે રીપોર્ટ કર્યો: 'એક તો ઓછું ભણેલા છે; ને વળી સોટી લઇને વર્ગમાં જાય છે. જરા પણ લખવાવાંચવામાં આડુંઅવળું થયું કે બસ છોકરાઓને ઝૂડી જ નાખે છે. તે દહાડે કમિટીના પ્રમુખ સાહેબના જ છોકરાનો કાન એટલા જોરથી ખેંચ્યો કે અંદરથી લોહી નીકળ્યું.'

કમિટીના એક સભ્ય સત્યભૂષણ મુકુંદ માસ્તરના વિદ્યાર્થી હતા. એમના પિતા પણ માસ્તરના હાથ નીચે ભણેલા. રિપોર્ટ વાંચતાં વેંત દોડયા માસ્તરને ઘેર: 'માસ્તર સાહેબ, આપત્તિ આવી પડી છે.'

માસ્તર પરીક્ષાના પેપર તપાસતા હતા. સત્યભૂષણે આખી વાત માંડીને કહી સંભળાવી. વાત પૂરી થઈ, પણ માસ્તર તો ઊંધું ઘાલીને માર્ક જ મૂકયે ગયા. અકળાઇને સત્યભૂષણ બોલ્યા, 'માસ્તર સાહેબ, જરા મારી વાત તો સાંભળો.'

ફરી એમણે આખી વાત અથેતિ કહી સંભળાવી. આ વખતે જવાબ ભભૂકી ઊઠયો: 'આટલું સહેલું ડિક્ટેશન, ને એમાં બાર ભૂલ! કાન તદ્દન તોડી ન નાખ્યો એનો પાડ માનવો જોઇએ.' એટલું બોલતાંમાં તો એમનાં ભવાં એવાં ચડી ગયાં કે સત્યભૂષણને પોતાનો વિદ્યાર્થીકાળ યાદ આવી ગયો! આગળ કાંઈ બોલવાનું સાહસ જ એ કરી શકયા નહિ.

કમિટીની મીટિંગમાં મુકુંદ માસ્તરવાળી વાત નીકળી. પ્રમુખ સાહેબ હેડમાસ્તર સાથે સંમત થયા: 'હવે માસ્તર સાહેબે નિવૃત્ત થવું જોઇએ.'

સત્યભૂષણે કહ્યું: 'બહુ જૂના શિક્ષક છે. એકતરફી વાત પર પગલું લેવું ઠીક નહિ. એમની વાત પણ સાંભળવી જોઈએ.'

મુકુંદ માસ્તરને બોલાવવામાં આવ્યા. એમના હાથમાં રીપોર્ટ મૂકીને પ્રમુખ સાહેબે કહ્યું: 'વાંચો આ...'

સત્યભૂષણે કહ્યું: 'જરા ધ્યાનપૂર્વક વાંચજો માસ્તર સાહેબ. પછી તમારી હકીકત પણ સાંભળીશું.' માસ્તર રીપોર્ટનો શબ્દેશબ્દ ધ્યાનપૂર્વક વાંચી રહ્યા. હેડમાસ્તરે પૂછ્યું: 'કેમ, બરાબર છે ને?'

માસ્તરે ડોકું ધુણાવી કહ્યું: 'ઊં...હું...'

ટેબલ પર પેન્સિલ પડી'તી. એને ઉપાડીને એમણે તો અંદરની ભૂલો પર ધચાંધચ ચોકડીઓ મૂકવા માંડી. પછી બોલ્યા: 'પ્રેપોઝિશનની ભૂલો...વધારાના ખોટા 'ધી' લગાડચા છે...ટેન્સમાં પણ ભૂલો કરી છે...'

પ્રમુખ સાહેબ અકળાઇને બોલ્યા: 'તમારે શું કહેવાનું છે, એ કહોને માસ્તર?'

મુકુંદ માસ્તરે કહ્યું: 'દસમાંથી ચાર માર્ક આપી શકું. ખેંચી તાણીને માંડ પાસ માર્ક મળી શકે; એથી વધારે નહિ.'

('ત્રિપથગા'માં આવેલા હિંદી ઉપરથી અનુવાદ)

હું રજા પર ઊતર્યો

લેખક · **નીલકંઠ વત્સરાજ** એમ.એ.

મારું ચીડિયાપણું વધી ગયું હતું. નકામી બાબતો પર ધુરકિયાં કરવાનાં શરૂ થયાં હતાં. ક્ષુલ્લક પ્રસંગો પર ટપાટપી થતી હતી. એવામાં સલાહ મળવા લાગી કે મારે રજા પર ઊતરી જવું જોઇએ. શરીર પણ નંખાઇ ગયું છે. છેલ્લાં બેત્રણ વર્ષથી બિલકુલ આરામ કર્યો નથી. રજા લેવાથી બધી તકલીફ દૂર થઈ જશે.

સલાહમાં મને તથ્ય લાગ્યું. હેતુહીન ઉશ્કેરાટ, બળાપો અને શારીરિક તથા માનસિક થાક હવે વિશ્રાન્તિ માગી લેતાં હતાં. આખરે મેં એક માસની રજા લીધી.

રજા! એક અઠવાડિયા પછી રજાના દિવસો શરૂ થતા હતા. મનમાં અનેક જાતની ગડમથલ શરૂ થઈ ગઈ. મહાનદી પર પુલ બાંધવો હોય, પહાડમાંથી રેલમાર્ગ કોરવાનો હોય કે ચાળીસ-પચાસ માળનું મકાન બાંધવાનું હોય અને ઈજનેરો જે રીતે 'પ્લાનિંગ' કરે, તેમ હું મનમાં અનેક પ્રકારનાં પાટિયાં ગોઠવવા લાગ્યો. હવે તો ઑફિસનાં કામકાજમાં પણ ચિત્ત ન રહેતું. અવારનવાર બેધ્યાન થઇ જતો અને કામમાં નજીવી ભૂલો થવા માંડી હતી.

પૂના જાઉં કે મહાબળેશ્વર? ઊટી કે હુમ્મસ? આબુ કે મસૂરી? કાંઈ ઘડ બેસતી ન હતી. ખર્ચનો અંદાજ કાઢચો ત્યારે એક જ વસ્તુ ધૃષ્ટતાપૂર્વક આગળ આવીને ઊભી: 'રજા ઘરમાં જ ગાળવી.'

જોકે બહારગામ જવાનો ભૂતિયો વિચાર વારંવાર દેખા દેતો હતો; પરંતુ મનને વાર્યા વિના છૂટકો જ ન હતો. ઘરમાં જ ઉત્તમરીતે રજા ગાળવાના નિશ્ચય પર આવ્યા પછી મનને જરા નિરાંત થઈ અને અષાઢના પ્રથમ મેઘની જેમ રજાની શરૂઆત થવાની આતુરતાપૂર્વક રાહ જોવા લાગ્યો.

મનમાં નક્કી કર્યું હતું કે સમયની લેશ પણ પરવા કર્યા વિના શાહજહાંની જેમ સવારે મોડામાં મોડી તકે જાગવું, દાતણપાણીમાં દોઢ કલાક ગાળી નાખવો. છાપામાંથી દુનિયાની માત્ર પરિસ્થિતિનું સિંહાવલોકન કરવાને બદલે બારીકીથી તેમાં ઊંડો ચંચુપાત કરવો. ઉપરાછપરી ચાના કપ ગટગટાવવા અને મન ફાવે ત્યારે સ્નાન-ભોજન કરવાં. એ પછી બેત્રણ કલાક આડા પડવું. આરામખુરશી પર શરીર લંબાવીને ડિટેક્ટિવ નવલકથાની લિજ્જત ઊડાડવી. વાર્તામાં રસ ન પડે તો મોટેથી ગીતો લલકારવાં. અને છેવટે સાંજ પડે ત્યારે દરિયે ફરવા જવું. રાત્રે મિત્રમંડળ સાથે ગંજીપાની રમત અથવા ટોળટપ્પાં, અને ઈરાનના શહેનશાહની જેમ રાત્રિના બાર-એક વાગ્યે આરામથી પોઢી જવું. રજામાં કરવા યોગ્ય સૌથી મોટું કામ તે આરામ! કામને હરામ માની બસ આરામ જ લેવો.

પણ રજા પાસે આવતાં તેનો મીઠો તરવરાટ એકાએક અદશ્ય થયો અને તેને આગલે દિવસે કૈંક અવર્ણનીય માનસિક ઉચાટ થવા લાગ્યો. મેં ઘડેલી યોજના હવે હાસ્યાસ્પદ લાગવા માંડી. એ વિચારો કરતી વખતે અવશ્ય કોઈ મહામૂર્ખ ભૂત મારી કાંધ પર બેઠું હોવું જોઇએ. એકત્રીસ દિવસનો અમૂલ્ય સમય ભાજીપાલાની જેમ ઊગવામાં ગાળવો એ કેટલી બેવકૂફી! ક્યાંકથી એક ગીત મનમાં ગુંજવા લાગ્યું:

પ્રાણી તેરો અવસર બીતો જાય.
ઇસ કાલકી હેરા ફેરી મેં તેરો અવસર બીતો જાય.

એક પ્રખર ફિલ્સૂફની અદાથી મેં આખી યોજના ફેરવી નાખી. સવારે પાંચ વાગ્યે ઊઠી ફરવા જવું. આવીને વ્યાયામ કરવો. એ પછી સ્નાનાદિથી પરવારી ભગવદ્ભજન કરવું. ધ્યાનમાં બેસવું. હર ઘડી હર પળ સમયનો પૂરતો ખયાલ રાખવો. એક ક્ષણ પણ નિષ્ફળ ન જવા દેવાની તકેદારી રાખવી. પોતાની જાતને, સમાજને અને દેશને વધુ ઉપયોગી થવાના અથાક પ્રયાસ કરવા. કલાવિષયક પરિશીલન કરવું. કેટલા યે સમયથી તરછોડાએલા પડેલા સિતારમાં સંજીવની પૂરી એના તારે તારને ઝંકૃત કરવા અને સંગીતના સાગરમાં આનંદવિભોર થતાં ઈશ્વરનો આભાર માનવો કે આ મનખાદેહને પરિપૂર્ણતાને શિખરે પહોંચવાની એણે અનેરી તક આપી.

...મારી યોજના કદાચ વધુપડતી સુંદર હશે! રજા પૂરી થવાને આગલે દિવસે મારી દશા વરસાદમાં ભીંજાએલા કાગડા જેવી હતી. એક બુદ્ધિમાન વ્યક્તિની રીતે રહેવાને બદલે તુચ્છતાના તાર પર સદાસુષુપ્ત ચામાચીડિયાની જેમ હું ઊંધે માથે લટક્યો હતો, કારણકે ધાર્યું હતું તેનાથી સઘળુ ઊંધું જ થયું હતું.

આખરે પહેલી જ યોજના અમલમાં મુકાઈ હતી!

આવતી કાલે પાછું કામ પર જવાનું છે એ વિચારે ટાઢિયો તાવ આવી ગયો. વળી પાછી દોડધામ, રેલવેની મુસાફરીની ધમાચકડી, શરીરની નસેનસને ઢીલી કરી નાખતો કાળમુખો અપરાજિત માનસિક ઉચાટ...આવતી કાલથી સદૈવ ચાલતાં કાળનાં વિષચક્રોમાં મારે ફરીથી પિસાવા જવાનું હતું.

એક માસના આરામને લીધે શારીરિક સ્વાસ્થ્ય સુધર્યું હતું, પણ મનની સ્થિતિ વિષમ હતી. રજા એળે ગઈ તેનો ઉચાટ કાળજાને કોરી ખાતો હતો.

રજા પૂરી થઇ અને ફરી પાછું ટ્રામના ઘોડાની જેમ મેં કામ પર જવા માંડ્યું. મને ક્યાં ખબર હતી કે મારી સાથે સર્વસામાન્ય પ્રજ્ઞા પણ રજા પર ઊતરી હતી?

નવલકથાકાર સંમેલન

વિલેપારલે સાહિત્ય સભાના આશ્રયે તા. ૬ઠ્ઠી તથા ૭મી ઑક્ટોબરે વિલેપારલેમાં દશરથલાલ જોશી રોડ ઉપર 'સરલા સર્જન' હૉલમાં નવલકથાકાર સંમેલન યોજવામાં આવ્યું છે, જેનું ઉદ્‌ઘાટન શ્રી કનૈયાલાલ મુનશી કરશે અને શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' પ્રમુખસ્થાન લેશે. સંમેલનમાં ચર્ચા માટે (૧) નવલકથા અને સમાજ: પરસ્પરની એકબીજા પર અસર (૨) નવલકથાનું સ્વરૂપ-ઘડતર અને વિકાસ તથા (૩) નવલકથા: વર્તમાન પરિસ્થિતિ, એમ ત્રણ વિષયો રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત જનસમાજમાં લોકપ્રિય થાય એવો 'મારી કથાઓની સૃષ્ટિ' નામનો કાર્યક્રમ પણ યોજ્યો છે, જેમાં લોકપ્રિય લેખકો ભાગ લેશે. ગુજરાત તથા ગુજરાત બહારના તમામ ગુજરાતી નવલકથા-લેખકોને આ સંમેલનમાં ભાગ લેવા આગ્રહભર્યું નિમંત્રણ છે. પત્રવ્યવહાર મંત્રી સાથે ૨૯ ઘોડબંદરરોડ, વિલેપારલે (પશ્ચિમ) મુંબાઈ–૫૯/As એ સરનામે કરવો.

જીવનપટનાં સ્મૃતિચિત્રો આત્મકથાનક-૯

લેખક-આલેખક
રવિશંકર રાવળ

૨૮ મહેસાણા

ઈ. ૧૯૦૧ના ઑક્ટોબરની પહેલી તારીખે પિતાશ્રીએ મહેસાણા સબ ડિવિઝનના પોસ્ટલ ઇન્સ્પેક્ટરનો ચાર્જ સંભાળ્યો ને રહેવાના મકાનની ગોઠવણ થતાં જ મોટાભાઈ રતિભાઈ સિવાય અમને ઘરનાં બધાંને તેડાવી લીધાં. ઇન્સ્પેક્ટરોને એ કાળે પોતાની અંગત પસંદગીનો પટાવાળો સરકારી પગારે રાખવાનો અધિકાર હતો, એટલે સગાંમાંથી એક આત્મારામને સાથે લઈ ગયા હતા. આ વખતે કુટુંબે પહેલી જ વાર કાઠિયાવાડની બહાર પ્રવાસ કર્યો.


વઢવાણ જંક્શનથી વીરમગામ સુધી મોટી ગાડી (બ્રોડ ગેઇજ)માં અને ત્યાંથી આર.એમ.આર. (રજપૂતાના માળવા રેલવે)માં નાની ગાડી (મીટર ગેઇજ)માં બદલીને અમે મહેસાણા પહોંચ્યાં.

ત્યારે મહેસાણા થોડા વખત પહેલાં જ વીસનગરને બદલે ગાયકવાડી રાજ્યનું પ્રાંત-મથક થયું હતું અમને સ્ટેશન પાસે સાંકળચંદની લાટીમાં, રસ્તા પર ચારેતરફ બાંધેલાં ઘરોની હારમાં એક ઘર મળી ગયું. ત્યાં ઘણાખરા બહારના સરકારી નોકરો, શિક્ષકો તથા કચેરીવાળા જ રહેતા. અમારી સામે સરસૂબાનું મકાન, ધર્મશાળા, ઇજનેર ઑફિસ તેમજ પોસ્ટ ઑફિસનાં સરકારી મકાનો હતાં. પોસ્ટમેનોથી પોસ્ટ માસ્તર સુધીના સૌ ઇન્સ્પેક્ટરને ઉપરી વર્ગના ગણી તેમનું કામકાજ કરવા ખડે પગે રહેતા. હલકારા અને પટાવાળાઓની ફરિયાદો, ફેરબદલીઓ કે પ્રોમોશન પણ ઇન્સ્પેક્ટર દ્વારા જ થતાં હોઈ અમને દૂર ગામનાં કામકાજ કરનારાની ખોટ ન જણાઈ.

પહેલાં તો બાનાં કાનનાં ઠોળિયાં અને પગનાં ભારે કડલાં જોઈ આસપાસના લોકોને લાગ્યું કે આ કાઠિયાવાડી લોકો જડસા ગામડિયા હશે; પણ બાની સલુકાઈ અને મીઠાશથી પડોશમાં ભીમભાઈ નાયક કરી સૂરતના ગૃહસ્થ હતા તેમનાં પત્ની મંછાબહેન સગીબહેન જેવાં બની ગયાં અને સુખદુઃખનાં સાથી થઇ રહ્યાં. તેમના મોટા પુત્ર લાલભાઈ પરણેલા હતા અને નાના ગુલાબભાઇ ભણતા હતા. લાલભાઇ નાટકના ઘણા શૉખીન હશે, એટલે તેમણે નાટકોની ઘણી ચોપડીઓ એકઠી કરેલી. તે બધીમાં નાટકના ટૂંક સાર આપેલા તે હું વાંચી ગએલો. ગાયનોમાં ગમ તો પડે નહિ પણ લાલભાઈ જાતજાતના રાગોઃવાળાં ગાયનો બોલ્યા કરે તેની લીટીઓ યાદ થઈ જતી.


શ્રી હરિલાલ ભગવતી

અમારી બીજી બાજુ હરિલાલ ભગવતી માસ્તર રહેતા. તેમના પુત્ર નટવરલાલ ભગવતી મારા જેવડા જ હશે. તેમની મને ઠીક સોબત મળતી. તેમને નવાં મા હતાં. ભગવતી માસ્તરનું શિસ્ત ઘણું આકરું. અમને બાળકોને તેમની ઘણી ધાસ્તી રહેતી. એ ભગવતી કાકાએ મને સાથે લઈ જઈ મહેસાણાની સરકારી નિશાળના પહેલા ધોરણમાં દાખલ કરાવી દીધો. તે


નાની ઉંમરમાં મારી ને મણિલાલની
ઠેકડા મારવા તથા કસરતોમાં
સારી નામના હતી.

પોતે ચોથું ધોરણ ભણાવતા. પહેલા ધોરણમાં અમદાવાદના અંબાલાલ કરીને યુવાન માસ્તર હતા. હેડ માસ્તર તરીકે વીસનગરના મણિભાઈ કરીને એક વયોવૃદ્ધ નાગર હતા. એ બધા સમાજપ્રેમી, સંસ્કારશીલ ને મળતાવડા માણસો હતા.

અંગ્રેજી શાળા ચાર કે પાંચ ધોરણ સુધીની હતી. પહેલી અંગ્રેજી સાથે પાંચમી ગુજરાતીના અને બીજી અંગ્રેજીમાં સાતમી ગુજરાતીના વિષયો ચાલતા. ગુજરાતી શાળામાં વિદ્યાર્થીઓ છઠ્ઠી અને સાતમી ચોપડી ભણી શાળાન્ત પરીક્ષા આપીને ગુજરાતી શિક્ષકો તરીકેની નોકરી મેળવતા. ગુજરાતી ચોપડીઓ બધે જ સરખી હતી. જૂની 'હોપ વાચનમાળાની' છઠ્ઠી ચોપડી મારે ચાલતી. તે છેક મારા કાકા ને પછી મોટા ભાઇ ભણી રહેલા તેમ સચવાતી આવેલી મને મળેલી. બધાં જ કુટુંબોમાં આ રીતે ભણાઈ ગએલી ચોપડીઓ સાચવી રાખવાનો ખટકો રહેતો. વેલ્સની પાઠમાળા ભાગ પહેલો, નળાખ્યાન, પ્રાઈમર વગેરે ચોપડીઓ હતી. દલપતરામ કવિની રચેલી કવિતાઓ 'રળિયામણી ગુજરાત જોવા જોગ જેવી જાણજો' ને 'જાનેવારી જાણજો ફેબ્રુઆરી ફરી હોય, માર્ચ એપ્રિલ મે પછી જૂન જુલાઈ જોય' વગેરે કવિતાઓ આખી મુખપાઠ કરવી પડતી. ('ઘણાં વર્ષ જીવો વિક્ટોરિયા' આ જ ચોપડીમાં છાપેલી હતી, પણ ૧૯૦૧ના જાન્યુઆરીની ૨૧મીએ તે ગુજરી ગયા પછી પડતી મુકાએલી.) ઉપરાંત નળાખ્યાનની પ્રથમ બસો લીટીઓ અર્થ સાથે ગોખી નાખવાની હતી, જેમાંની ઘણી લીટીઓ આજ સુધી યાદ રહી છે.

૨૯ નિશાળ અને મિત્રો

મહેસાણા મને બહુ ગમી ગયું. જંક્શનનું સ્ટેશન પાસે જ હોવાથી રાતદિવસ આવતી-જતી ગાડીઓ જોવા અમે નાનાં છોકરાં નીકળી પડતાં. સામે ધર્મશાળામાં જાતજાતનાં પ્રવાસીઓ આવતાંજતાં. નિશાળમાં નવાનવા દોસ્તો થયા. મણિલાલ કરીને એક ઊજળો પાતળો છોકરો મારો મિત્ર થયો હતો. દેત્રોજથી એક ઊંચો કાળો બ્રાહ્મણ વિદ્યાર્થી રોજ ટ્રેઇનમાં ભણવા આવતો, તેને અમારા માસ્તર મા'રાજ કહીને જ બોલાવતા. એક સુતાર મિત્ર નજીકમાં રહેતો, તેના બાપાના કારખાનામાં થતું કામ જોવામાં મને બહુ રસ પડતો.

મારા ક્લાસના માસ્તર અંબાલાલ સાહિત્ય અને સંગીતના રસિયા હતા, એટલે ગુજરાતી કવિતાઓ બરાબર ઢાળ અને તાલમાં ગવડાવતા ત્યારે કવિતા ગાતાં મઝા મળતી. મને અને મણિલાલને 'રળિયામણી ગુજરાત'નો હરિગીત છંદ બહુ જ ફાવી ગયો હતો અને અમે બંને સાથે ગાતા ત્યારે માસ્તર ખુરશીના હાથા પર તાલ દેતા.



અંબાજીને
રસ્તે

મહેસાણાની શાળામાં મારા પોશાકમાં મોટો ફેરફાર થયો. મુસલમાન કે પારસી સિવાયના છોકરાઓ ધોતલીઓનો કચ્છ મારી પહેરતા; વાણિયા કાછડી ખોસી છૂટી પાટલી રાખતા. મેં પણ ગાંઠ મારીને પોતડી પહેરવાનું શરૂ કર્યું. સાદો કોટ પણ રોજ પહેરતો થયો. સાંજે વ્યાયામશિક્ષક કસરત કરાવે તે વખતે બધા સાથળ સુધી કાછડો મારી દેતા. નાની ટોળીમાં મારી ને મણિલાલની જોડી ગુલાંટો તથા કમાનોથી સૌમાં આગળ રહેતી. ધીમેધીમે હું સિંગલ બાર ઉપર ચકરી લેતાં પણ શીખ્યો હતો.

૩૦ કાકા સાથે અંબાજીની યાત્રા

એવામાં ઈસ્ટરની રજાઓ આવી ત્યારે ભાવનગરથી કાકા તેમના ખોટના ઊછરેલા કીકાના વાળની બાધા અંબાજીમાં ઉતરાવવા રેલવે-પાસમાં મોટા ભાઇને સાથે લઇને આવ્યા. તેમની ઑફિસના બીજા બેત્રણ મિત્રો પણ સાથે નીકળ્યા હતા. દીનાનાથભાઈ, પીતાંબરદાસ અને સંત એવાં એમનાં નામ પણ યાદ છે.

આટલા બધા સાથે માનો અને મોટાભાઈને જોઇ હું રાજી થઇ ગયો. ઘરમાં રસોઈ કરનાર અને કામ કરનારા પટાવાળા હતા, એટલે બાને કશી મૂંઝવણ ન લાગી. એકાદ દિવસનો આરામ લઈ આ સંઘ સવારની ગાડીમાં અંબાજી જવા ઊપડચો તેમાં મને પણ સાથે લીધો.

એ કાળે અંબાજીનો માર્ગ ખરેડી સ્ટેશને ઊતરીને ગાડાં કરીને કે પગરસ્તે પહોંચવાનો હતો અને રસ્તો જંગલો વચ્ચે પહાડીઓ પરથી જતો હતો, એટલે જંગલી જાનવરોનો ભય રહેતો. માણસો ટોળાંમાં જ ચાલતાં. સાથે ભવડાં કે ભીલ જાતિનો એક તીરકામઠાંવાળો રખોપિયો લેતાં. એમાંના કેટલાક પગરસ્તાના મુસાફરોનો સામાન ઉઠાવવાની મજૂરી પણ કરતા. એ કહેતા કે એમની ગંધથી વાઘ નાસી જાય છે. કાકા અને તેમના મિત્રોએ યાત્રાનું પુણ્ય મેળવવા ચાલીને જવાનું પસંદ કર્યું. સામાન ઉઠાવનારાં બેત્રણ ભવડાં બાંધી લીધાં. કીકા અને મારા માટે એક ટટ્ટુ ભાડે કરી લીધું.

અંબાજીમાં પૂનમનો મેળો હતો, એટલે ગાડાં મળવાનું દુર્લભ પણ હતું. રસ્તે થોડુંઘણું ટીમણ કરેલું તેના આધારે ખેંચાતા થાકતા છેક સમી સાંજે અમે અંબાજી પહોંચ્યા. ભાગોળે સામાન મૂકી ધર્મશાળામાં જગ્યા શોધવા બે જણ જઈ આવ્યા પણ નિરાશ થઇ પાછા આવ્યા. પૂનમની યાત્રાને લીધે બધી જગ્યાઓ ખીચોખીચ ભરાઇ ગઈ હતી. છતાં એક ઘણી સારી વાત નક્કી કરી આવ્યા હતા.


પૂનમની બાધાઓ ઊજવનારાઓને બ્રહ્મભોજન કરાવવા માટે બ્રાહ્મણો પૂરા મળતા નહોતા. કોઇક શ્રીમંતે રસોઈ કરાવી હતી, પણ ભર્યા પેટવાળા બ્રાહ્મણો દક્ષિણા લઇ ચાલતા થયા હતા એટલે ઘણી રસોઇ વધી હતી. તે જમાડવા ભૂખ્યા બ્રાહ્મણો શોધતો શેઠનો માણસ તેમને મળી ગએલો. એમને ચાલ્યા આવતા જોઈ પૂછ્યું તમે બ્રાહ્મણ છો? અને ‘હા’ સાંભળતાં તેણે સૌને માટે જમવાનું તૈયાર છે કહી આમંત્રણ આપ્યું હતું, એટલે તેનો સ્વીકાર કરી ઠેકાણું જાણી લીધું હતું. હવે મુશ્કેલી રહી હતી સામાન રાખવાની અને રાત રહેવાની; પણ અમારા મજૂરે પોતાની ઝૂંપડીમાં જ મુકામ ગોઠવી આપ્યો અને સરસામાનની સંભાળનો પાકો વિશ્વાસ આપ્યો એટલે સૌ મુગટા પહેરીને એક ધર્મશાળામાં જ્યાં જમવાનું હતું ત્યાં પહોંચી ગયા.

૩૧ ભવાઈ

ત્યાં જાણ્યું કે રાત્રે માતાજીના ચોકમાં ભવાઈ થવાની છે. અંબાજીની ભવાઇ વખણાતી. કૈક ભવૈયાઓ પ્રથમ માતાજી આગળ વેશ કર્યા બાદ જ બહાર ટોળી લઈ નીકળતા; તેમજ ગુજરાતના નાગર બ્રાહ્મણ કે બીજી કોમોનાં કુટુંબોમાં પણ સંતાનની ખોટ જણાય ત્યારે બાધા લેતા કે પહેલા બાળકના વાળ પહેલીવાર માતાજી આગળ ઊતરાવીશું, અગર મોટો થશે ત્યારે દર સાલ માતાજીને પારે આવી ચૂંદડી-ચણિયો પહેરી માતાજી સામે નાચશે. કેટલાંક કુટુંબોમાં વર્ષોવર્ષ આ રીતે અંબાજી આવવાનો કર ચાલતો હતો.

ઠંડીની મોસમ હતી, પણ અમારી મંડળીને બીજું કામ નહોતું અને અંબાજીની ભવાઈ જોવાનો રસ જાગ્યો હતો, એટલે માતાજીના ચોકમાં એક બાજુના ઓટલા પર સૌ ગોઠવાઇ ગયા. ગણપતિના વેશથી આરંભ થયો. એવામાં પરદેશી ભૈયાનો વેશ આવ્યો તે વખતે મારા કાનમાં એકાએક સણકા શરૂ થયા અને મેં મોટાઓને અકળાવવા માંડયા. કોઈને ભવાઈ છોડી દેવાનું મન નહોતું, પણ કાકાને મારા માટે ચિંતા થઈ. છેવટે કોઈએ ઇલાજ સુઝાડયો કે બાળકનું મૂત્ર સણકા બંધ કરે છે; એટલે મને ઊંચકીને ચોકમાંની ધર્મશાળામાં પાછલી બાજુ લઈ ગયા અને એક કાચલી શોધી તેમાં મને પિશાબ કરાવીને ખોળામાં સુવાડી પોતાના હાથની અંજલી વતી તે મારા કાનમાં રેડચો. મને જરા રાહત થઇ, એટલે ફરી મંદિરના ઓટલે લાવ્યા.

એ વખતે સવાર પડી જવા આવી હતી અને રામ-રાવણનો વેશ શરૂ થયો હતો. રામ-લક્ષ્મણ સીતાને શોધવા નીકળ્યા હતા. રાવણ યુદ્ધે ચડચો હતો તેના હાકોટા અને બૂમાબૂમ સંભળાયાં. રામ-લક્ષ્મણે ધનુષ તૈયાર કર્યાં. તેમની આડા મોટા વાંસડા બંધાયા. ત્યાં સામેની બાજુ બે પડખે બાવડેથી દોરડાં બાંધેલા ને પાછળનાં માણસોને ખેંચતા મોટાં થોભિયાં ને મોટાં ભત્રાંવાળા રાવણે બે હાથમાં ખુલ્લી



તલવારો ઘુમાવતાં ભવાઈની નૃત્યકળાથી તોફાન અને ગભરાટનું વાતાવરણ જમાવ્યું. લોકો કહેતા હતા કે તેનાં બાવડાંનાં દોરડાં જો છૂટે તો કોઇને મારી બેસે એટલો આવેશ તેનામાં થયો છે. અજવાળું થયું તેમ લોકો વેરાતા ગયા, પણ ભવાઈ તો ચાલુ રહી હતી. હવે કુંભાર-કુંભારણનો વેશ આવ્યો હતો, પણ મારા વડિલોએ તેમાં કંઇ ભૂંડા ચાળા જોયા એટલે અમને લઈને મુકામના ઝૂંપડે પહોંચી ગયા.

નાહીધોઇ, અબોટિયાં પહેરી, શાલ ઓઢી અમે માતાજીની પૂજા અને દર્શન કરવા ગયા. બ્રાહ્મણોને જ પ્રતિમા પાસે જઈ પૂજા કરવાનો અધિકાર હતો. મૂર્તિ હતી કે નહિ તે સમજાતું નહોતું. વસ્ત્રોઅલંકારોનો ઠાઠ, દીવીઓ, ધૂપ, કંકુના ઢગલા એટલું યાદ રહ્યું. પણ ભક્તોના ભાવો, ગીતો, ઘંટાઓ અને ઝાલરોના અવાજો તથા આરતીમાંથી માતાજીના રૂપની જે છાયા ઊભી થતી તેની છાપ પડયા વિના રહેતી નહિ. 'જયો! જયો! મા જગદંબે!' એમ બોલતાં મહાશક્તિની જ આરાધના થતી લાગતી. પૂજારીએ કાતરથી ફીકાના વાળની લટ લઇ માતાજી આગળ મૂકી એટલે બહાર આવી તેનો ચોટલો ત્યાના હજામ પાસે સાફ કરાવી મૂંડો બનાવ્યો, અને સ્નાન કરાવી મંદિરના મુખ્ય ગોર પાસે બાધાની દક્ષિણા મૂકી. એમાં પણ બ્રાહ્મણો માટે તકલીફ નહોતી, પણ અન્ય વર્ણો પાસેથી તો મોંમાગ્યા કર લેવાતા.

જાત્રાએ ખૂબ થકવ્યા હતા, પણ કાકાને અને મોટા ભાઈને મહેસાણા આવેલા જોઈ ઘરનાં બધાંને ખૂબ જ ગમ્યું હતું. હું દસ વર્ષનો થયો હતો અને આઠ વર્ષે જનોઈ દેવાનો મારો યોગ્ય સમય વીતી ગયો હતો, તેથી આ સાલ તો ગમે તેમ કરીને જનોઇ દેવાનું પાર પાડવું એવો કાકાનો આગ્રહ હતો; એટલે મારો અભ્યાસ ન બગડે એમ ઉનાળાની રજા પડે કે તુરત બા મને ને બેનને તથા નાના ભાઇને લઇ ભાવનગર પહોંચી જાય, પિતાજી જનોઈના દિવસો પૂરતી રજા લઈ આવે અને નાત જમાડવાની બધી તૈયારી કાકા કરી રાખે એમ ઠર્યું.

૩૨ ઊંટને કાળો 'વા' થયો

પિતાશ્રીનો મહેસાણા સબ ડિવિઝનનો વિભાગ બહુ મોટો હતો. પશ્ચિમે કચ્છના રણને અડતું થરાદ, ઉત્તરે મોડાસા ને તારંગા અને દક્ષિણે વીરમગામ તેમાં આવી જતાં. અમદાવાદના પોસ્ટલ સુપરિન્ટેન્ડેન્ટ તેના અધિકારી હતા. ઇન્સ્પેક્ટર થયા પછી પિતાશ્રીએ ખાખી પાટલુન, કોટ અને માથા પર ફેંટો બાંધવાનું શરૂ કર્યું હતું.

પ્રવાસોમાં તેમને જાતજાતનાં માણસો મળતાં અને અનુભવો વીતતા. ગામડાંની ઑફિસો તપાસવા દિવસના ત્યાં મુકામ કરતા ને રાત્રે કે વહેલી સવારે નીકળી ગાડારસ્તે, ઊંટ પર કે ઘોડા પર બીજા મુકામે પહોંચતા. રક્ષણ માટે સરકારી કે રાજ્યનો એક પોલીસ કે ચોકિયાત મેળવી શકતા.

એક વાર થરાદ તરફ રણપ્રદેશમાં ધાનેરાથી સાંચોર ઊંટ પર જતા હતા, એવામાં સાથે ચાલતા ઘોડેસવારે દોરનાર પાસે ઊંટ ખડો કરાવ્યો ને બૂમ પાડી 'સા'બ, સા'બ, જલદી નીચે ઊતરી જાઓ!' પિતાજીએ કારણ પૂછ્યું, ત્યારે તેણે ફરી મોટી બૂમ પાડી: 'દેર મત કરો. પીછે પૂછના; ઉતર જાઓ, અભી કે અભી!' પિતાજીએ ઊંટ પરથી જમીન પર સીધો ભુસકો માર્યો ન માર્યો ત્યાં તો તુરત ઊંટ બીજી બાજુ ઢળી પડચો! ઘોડેસવાર ઊતરીને પાસે આવ્યો ને જોયું તો પિતાજીનો હાથ મચકોડાયો હતો અને ઊંટ તદ્દન મરી ગયો હતો. તેણે સમજ પાડી કે ઊંટને કાળો વા થયાનાં ચિહ્ન જોઈ તેણે ચેતવણીની બૂમ પાડી હતી. પલવાર મોડું થયું હોત તો ઊંટની સાથે સાહેબ પણ બેફામ નીચે પટકાત અને તો શુંનું શું બની જાત! આવા એક બીજા પ્રવાસમાં ઊંટ ભડકી નાઠો હતો ત્યારે પણ દૈવયોગે બચાવ થએલો. જેમતેમ ઝોળી કરી મહેસાણા આવ્યા ત્યારે હાથનો ઈલાજ થયો. પણ તે પછી ઘણાં વરસ લગી એ હાથમાં દુખાવો રહેલો. ઊંટવાળાએ ઊંટ માટે સરકાર સામે દાવો કર્યો હતો પણ તે ચાલી શકેલો નહિ.

૩૩ રાજવીનો ભેટો

બીજા એક પ્રવાસમાં કર્નલ પ્રતાપસિંહનો ભેટો થઇ ગયો હતો. પિતાજીએ કોઇ ગામડાના દરબારી ઉતારામાં રાતવાસો કર્યો હતો. શિયાળુ ઠંડી હતી, એટલે બારણાં બંધ કરી સૂતા હતા. એવામાં મધરાતને સમયે કોઇએ આવી બારણાં ખટખટાવ્યાં. પિતાશ્રી પોતે સરકારી અમલદાર હતા એટલે જરા ગુસ્સો કરી જણાવ્યું: 'કોણ છે? અત્યારે જાઓ, સવારના મળજો. બારણું નહિ ઊઘડે!'

સવારે ઊઠીને પોતે જૂએ છે તો ચોકમાં ખાટલો નાખી કોઈ સૂતું છે ને પાસે લશ્કરી સાજવાળો ઘોડો બાંધેલો છે! થોડી વારે ગોદડું ખસેડી જે પાત્ર બેઠું થયું તે, જુએ છે તો, બીજું કોઈ નહિ પણ કર્નલ પ્રતાપસિંહ હતા! પિતાજીએ પાસે જઈ જુહાર કરી રાતના પ્રસંગ માટે માફી દર્શાવી; તો કહે 'હું ક્ષત્રી; મારે તો ઊલટું તારી મનવારી (મહેમાની) કરવી જોઇએ.' અને એમ કહી એક લાંબી સિગારેટ કાઢી




કહ્યું, 'લે.' પિતાશ્રીએ કહ્યું 'માફ કરો, હું બ્રાહ્મણ છું.' એટલે કહે 'મારી પાસે બીજું તો કંઈ નથી, ને તું બ્રાહ્મણ રો પુતરો; તારી બીજી શી મનવાર (મહેમાની) અહીં થાય?'

એ કર્નલ સર પ્રતાપે પહેલા મહાયુદ્ધ વેળા બ્રિટિશોના સૈન્યમાં ઈરાકી લડાઇઓમાં સારી કામગીરી બજાવી હતી, એટલે ઇડરની ગાદી બિનવારસ થઇ જતાં સરકારે તેમની સેવાઓની કદર રૂપે તેમનો ઈડરની ગાદીએ રાજ્યાભિષેક કર્યો. તેમનો પોતાનો કોઈ રાણીવાસ નહોતો અને એક સૈનિકની જેમ રાજ્યમાં એકલા ફરતા.

કહેવાય છે કે રાજ્યકુટુંબની એક કન્યા લગ્નવયની થતાં કર્નલ પ્રતાપે પોતાની વટ ચલાવી રાજસ્થાનના કોઈ રાજ્યમાં તેનો સંબંધ ઠરાવ્યો. ઇડર રાજ્યની કન્યા એ ઊતરતા રાજકુટુંબમાં જાય એ ઈડર રાજના સંબંધીઓને રુચ્યું નહોતું. લગ્નનું ખાંડું આવ્યું ત્યારે સર પ્રતાપના હુકમ અનુસાર ખાંડા સાથે ઓઝલ કરેલી કન્યા પરણીને વિદાય થઈ, પણ લોકવાયકા છે કે એ ખરી રાજકન્યા નહોતી. ખરી રાજકુંવરીનું શું થયું એ જણાયું નથી. (ચાલુ)

ઘેટાં બકરાં અને રેઈનડીઅર

લેખક · અવંતીલાલ અ. વસાવડા



શીતપ્રદેશનાં રેઈનડીઅર

ઘેટાંબકરાં ફાટેલી ખરીવાળાં જાનવર છે. ઝાઝે ભાગે માંસ અને ચામડાં માટે એનો ઊછેર થાય છે. બકરીનું દૂધ પીવામાં વપરાય છે. બકરા કોઈકોઈ વાર હલકા બોજાની હેરફેર માટે અથવા નાની ગાડી ખેંચવા સારુ વપરાય છે. તિબેટમાં મીઠું ને બૉરેક્સના બોજાની હેરફેર કરવા માટે મોટા કદનાં ઘેટાંનો નિયમિત ઉપયોગ થાય છે. ડુક્કર પણ ફાટેલી ખરીનું જાનવર છે, પણ એ ભારવહન માટે વપરાતું નથી.


ઉત્તર ધ્રુવ પાસેના લૅપલૅંડ અને સાઇબીરિયાના હિમપ્રદેશમાં 'રેઇનડીઅર' નામનું એક પ્રકારનું સાબર 'સ્લે' (બરફ પર ઘસડાતી લાકડાની ગાડી) ખેંચવા વપરાય છે. રેઈનડીઅર બરફ પર સહેલાઈથી સ્લે ખેંચી શકે છે ને શેવાળ જેવી હલકા પ્રકારની લીલોતરી પર નિભાવ કરી શકતું હોઈ ખોરાક પૂરો પાડવાની દૃષ્ટિએ વિશેષ સુગમ જાનવર છે. શિયાળામાં જમીન પર છવાએલા બરફ (સ્નો)ને પગેથી ખોદી એની તળેથી એ પોતાનો ચારો શોધી લે છે. તે આશરે સાડાચાર ફૂટ ઊંચું મોટા કદનું જાનવર છે તેથી એના પગ બરફમાં ઊંડા ઊતરી જવાનો સંભવ રહે છે, પરંતુ એની ખરી પ્રમાણમાં પહોળી હોવાથી એનું વજન મોટા વિસ્તાર પર પ્રસરી જઈ એનો બચાવ થાય છે. એ પ્રાણી બોજા સાથે કલાકના નવથી દસ માઇલની ગતિએ આખો દિવસ એકસરખુ દોડી શકે છે. એના વાળમાંથી કાપડ, ચામડામાંથી હોડી અને તંબુ, સ્નાયુમાંથી દોરડાં ને હાડકાંમાંથી અનેક વસ્તુઓ બને છે. દીવા માટે એની ચરબીનો અને ખાવામાં એના માંસનો ઉપયોગ થાય છે. માદા રેઈનડીઅરનું દૂધ પીવાના ઉપયોગમાં પણ લેવાય છે. સાઇબીરિયા(રૂસ)માં એની પીઠ પર બોજો લાદી હેરફેર કરવા તથા ક્યારેક સવારી માટે તેનો વપરાશ થાય છે. જોકે એની કરોડ માણસનું વજન ઝીલી શકે તેટલી મજબૂત નથી હોતી એટલે સવારને તેના ખભા પર બેસવું પડે છે. ઉત્તર અમેરિકામાં રેઈનડીઅર જેવું 'કૅરીબુ' નામનું જંગલી પ્રાણી થાય છે. એને પાળી શકાયું નથી. વળી એ પ્રદેશમાં રેઈનડીઅરની બહારથી આયાત કરી ઉપયોગમાં લેવાનું વિશેષ સસ્તું નીવડ્યું છે. છતાં કૅરીબુને પણ કેળવવાના પ્રયત્નો થાય છે ખરા.


સાબર અને હરણનો ઉપયોગ થઈ શકે એવો સંભવ છે. લેખકે સાબરની ગાડી જોઈ છે. શૉખ ખાતર તે વપરાય છે. હલકા બોજાના વહન માટે અથવા નાની ગાડી ખેંચવા માટે હરણ વાપરી શકાય અને ક્વચિત્ વપરાય પણ છે. સાબર પ્રમાણમાં વધારે બોજો ખેંચી શકે. જોકે નિયમિત આવાં કામ કરવા માટે એ પળાતાં નથી.



બકરાગાડી

બાળકોના મનોરંજનાર્થે આ જ રીતે ઘણાં રજવાડાંમાં હરણ-ગાડીઓ પણ રાખવામાં આવતી. નીચે : બકરાની બે જાત : જમનાપરી અને કાશ્મીરી. પહેલી દૂધ ને ચામડાં માટે ને બીજી એના સુંવાળા વાળ માટે પળાય છે.





બાજુમાં ડાબી બાજુ 'અંગોરા' જાતનાં બકરાં. એના સુંવાળા ઊનમાંથી કાપડ બને છે. અસલ તુર્કી જાત. જમણી બાજુ ઑસ્ટ્રેલિયા, અમેરિકા ને ફ્રાંસમાં પળાતાં ઘેટાં. એનું ઊન કિંમતી છે.



જ્હૉન ગૅાટલી

ચોરાણુ વરસની તરુણી

રંગગઠરિયાં • ૨૧

ચન્દ્રવદન મહેતા

ખાસડાં ખખડી ગયાં! એકનું તળિયું ઘસાઈ એમાંથી છોછું બહાર ડોકાવા માંડયુ;બીજાના, ઉપરથી બે ટાંકા તૂટયા. રસ્તે પૅાલિશ કરનારા જ માંડમાડ મળે, ત્યાં આ સાંધનારા કયાં શોધવા? બૂટપૅાલિશ અહીં સૌ કોઈ હાથે જ કરે; યા હોટેલમાં હોય તો ત્યાંના નોકરો કરી આપે. રસ્તે બાદશાહ જેવા બેઠેલા કે સ્ટેશન ઉપર માથું ખાનારા ભટકતા પોરિયા અહીં વળી કેવા? સલ્ફ્રિજના કે એવા સ્ટોરમાં—જ્યાં, જે માગો તે મળે ત્યાં અમે ઊપડયા. ત્રીજા માળે જોડા ખડકેલા. વેચનારાએ પગ ઉઘાડો કરાવી જે જોડી કાઢી તે જ આબાદ બેઠી! મેં એને કહ્યું કે આ મારી જૂની જોડીનું હવે આવરદા લાંબું લાગતું નથી. વહુની પસદગીમાં કે કોઈ આંગળી બતાવી લાવી આપે એમાં પણ ઘણીવાર જોડી નથી જામતી, ત્યાં આ માળાએ એક નજરમાં પાની પારખી લીધી, ને બૂટની જોડી કાઢી આપી તેવી જ બેસી ગઈ! એણે કહ્યું કે જરા આમતેમ આંટા મારીને આવો એટલે બિલ બનાવું. જરા ચાલ્યા એટલે કે જાણે પગને મહાલવાનું મળ્યું. એવી સરસ જોડ કે જેની ન મળે જોડ! પાછો ગયો ત્યાં તો એણે જૂની જોડીને બાકસમાં બાંધી બિલ સાથે તૈયાર જ રાખી હતી. એ ભર્યું બાકસ આપતાં એ ફટાકડો ધીમેથી કહે, 'લ્યો હવે, આમાં પડયા-પડયા એનું આવરદા કંઈક લંબાશે!' અને પછી જરીક જ મલકયો.

જોડા ન ફાટે? જે રીતે આ વખત લંડનમાં આવ્યો છું એ તો મારું મન જ જાણે છે. ચાલીચાલીને જ એની ભૂગોળ મનમાં ઉતારી. સંસ્થાઓ જોઈ પાછા ફરતાં કોઈ નવો જ રસ્તો પકડીએ. કયાંક બહુ ભીડ, કયાંક નહિ ભીડ; એટલે શહેરની બાંધણી જોવાની મજા પડે. કયાંક પથ્થરનાં ચોસલાંના રસ્તા, તો કયાંક લાકડાનાં ચકતાંના યે રસ્તા! રસ્તા કેવળ સીમેન્ટ કાંકરીટના જ બંધાય એ વાત ખોટી. રૅાયલ બાલે ડાન્સિંગની નિશાળ પણ જોઈ. જેટલા કલાક બેઠો એટલામાં ત્યાં છોકરીઓને જુદીજુદી કસરત કરતી જોઈ મારો દમ નીકળી ગયો! જ્યોતીન્દ્ર દવે વારંવાર કહે છે તેમ મને પરસેવો થવાલાગ્યો. તાલીમ, તાલીમ, તાલીમ! અક્કડ શરીરને વાળો; વાળીને મુલાયમ કરો; મુલાયમ કર્યા કેડે એનામાં ખૂબસૂરતી લાવો; એને લાવણ્યમય બનાવો; એને અદાકારીથી દીપાવો; નજાકતથી શોભાવો; તો—તો જ નૃત્ય આકર્ષક અને મનોહર થાય; જોનારાની આંખે ઊડીને વળગવા આવે. ઘણી સંસ્થાઓ જોઈ. બહુ અવલોકયું. જોઇજોઇને જીવ પણ બળ્યો કે આપણે આટલી તાલીમ લેતાં કયારે શીખીશું? તાલીમના કીમિયામાંથી પૂરેપૂરો કસ કાઢી લઇએ તો પછી કુદરતને યે કૃપા વરસાવવાનું મન થાય એ રહસ્ય કયારે જાણીશું?


એક દિવસ રાતે ટેલીફોન રણકયો. અવાજ પરિચિત; અંગ્રેજનો, પણ મુંબાઈમાં સાંભળેલો: 'પૅડિંગ્ટન સ્ટેશન ઉપરથી, ફલાણા ટાઈમની ટ્રેઈન, ફલાણે સ્ટેશને બદલવાની, ત્યાંથી હેન્લી. રાતે જમીને ફલાણા વખતની ગાડીમાં પાછા જવાનું. અહીં ગમે તો રહેવાનું. અહીં આવો. મેં બ્રિટિશ કાઉન્સિલ સાથે વાત કરી લીધી છે. એ સાહેબો તમને સમજ આપશે, સગવડ કરી આપશે. મારી વહુ, મારાં છોકરાંઓ તમને મળીને ખુશ થશે. સાદું ભોજન, અને સાથે એક ગ્લાસ ગિન્નેસ! આવો.'

'તમે અહીં કયાંથી?'

'હું મારે ઘેર રજા ભોગવવા આવ્યો છું. તમે નીકળ્યા ત્યારે જાણી જોઇને મેં કહ્યું નહોતું. મને તમારા આખા કાર્યક્રમની જાણ તો હતી જ.'

'ડાસ્તો! તમે તો ખુદ બ્રિટિશ કાઉન્સિલના અફસર. થૅંક યૂ. કાલે લંચ લઈ નીકળી આવીશ.'

એ તે જ્હૅાન ગૅાટલી. દિલચસ્પ દાઢી રાખનારી મૂર્તિ. મુંબાઈમાં બ્રિટિશ કાઉન્સિલના વડા અધિકારી. ભલા ભાઇએ મને ભારે અચંબામાં ગરકાવી દીધો. હેન્લી પહોંચ્યો, તો ત્યાં તો ગજબનો મેળો જામ્યો હતો! આંતરરાષ્ટ્રીય નામના મેળવનાર 'હેન્લી રિગાટા' ત્યાં ચાલે. દેશદેશાવરથી નાનકડી હોડી લઈ, હલેસાં–ઉસ્તાદો હોડીદોડની શરત મારવા ઊતરી પડેલા. કોઈ હોટેલમાં તો કોઈ તંબૂમાં. ફ્રાન્સ, જર્મની,



છેલ્લી લગભગ બે સદીથી જેમાં દર વરસે દુનિયાભરના હોડીબાજો હરીફાઇમાં ઊતરે છે તે ટેમ્સ નદીને કિનારે હેનલી ખાતે ખેલાતી હોડી હંકારવાની હરીફાઈ 'હેન્લી રિગાટા'



ટેમ્સને કિનારે ક્યાંક તો ઘર એવાં કે ખડકીમાંથી નીકળીને રસ્તા પર આવીએ તેમ હોડી ફળિયામાંથી નીકળીને નદીમાં વહેવા માંડે.

ચેકોસ્લોવાકિયા એમ કંઇ દેશની અહીં છાવણીઓ ખડી થઈ ગઈ હતી. ગજબની છે આ પ્રજાઓ. લડવા બેસે ત્યારે બંદૂક-ગોળી તો શું, પણ બૉંબગોળાઓથી શહેરોનાં શહેરો તારાજ કરવા નીકળે; અને નહિ તો ખાણીપીણી, રમતગમત, મોજમજાહ કરી ભાઇચારો સાધવા બેસી પડે! છેક ઑસ્ટ્રેલિયાથી હોડી લઇને કિશોરો ઊતરી પડ્યા હતા. અહીં આવી પ્રૅક્ટીસ થાય એટલા માટે હોડી એરોપ્લેનમાં ઉડાવી લઈ આવ્યા હતા. એમ જ જર્મની, ફ્રાન્સ એમ જુદાજુદા દેશના હોડીબાજો અહીં હાથ બતાવવા આવ્યા હતા. ચાર દિવસ આ મેળો ચાલે. અંગ્રેજો સિવાયની બીજી કોઈ પ્રજાની ટુકડી જીતે તો લાખ પોણોલાખ એકઠું મળેલું અંગ્રેજ લોક એમને કિનારે ઊભાઊભા ભારે હોંશથી તાળીઓ પાડી વધાવે. ઈ. ૧૭૭૫થી આ શરત ચાલુ થઈ છે. સામે વ્હેણે પોણા બે માઈલ હલેસાં મારતાં હોડી હંકારવાની. હલેસાં મારવાની કળામાં પણ આ તાલીમબાજોએ શાસ્ત્ર બનાવ્યું છે. ગમે તેમ કડછા હલાવ્યે ન ચાલે; નિયમ પ્રમાણે, વખતસર, તાલબદ્ધ, બધાના એકીસાથે ઝોક અને ઝાટકાથી પાણી કપાવું જોઇએ. કિનારેકિનારે મોટરનો રસ્તો. એ ઉપર દરેક ટોળીનો ઉસ્તાદ, શિક્ષક સાઈકલ પર દોડે. પ્રૅક્ટીસ વખતે કિનારા ઉપરથી દોડીદોડી મોંમાં રાખેલા ભૂંગળામાંથી સૂચનાઓ આપતો જાય. પણે સહેજ ભૂલ, કે અહીં એનો પિત્તો ખસે! જાણે હમણાં જ આભ તૂટી પડશે! અને એનું કહ્યું બધા બરાબર માને.

આખી સાંજ અમે ટેઈમ્સને કિનારે બેઠા. બંને ગૅાટલી—ધણી ને ધણીઆણી, અને ગલગોટા જેવા બે છોકરા. પપ્પાના આ દોસ્ત—'અંકલ'–મુંબાઈથી આવ્યા છે, એટલે એમના મુંબાઈના સાથીદારોની યાદ કરીકરીને સવાલો પૂછે. હોડીઓ દોડે એટલે ત્યાં ચિત્ત પરોવે.

આ ટેઈમ્સ તો ઇંગ્લંડની ગંગા, ભાગીરથી, અલકનંદા જે કહો તે. મોટામાં મોટી નદી. ગૅાટલીના કહેવા પ્રમાણે ઈંગ્લંડ જ્યારે બેટ નહિ પણ યુરોપ સાથે સંકળાએલો દેશ હતો ત્યારે આ ટેઈમ્સ જર્મનીની ર્‌હાઈનને મળતી અને પછી બંને મળીને સાગરમાં ભળતી! હજારો ને હજારો વર્ષો પહેલાંની વાત; જ્યારે સરસ્વતી હિમાલયથી નીસરી ગુજરાતમાં અવતરતી એ સમયની કથા. ભગવાન જાણે. ૨૧૦ માઈલ લાંબી આ નદીએ પોતાને કાંઠે ઈંગ્લંડની સંસ્કૃતિ–સમૃદ્ધિનો ભરચક ભંડાર જતન કરી જાળવી રાખ્યો છે. લીલાં હરિયાળાં ખેતરો જમાવતી, કાંઠે-કાંગરે દેખાવડાં ઘરથી માંડી તોતીંગ કિલ્લા બંધાવતી, ઑક્સ-ફર્ડ જેવાં વિદ્યાધામ વસાવતી એ સરિતા અહીં હેન્લી ગામમાં પ્રફુલ્લેલી વનિતાના સ્વરૂપે દેખા દે છે. કાંઠે ઘર. સાથે હોડીનાં પણ એટલાં જ દર. બે ધક્કા માર્યા કે હોડી એમાંથી નીકળે, તરે, જ્યાં ફાવે ત્યાં ફરે. વિન્ડસર સુધી પહોંચતાં તો નદી ફાલીફૂલી એવી માતેલી બની જાય છે કે હોડી-હોડકાંનો ત્યાં હિસાબ જ રહેતો નથી; ભલભલી આગબોટોને એ હીંચોળતી થઈ જાય છે. લંડનમાંથી તો એ મહારાણી બનીને ઠસ્સાથી વહે છે. એમાં પાર્લમેન્ટના મકાનનું તો એ જ ગૌરવ વધારી આપે છે. એ આ ટેઈમ્સ, ભૂરાં નિર્મળાં જળની ભરી, અહીં હેન્લી આગળ ખરી રમણીય લાગે છે.

ઘણી નદીઓમાં આવું જ કામણ હોય છે. એને કાંઠે બેઠા કે એ અંતરમાં ડુબાડે, અથવા કલ્પનામાં વિહરાવે. જ્યાંથી નીકળતી હશે ત્યાં કેટલી નાનકડી રેખા જેવી હશે! અને પછી,–એવા વિચારે જ્યાંજ્યાં ટેઈમ્સ જોઈ હતી એનાં એક પછી એક ચિત્રો યાદ કર્યા કરું. ત્યાં ગૅાટલીનો એક બૂચો મને કાંઠાની ક્લબના મકાનમાં લઈ ગયો. અહીં ભારતની ચા અને નાસ્તો પથરાએલાં હતાં. ત્યાં વળી એક મિસ પ્લાઉરાઈટ આવીને બેઠેલાં હતાં. બે ગૅાટલીમાંથી કોનાં એ મિત્ર તે ન કળાયું; પણ એની ઓળખ આપતાં મિ. ગૅાટલીએ કહ્યું, 'આ અમારી બુઢ્ઢામાં બુઢ્ઢી નટી. તમે એને જુઓ તો ન કહો કે એણે ચોરાણું નથી થયાં.' નાક બ્રિટિશ, આંખ ચબરાક; મને લાગી વીશીની આસપાસ. એમાં ગૅાટલી સિત્તેરેક વર્ષ જ ઉમેરીને ઓળખાવે, એટલે વિસ્મય તો થાય ને?

આપણે આઇનેસ્કોને આગળ ઉપર ઓળખી ગયા છીએ. એનું વળી એક વિચિત્ર નાટક: નામે 'ચૅઅર્સ'–ખુરશીઓ. એ અહીં તાજેતરમાં ભજવાએલું. એમાં મિસ પ્લાઉરાઇટે ૯૪ વર્ષની બુઢ્ઢી ડોશીનો પાઠ કરેલો! આપણે ત્યાં કોઈ તરુણ કુમારી એવી ડોકરીનો પાઠ લેશે ખરી કે? નાટક પણ વિચિત્ર છે: બુઢ્ઢો અને બુઢ્ઢી તખ્તા ઉપર હારબંધ ખુરશીઓ ગોઠવ્યે જાય, અને એના ઉપર કોણ બેસશે એ આવનારાં પાત્રોનું આલેખન બંનેના સંવાદમાંથી સર્જાતું જાય. એમ બે જણ આખી સૃષ્ટિ ખડી કરી દે અને નાટક પૂરું કરે. મિ. ગૅાટલી કહે કે એ બુઢ્ઢીના પાઠમાં આ છોકરીએ ક્યાં યે એક ચૂક સરખી કરી નથી. બુઢ્ઢી તે બુઢ્ઢી જ. બોલવે, ચાલવે, દેખાવે, સ્વભાવે, એવો કુશળ અભિનય એ કરે છે! બને તો 'ચૅઅર્સ' જોવા ભલામણ પણ કરી.

'તમારો કીમિયો શો, બાનુ?' મેં પૂછ્યું.


'કંઈ જ નહિ, કેવળ યાદશક્તિ અને અવલોકન. મારા જીવનમાં જેટલાં વૃદ્ધો મેં જોયાં હતાં એનું કલ્પનામાં શરૂઆતમાં પારાયણ કરી ગઈ. નૅશનલ ગૅલેરીમાં જઈ રેમ્બ્રાંએ ચીતરેલાં બુઢ્ઢી ડોશીઓનાં ચિત્રો ફરીફરી વાર જોઈ આવી.'

'તમારો આ પહેલો જ પ્રયાસ?'

'નાઆરે; અમેરિકામાં બ્રોડવે થીએટરમાં સર લૉરેન્સ ઑલીવીઅર સાથે 'એન્ટરટેઈનર' નાટકમાં ભાગ લીધો હતો. જાણીતા નાટક 'કન્ટ્રી વાઇફ'માં પણ ઊતરી હતી.' ઇંગ્લંડ ને અમેરિકા બંને દેશોમાં એણે તાલીમ લીધી હતી, ને હજી તો કહે છે કે પોતે શિખાઉ છે! અહીં 'હેન્લી રિગાટા' જોવા લંડનથી ઊતરી આવી હતી.

ચા પીને એ ચાલી ગઈ. જમવામાં નહોતી. પણ એ જ દિવસે એ લંડન જવાની હતી, એટલે એક જ ગાડીમાં સાથે જવાની મેં વાત કરી એની એણે તરત હા પાડી. નૌકાશાસ્ત્રમાં મને રજ પણ સમજ પડતી નહોતી, તો યે આ ઉત્સાહ અને ઉમંગભર્યો જામેલો મેળો

ઈંગ્લંડની ગંગા, ભાગીરથી કે અલકનંદા—જે કહો તે આ 'ટેઈમ્સ' ત્યાંની મોટામાં મોટી નદી છે. મૂળ આગળ મામૂલી ઝરણા જેવી એ નદી પર પહેલો જે એક કમાનનો પૂલ આવે છે તે કમાન માંડ ત્રણેક ફૂટ ઊંચી હશે. દક્ષિણ ઈંગ્લંડ સોંસરી, આપણી ગંગા નદી પેઠે પશ્ચિમથી પૂર્વ તરફ વહેતી ૨૧૦ માઈલ લાંબી એ નદી લંડનથી બાવીસ માઈલ પર આવેલા વિન્ડસર પછી તો એવી ફાલીફૂલીને માતેલી બની જાય છે કે ભલભલી આગબોટોને તે હીંચોળતી થઈ જાય છે; અને લંડન સોંસરી તો એ મહારાણી બનીને ઠસ્સાથી વહે છે. એ એવી તો ભવ્યવત્સલ લાગે છે કે ત્યાંના લોકો એને માતા નહિ પણ પિતા—'ફાધર ટેઈમ્સ' કહી બિરદાવે છે. એ વિન્ડસરથી લંડનના ટિલબરી ડૉક સુધીના આ નીચે આપેલા એના ૨૨ માઈલના દેહનો લગભગ એકેએક માઈલ ઈંગ્લંડના શાહી ઇતિહાસથી સમૃદ્ધ છે, જેના મુખ્યમુખ્ય વીસ ખંભા અહીં ક્રમવાર દર્શાવ્યા છે: ૧) રાજા હેન્રી છઠ્ઠાએ ૧૪૪૦માં સ્થાપેલી ઈટન કાલેજ; ૨) છેલ્લાં ૯૦૦ વર્ષથી ઇંગ્લંડનાં રાજા-રાણીઓનું નિવાસસ્થાન વિન્ડસર કૅસલ; ૩) રન્નીમીડનું મેદાન જ્યાં ઈ. ૧૨૧૫માં રાજા જૉને મૅગ્ના ચાર્ટા ઉપર સહી કરી (જુઓ ચિત્ર); ૪) સ્ટેઈન્સ: રોમનોનું થાણું: આ સ્થળે ઈ. ૧૨૮૫માં ઊભો કરેલો એક ખંભો દર્શાવે છે તે મુજબ નદી ઉપરની લંડન કૉર્પોરેશનની આણ અહીં સુધી હતી; ૫) અહીં ચર્ટસી ખાતે છેક ઈ. ૬૬૬માં બંધાએલું એક દેવળ હતું; (ચિત્ર) ૬) કાર્ડિનલ વૂલ્ઝીએ બંધાવેલો હૅમ્પ્ટન કોર્ટ મહેલ (ચિત્રમાં રાજા હેન્રી આઠમો તથા રાણી; ૭) અહીં કિંગ્સ્ટોન મુકામે આવેલા વિખ્યાત 'કૉરૉનેશન સ્ટોન' ઉપર સૅક્સન રાજાઓનો રાજ્યાભિષેક થતો (જુઓ ચિત્ર); ૮) રાણી ઇલિઝાબેથ પહેલીનું મુખ્ય સ્થાનક રિચમન્ડ, જ્યાં ઈ. ૧૬૦૩માં તે મૃત્યુ પામી; (ચિત્રમાં ઇલિઝાબેથ); ૯) ૧૫૭૮થી ડ્યૂક ઑવ નૉર્ધમ્બરલૅન્ડનું નિવાસસ્થાન



સાયન હાઉસ; ૧૦) રાજા જ્યૉર્જ ત્રીજા (જુઓ ચિત્ર)નો પ્રિય મહેલ 'ક્યૂ પૅલેસ–જ્યાં ઈ. ૧૭૫૭માં જગવિખ્યાત વનસ્પતિઉદ્યાન 'ક્યૂ ગાર્ડન્સ'–રૉયલ બૉટનિકલ ગાર્ડન્સ યોજવામાં આવ્યા; ૧૧) ચેલ્સી, જ્યાં રાજા ચાર્લ્સ બીજાએ ઈ. ૧૬૮૨માં ગરીબ અને વૃદ્ધ સૈનિકો માટે રૉયલ મિલિટરી ઑસ્પિટલ સ્થાપી; ૧૨) ધ રૉયલ પૅલેસ ઑવ વેસ્ટ-મિન્સ્ટર, જે આજે 'હાઉસિઝ ઑવ પાર્લમેન્ટ'ને નામે ઓળખાય છે તે, તથા વેસ્ટમિન્સ્ટર ઍબી; ૧૩) 'વ્હાઈટ હૉલ' મહેલ; ૧૪) જે સ્થળે રોમનોએ ટેમ્સ પર સૌપ્રથમ પૂલ બાંધ્યો તે 'લંડન બ્રિજ'; ૧૫) ટાવર ઑવ લંડન, જે આજ સુધીમાં ક્રમશ: રાજમહેલ, તુરંગ, કિલ્લો, ટંકશાળ અને પ્રાણી-તબેલા તરીકે વપરાતો આવ્યો છે (બે ચિત્રો); ૧૬) અહીંથી જગતભરનું મોટામાં મોટું બારું લંડનબંદર શરૂ થાય છે; ૧૭) અહીં ડેપ્ટફોર્ડ ખાતે રાજા હેન્રી ૮માએ 'રૉયલ ડૉકયાર્ડ' સ્થાપ્યો; ૧૮) ગ્રીનિચ: રાજા હેન્રી ૮મા અને તેની બે પુત્રીઓ મેરી તથા ઇલિઝાબેથ પહેલીનું જન્મસ્થાન; (રાણી ઇલિઝાબેથના પગ ન બગડે તે માટે પોતાનો કોટ પાથરતા ઉમરાવનું ચિત્ર); ૧૯) મોટાં જંગી ૫૦ જહાજો સમાવી શકે (જુઓ ચિત્રો) એવાં 'રૉયલ વિક્ટોરિયા', 'રૉયલ આલ્બર્ટ' અને 'કિંગ જ્યૉર્જ ધ ફિફ્થ' બંદરગાહો; ૨૦) ટિલબરી, જ્યાં સ્પેનના નૌકાકાફલા 'આર્મેડા'નો બહાદુરીથી મુકાબલો કરવા રાણી ઇલિઝાબેથ પહેલીએ પોતાના સૈન્યને જોસ્સો ચડાવનારું ઉદ્‌બોધન કર્યું હતું (જુઓ ચિત્ર). આપણી સાબરમતી, નર્મદા, ગોદાવરી કે ગંગાના પણ આવા ઐતિહાસિક ભૂમિકાવાળા ચિત્રાલેખ થવાની જરૂર છે. –સં૦

જોવાની મઝા પડી. જમાડીને ઑટલી કુટુંબે મને સ્ટેશન ઉપર મૂકવા આવ્યું ત્યારે આ નાનકડા પણ રળિયામણા ગામનો પાકો તાગ લીધો. સ્ટેશન ઉપર છૂટા પડતાં બહુ દુઃખ નહિ થયું, કારણ પાછા મુંબાઈમાં તો મળવાના જ હતા, પણ આ હેન્શીનો રમતિયાળ દિમાગ ફરી જોવા નહિ મળે એ વિચારે મનમાં રંજ ચણચણવો શરૂ થયો.

દોઢેક કલાકના રસ્તામાં એકાએક તે શી વાત કરીએ? ને આપણી પેઠે અંગત સવાલો તો ત્યાં કોઈ પૂછે નહિ—પુછાય જ નહિ, એટલે અભિનયકલા વિષે જ મેં વાત કાઢી. મિસ પ્લાઉરાઈટને પૂછ્યું : 'જીવનભર તમે આ કામને વળગી રહેવાનાં છો?' 'હાસ્તો.'

'આ કામમાં જ કેમ ઝંપલાવ્યું?' 'રસ, ચટ—કહો તે.'

'કોઇ બીજાં સાંસારિક કારણે આમાં નથી ભળ્યાં ને?' 'એટલે?'

મારો સવાલ પાધરો તો નહોતો જ; તો યે હિમ્મત કરી હતી: 'ક્યાંક હતાશા... ક્યાંક નિરાશા... ક્યાંક...'

'એવું કંઈ હતું નહિ, છે નહિ; નાટક જ મારી મુખ્ય ને પહેલી પસંદગી; કહી શકો છો, પહેલો પ્રેમ!'

'પણ પછી ખરો પ્રેમ થાય અને આ કામને છોડવું પડે તો?'

'સાંભળો મિ. મહેતા, એવો કોઈ પ્રેમી બની જાય અને કહે કે આ કામ છોડી દે તો પણ મારા મગજમાં એ વાત ઊતરે નહિ.'

'તમારા દેશમાં પણ અમારે ત્યાં ઢગલો ઘણી હોય છે એવા હોઈ શકે છે ખરા—આ ધંધાને અવગણનારા?'

'ના જી, ના; આ ધંધાને અહીં કોઈ અવગણતું નથી. પણ માણસ જાત અદેખાઈથી ભરેલી હોય છે એ તો જાણો છો ને? એટલે એ તો એમ જ ઈચ્છે કે મારી આખી જિંદગી, હૃદયના બધા ઊમળકાઓ, એના પોતા તરફ જ વળે. શું થાય? એને કોઇ બીજામાં રસ ન હોય. ધારો કે એનામાં સંગીતનો શૉખ જાગે, ચીતરવાની રુચિ પેદા થાય તો વળ બરાબર બેસે અને સુખી પણ થઇએ. તમે એમ નથી ધારતા?'

'બરાબર છે; તમે ૯૪ વર્ષની બુઢ્ઢીનો પાઠ કર્યો એથી બુદ્ધિ પણ પાકી ગઇ લાગે છે! હું ઈચ્છું છું કે તમને તમારા કામમાં ખૂબ જ જશ મળે. ભારત આવો, ને હું જીવતો હોઈશ તો મળીશું; ખબર આપજો.'

'હું ચોરાણુંની થઇ; હજી તમારે તો બીજા ત્રણ ચાર દાયકા કાઢવાના છે,—ચોરાણુંના થવા માટે; એટલે આપણે ચોક્કસ મળીશું!' એણે હસતાંહસતા કહ્યું. પૅડિંગ્ટનથી ગ્લોસ્ટર રોડ પકડીને બેસ્વૉટર રોડ પહોંચવા અમે પગે જ ચાલવા માંડ્યું. એના મુકામનો રસ્તો પણ હાઈડ પાર્ક તરફ જ માર્બલ આર્ચ પાસે હતો. રસ્તે અમે ઇંગ્લંડની અભિનયકલા શીખવતી શાળાઓ વિષે બહુ વાતો કરી.

બીજે દિવસે બ્રિટિશ કાઉન્સિલમાં જઈ ત્યાંના મિ. ફ્લૅગને મેં પૂછ્યું : 'ત્યારે અહીં નટ ને નાટક જ માત્ર છે! નાટકશાળાઓ નથી?' મારા બે સવાલનો જવાબ એમણે આપ્યો કે બરાબર વરસ દિવસે આવો તો તમને અમારું બંધાઇ રહેલું નવું થીએટર બતાવીએ. આ એના નકશા—પ્લાન. ત્રીસ વર્ષના ગાળા પછી વેસ્ટ એન્ડના વિભાગમાં આ એક નવું થીએટર બંધાય છે. આધુનિક ઢબ, છતાં શણગાર નાટકશાળાને શોભે એવો. સગવડ પૂરી : આશરે હજાર પ્રેક્ષકો બેસી શકે. ઍકૉસ્ટિકની રચના માટે લક્કડચમ્મડનાં પ્લાસ્ટિક અમેરિકાથી આણ્યાં. રંગભૂમિની ઊંચાઈ-પહોળાઈ, જેવાં નાટક તે પ્રમાણે લંબાવી-ટૂંકાવી શકાય : વધારેમાં વધારે ૪૩ ફીટ અને ઓછામાં ઓછી ૩૬ ફીટ કરાય એવી વ્યવસ્થા. ૩૩ ફીટ ઊંડી રંગભૂમિ ને બીજા બાર ફીટ વધારવાની સગવડ. ઑર્કેસ્ટ્રાનો ગાળો નીચેથી ઊંચે લાવી મૂળ રંગભૂમિ સાથે મિલાવવો હોય તો મિલાવી બહાર પડતા એટલા સ્ટેઈજનો જરૂર પડ્યે ઉપયોગ કરી શકાય. ઝાલર, પ્રકાશયોજના, પગબત્તીઓ, બધાંમાં જોઈએ તેવા પ્રકારની રોશની નાખવાની સગવડ; નટનટીઓ માટે મોં ધોવાની વ્યવસ્થા; સૅન્ડવિચ-કૉફી પીવાની જગ્યા; મોકળાશથી બેસવા માટેના સરસ લાઉન્જની વ્યવસ્થા. જર્મની-ફિનલૅન્ડ-અમેરિકામાં ઠેરઠેર નવા ઘાટનાં થીએટરો બંધાય તો ઇંગ્લંડને યે આખરે તો એ દિશામાં મોડાંમોડાં પણ પગરણ કરવાં જ પડે; અને જેટલું મોડું કરીએ એટલા પ્રમાણમાં અમારી નાટકશાળા નવા ઘાટની અવનવી સગવડવાળી બધારો.

પણ વસ્તુતઃ એ પ્રજાને નાટકશાળાની પરવા નથી, કારણ એક માણસનું પણ થીએટર એ પ્રજા નીપજાવી શકે છે! જેમાં પોતે જ બધા પાઠના કરવૈયા હોય એવા પ્રયોગો ભજવનારા પણ નટો અહીં છે; જરા ઊભા રહેવાની જગ્યા મળી કે પછી કશું અઘરું નહિ.

મને ઘણી સભાઓમાં વિદ્યાર્થીઓ સવાલો પૂછે છે એમાં (૧) નાટક ભજવતાં સેટિંગ, કપડાંલત્તાં, ઝાકઝમાળ ઉપર ખૂબ જ ધ્યાન આપી ખાસ્સો ખર્ચ કરવામાં આવે છે એ માટે તમે શું ધારો છો? (૨) સિનેમાને લઇને નાટકો ને નાટકશાળાઓ બંધ થયાં અને થશે એ વિષે તમે શું ધારો છો? (૩) નટે અભિનય કરવા માટે એનામાં પહેલી લાયકાત શી હોવી જોઇએ, એ વિષે તમે શું ધારો છો?... આવાઆવા, 'તમે શું ધારો છો' વાળા જાતજાતના સવાલો દાયકાઓથી પુછાયા કરે છે. સિનેમાએ નાટકશાળાઓ બંધ કરાવી? ના, બંધ નથી કરાવી, પોતે આંચકી લીધી; અને સાથેસાથે ઘણાં નટનટીઓને પણ આંચકી લીધાં! તો પણ નાટકશાળાઓ સજીવન છે, સલામત છે, અને સલામત રહેશે. નાટક એ કળા છે, સિનેમા એ ધંધો છે. ધંધા તો ઘણા ચાલે છે; ચાલે પણ ખરા, અને તૂટી પણ જાય. સિનેમા ચાલ્યાં નાટકશાળાને લઇને, નટનટીઓને લઈને, નાટક નવલકથાના લેખકોને લઇને. હવે એમની ચડતીનો પારો જેટલો ઊંચે ચડવાનો હતો એટલો ચડી રહ્યો; વળતાં પાણી થવાનો વખત આવી રહ્યો છે. નાટક તો ચાલ્યા જ કરે છે, ધોરી માર્ગે ચાલ્યા કરે છે. ક્યાંક કેડી બદલે છે પણ એની દિશા નિશ્ચિત છે. સેટિંગમાં ધન-સમય બગાડો કે અભિનય કરવાની લાયકાત વિચારો; પણ મૂળ વાત એક જ. અભિનય કરતાં આવડવો જોઇએ. સારા ચોખાની ખીચડી હોય તો ઘી-મસાલાની કશી જરૂર નથી રહેતી. ચોખો ચોખ્ખો, સારો, દાણેદાર જોઇએ; બરોબર સીજેલો, ચડેલો, દાળ સાથે ગળેલો જોઈએ. એક માણસ અનેકના પાઠ કરી નાટક કરે છે, એમાં પણ એની અભિનય કરવાની શક્તિ ખૂબ જ વિકસેલી હોવી જોઈએ. એ માટે તાલીમ, તાલીમની જ જરૂર છે. અવાજ કેળવો, ગળાં મુલાયમ બનાવો, હાડકાં વાળો, શરીરમાં સ્ફૂર્તિ પરોવો, અવયવોને જકડાએલા નહિ પણ ઢીલા, નરમઘેંશ, ધાર્યા વળે એવા દુરસ્ત ને ચપળ બનાવો. લાખોનો ઝગઝગાટ હશે પણ એમાં અભિનયના પ્રાણ નહિ હોય તો મામલો 'રામ બોલો ભાઈ રામ'નો સમજજો. પ્રાણવાન અભિનય હશે તો ગરીબનું ઝૂંપડું પણ દીપી ઊઠશે એમ ચોક્કસ માનજો. જરૂરનું બધું જ છે : દીવાબત્તી, વેશભૂષા, રંગરોગાન, લાયક તખ્તો, ઝાલર-પરદા, પરંતુ એમાં મહત્ત્વનો તો છે અભિનય; અંગનો, વાચાનો, ભાવોનો; મન અને બુદ્ધિ થકી નિશ્ચિત સ્વરૂપને પામેલો સર્જનાત્મક અભિનય, અને અભિનય જ. ઇંગ્લંડમાં પૂરતા પ્રમાણમાં નાટકશાળાઓ ભલે નહિ હોય, પણ અભિનયકળામાં કાબેલ એવાં નટનટીઓ છે. ઇંગ્લંડ બહાર ગમે તે નાટકશાળામાં એ ઘૂમતાં રહે છે, કીર્તિ મેળવતાં રહે છે; એટલે જ ઇંગ્લંડ નાટકશાળાના બાંધનારા સ્થપતિઓ કરતાં અભિનયકળા શીખવનારાં કેન્દ્રોના સંચાલકો ઉપર વધારે ધ્યાન આપે છે.

(ચાલુ)

કલાવાર્તા

ઇચિંગની કલા

'Your water is not wet. (તમારા પાણીમાં ભીનાશ નથી.)'આમ્સ્ટર્ડામની એક શેરીના—નહેરકાંઠાના મેં કરેલા ઇચિંગની પ્રથમ છાપ બતાવતાં પ્રો. કુનો બ્રિક્સે મને કહ્યું; ને ઉમેર્યું કે 'તમારાં મકાનોની દીવાલોમાં પણ "રંગ" નથી–અર્થાત્ તે પોત પકડતી નથી, તેમાં "ટોનલ વૅલ્યુ" નથી.'

એમની ટીકાની યથાર્થતા સમજીને મેં ફરી પાછી ઇચિંગ પ્લેઈટને તે સ્થળ પર લઈ જઇને દીવાલોની ઇંટેઇંટ ને નળિયાં વગેરેને કાળજીપૂર્વક ઉઠાવ આપ્યો અને નહેરમાં પડતાં પ્રતિબિંબોની છાયાઓ દાખવીને પાણીમાં 'ભીનાશ' આણી. (જુઓ પૂઠા પરનું ચિત્ર)

આ સુધારા પછી કાઢેલી બીજી છાપ જોઈ પ્રોફેસરે કહ્યું કે 'પહેલાંના કરતાં ઘણું સારુ છે પણ હજુ બારીક નિરીક્ષણની જરૂર છે.'

નેધરલૅન્ડ્ઝ સરકાર તરફથી ચિત્રકળાના વધુ અભ્યાસ-અનુભવ માટેની શિષ્યવૃત્તિની સહાયથી આમ્સ્ટર્ડામની રૉયલ ઍકૅડેમીમાં નિષ્ણાત પ્રોફેસરોની દોરવણી નીચે મને 'ઇચિંગ' કરતાં શીખવાની ખાસ તક મળેલી. ચારેક માસના ગાળામાં ત્યાં કરેલી અઢારેક કૃતિઓમાં શહેરની શેરીઓ, રળિયામણી નહેરો ને તેમાં ડોલતી હોડીઓનાં 'ઈચિંગ', 'ઇચિંગ-ઍકવાટિન્ટ', 'શ્યુગર-ઍકવાટિન્ટ' 'કલર-ઇચિંગ' વગેરે સર્વ પદ્ધતિનાં ચિત્રો છે.

ઇચિંગ વિભાગના પ્રોફેસર, નિષ્ણાત એન્ગ્રેવર કુનો બ્રિક્સ અસલી ઢબે કસાએલા હોઈ રેખાની શિસ્ત માટે ખૂબ આગ્રહી હતા. ઇચિંગ કે એન્ગ્રેવિંગમાં રેખાઓનું જ સાચું મહત્ત્વ છે; 'ટોન'–એટલે કે આછા ઘેરા પાશ-પલટા લાવવાનું બહુ જરૂરી નથી મનાતું. અસલમાં જ્યારે બ્લૉકો (ચિત્રોનાં મુદ્રણયોગ્ય બીબાં) બનાવવાની ફોટોગ્રાફિક તરકીબ નહોતી શોધાઈ ત્યારે ચિત્રોની નકલો ઉતારવા માટેનું એકમાત્ર સાધન આ 'ઇચિંગ'ની કલા જ હતી. તેમાં છાયા-પ્રકાશના ઉઠાવ સુદ્ધાં રેખાઓની શક્તિ વડે જ સાધી શકાતા. પ્રો. બ્રિક્સ એ ઢબે ઘડાએલા 'એન્ગ્રેવર' હોઈ બધી વિગતો અને 'ટોનલ વૅલ્યુ'ના ખૂબ આગ્રહી હતા. પોતાનાં સર્જનોમાં એ એટલી બધી ધીરજ અને ચોક્કસાઈથી એકેએક વિગત ઉતારતા કે તેમનો પ્રિન્ટ જોનારને ફોટોગ્રાફ જેટલી ઝીણવટ તેમાંથી મળી રહેતી.

ઇચિંગની કળાના ઘણા સમર્થ સ્વામીઓ યુરોપમાં થઈ ગયા છે. ડ્યુરર (જેમની કૃતિઓ અગાઉ 'કુમાર'માં આવી ગઈ છે) ઉપર દર્શાવેલી ચોક્કસાઈ માટે વિખ્યાત છે. જો કે રેખાની કલાને ઇચિંગમાં વાચા આપતાં સર્જનો તો મહાન કલાકાર રેમ્બ્રાંએ જ સર્જ્યાં. ઈંગ્લંડમાં વ્હિસ્લરે પણ એ કક્ષાનાં ઇચિંગ સર્જેલાં. એમની રેખાઓ માત્ર 'સૂચન' કરતી હોય છે, 'વર્ણન' નથી કરતી હોતી. જે નિરૂપવા માટે ચિત્રમાં રંગના ઠઠેરા ને વિગતોની નકશી કરવી પડતી હોય તે માત્ર થોડી રેખાઓના લસરકામાં રેમ્બ્રા જીવત કરી બતાવે છે.

આમ્સ્ટર્ડામ ઍકૅડેમીમાં ઇચિંગ શીખવામાં મને એક અનેરો લ્હાવ એ હતો કે બાજુના જ રાજ્ય-સંગ્રહાલયમાં રેમ્બ્રાંનાં મૂળ ઇચિંગ જોવા મળતાં; અને ઘણી વાર તો પુરાણા આમ્સ્ટર્ડામનાં જે સ્થળોનાં ઇચિંગ હું કરી લાવ્યો હોઉં તે જ સ્થળનાં, તે જ જગ્યાએ બેસીને રેમ્બ્રાંએ કરેલાં ઇચિંગ સાંજે ત્યાં જોવા મળતાં ત્યારે રોમાંચ થતો.

ઇચિંગના રેખાંકન માટે બે પદ્ધતિઓ છે: એક તો ઇચિંગ પ્લેઈટ તૈયાર કરી સ્થળ પર સાથે લઈ જઇને કુદરતની સામે બેસીને જ રેખાંકન કરવું; બીજો મત પોતે કરી રાખેલા સંખ્યાબંધ સ્કેચ તથા યાદદાસ્ત ઉપરથી વિચારપૂર્વકનું ચિત્રસંયોજન કરી ઇચિંગ કરવું.

જેમ તૈલચિત્ર કરનારે પરબારા પીંછીથી જ રંગના લસરકા વડે ડ્રૉઇંગ બાંધતા જવાની તાલીમ મેળવી લીધેલી હોવી જોઇએ, તેમ ઇચિંગ કરનારે સ્ટીલની અણીથી સીધું ને અફર રેખાલેખન કરવાની તાકાત મેળવી લેવી અનિવાર્ય છે. કાચોપોચો હાથ તેમાં ચાલે નહિ.


આજે ઇચિંગ, કલર ઇચિંગ કે બીજી કોઈ ગ્રાફિક આર્ટ(મુદ્રણક્ષમ કલા)ની કૃતિનાં આકર્ષણ અને પ્રચાર વધ્યાં છે. કલાકારોનાં મોંઘી કિંમતનાં મૂળ ચિત્રો વસાવવા માટે આર્થિક રીતે અશક્ત એવા વિશાળ મધ્યમ વર્ગમાં પણ આજે કલાનો શૉખ સારી પેઠે પ્રસરેલો છે. ઇચિંગમાં કલાકાર પ્લેઈટ ઉપરથી પોતાની કૃતિની પચાસ કે સો જેટલી પ્રતિકૃતિઓ ઉતારી શકતો હોવાથી તેને તે સસ્તી કિંમતે આપવી પરવડે છે; અને કલારસિક મધ્યમ વર્ગને માફકસર કિંમતે કલાકારની મૂળ કૃતિની જ તેણે સ્વહસ્તે ઉતારેલી છાપ મળ્યાનો સંતોષ ને ગૌરવ પ્રાપ્ત થાય છે. પશ્ચિમના દેશોમાં તો આ સગવડને લીધે આજે પિકાસો અને એવા બીજા નામાંકિત કલાકારોનાં 'ઇચિંગ' કે 'લીથોપ્રિન્ટ' વડે ઘણા મનુષ્યોને પોતાના આવાસો સજાવવાની તક મળે છે.

એ મહાન કલાકારો પણ પોતાના એવા પ્રિન્ટનું ગૌરવ અને મહત્ત્વ જળવાઈ રહે ને તે પરથી અનેકાનેક નકલો ઉતારાઇને તે 'સસ્તી' ન બની બેસે તે માટે તેના ઉપરથી ઉતારેલી છાપોની સંખ્યા મર્યાદિત કરી નાખે છે; અને પચાસ કે સો નકલો ઉતારી લીધા પછી પોતાના ગામના મેયરની હાજરીમાં એ પ્લેટ પર ઘસરકા કરી નાખીને તેને નકામી બનાવી મૂકે છે. વળી તેણે બહાર પાડેલા દરેક પ્રિન્ટ ઉપર તેણે સ્વહસ્તે કરેલી સહી તથા ક્રમાંક પણ માંડેલા હોય છે, એટલે ખરીદનાર પણ એ વાતનું ગૌરવ લઈ શકે છે કે જગતભરમાં ફેલાએલા તેના સો પ્રિન્ટમાંથી મારી પાસે સડસઠમો કે ચ્યાશીમો પ્રિન્ટ છે.

આપણે ત્યાં ઇચિંગ કરનારા કલાકારોમાં બે નામ જાણીતા છે: બંગાળના સ્વ. રમેન્દ્રનાથ ચક્રવર્તી અને ગુજરાતના શ્રી યજ્ઞેશ્વર શુક્લ (જે બંનેની કૃતિઓ ઘણી વાર 'કુમાર'માં પ્રકટ થઈ ચૂકી છે); છતાં હજી એ કલાનો પૂરતો પ્રચાર થયો નથી લાગતો. સામાન્ય સ્થિતિના કલાશોખીનને પણ કલાકારે જાતે તૈયાર કરેલી કૃતિ ખરીદવી પોસાય એવો આ પ્રકાર વધારે વિકસવો તથા પોષાવો જરૂરી છે.

ઇચિંગમાં નીચેનાં સાધનો જોઈએ: ૧) ધાતુની (ત્રાંબા કે જસતની) લગભગ એક દોરાની જાડાઈની લીસી સપાટ પ્લેઈટ; ૨) ટાંકણી કરતાં પણ બારીક અણીવાળું હોલ્ડરમાં ખોસેલું (સ્ટીલ-પોલાદ)નું વતરણું; ૩) તેજાબની અસર થતી અટકાવે એવું ઍસિડ-પ્રુફ—મીણની બનાવટનું 'ઇચિંગ ગ્રાઉન્ડ' નામનું રસાયન જે તૈયાર મળે છે; ૪) એવું જ 'સ્ટૉપિંગ-આઉટ વાર્નિશ' નામનું બીજું રસાયન; ૫) નાઇટ્રિક ઍસિડ—તેજાબ; ૬) અત્યંત મુલાયમ બ્રશ તથા કોઈ પણ પંખીનું જરા લાંબું સુંવાળું પીછું; ૭) પ્લેઈટની ધારો તથા ખૂણા ઘસી કાઢવા માટેની બારીક આંકાની કાનસ; ૮) કોતરણી સાફ કરી નાખવા માટેનું 'સ્ક્રેપર'; ૯) એવું જ પૉલિશ કરવા માટેનું વતરણું; ૧૦) પ્લેઈટ ગરમ કરવા માટે ઇલેક્ટ્રિક હીટર જેવું સાધન; ૧૧) ઇચિંગ ગ્રાઉન્ડ પ્લેઈટ ઉપર લગાડવા માટેનો રોલર; ૧૨) પ્લેઈટ ઉપરથી કાગળ પર છાપ ઉતારવા માટેનું (ખાસ બનાવટનું) દાબ-પ્રેસ.

અને સૌથી અગત્યની વસ્તુ તે રેખાસિદ્ધ હાથ: પોલાદી સોય વડે પ્લેઈટ પર ચોક્કસ ને



ચિત્ર નં. ૧ 'પુરાણું આમ્સ્ટર્ડામ': વાર્નિશ કરેલી તૈયાર પ્લેઈટ સ્થળ ઉપર લઈ જઈને ત્યાં જ આલેખેલું ચિત્ર (કલાકાર · શાન્તિ શાહ)

અફર, ધારી રેખા આલેખી શકે એવો તાલીમબદ્ધ હોય. જેને રેખા સહજ સાધ્ય હોય તે જ આસાનીથી ઈચિંગ કરી શકે.

ઝિંકનું (જસતનું) પતરું સહેલાઈથી કોરાઈ જાય તેવું પોચું ને સસ્તું હોય છે. પચાસ કે સો કરતાં વધારે નકલો ઉતારવી હોય તો જ ત્રાંબાનું પતરું જરૂરી ગણાય.

પહેલાં તો બરોબર કાટખૂણે કાપેલું જરૂરી માપનું પતરું કાપીને તેની ધારોને કાનસ વડે ઢાળ પાડી લીસી બનાવી દેવી ને ખૂણાને ઘસીને ગોળાઈ આપી લેવી, જેથી છાપ લેતી વખતે દબાણમાં કાગળને ફાડે નહિ. પછી તેના પર ક્યાં યે ચીકાશ ન રહે તે માટે સાબુના પાણીથી તેને બરોબર ધોઈને સૂકવી નાખવું; અને તે પછી એટલી ખબરદારી રાખવી કે તેને લેતી મૂકતી વખતે સાફ કરેલા ભાગને આંગળીનો પણ ડાઘ પડે નહિ.

આટલું થયા પછી હીટર પર પ્લેઈટને ગરમ કરી લઈ તેના પર રોલર વડે 'હાર્ડ ઇચિંગ ગ્રાઉન્ડ' એકસરખું લગાવો. એમાં ટાંકણીના માથા જેટલો યે કોરો ભાગ (પિનહોલ) ક્યાંય ન રહેવો જોઇએ. આ માટે 'પ્રવાહી ઇચિંગ ગ્રાઉન્ડ' આવે છે તે પણ વાપરી શકાય.

હવે તેલના દીવાની મોટી કરેલી જ્યોત ઉપર ગ્રાઉન્ડ આપેલી બાજુને ધરી રાખી ફેરવતા જઈ તેના પર મેશ ચોંટવા દો. ધ્યાન રાખો કે દીવા પર પ્લેઈટને સ્થિર નહિ રાખતાં ફેરવ્યા કરવાની છે; પ્રમાણસર નહિ ફેરવતાં ક્યાં યે વધુપડતી ગરમી લાગી જશે તો તે પરનું મીણિયું 'ગ્રાઉન્ડ' પીગળીને ખસી જવા સંભવ છે. એટલે પ્લેઈટ ક્યાં ય વધુપડતી ગરમ ન થાય ને મેશ એકસરખી લાગે તે જોવું.

મેશ લાગેલી પ્લેઈટને હવે ફરી હીટર ઉપર સ્હેજસાજ ગરમ થવા દેવી, જેથી મેશ ગ્રાઉન્ડના મીણ સાથે એકરસ થઈ ચોટી જશે અને આલેખન કરતી વખતે હાથને ડાઘ નહિ પડે.

આલેખન કરવા માટે સ્હેજ ગોળાઇદાર તીક્ષ્ણ અણીવાળી સ્ટીલ વાપરવી કે જે પેલા મીણિયા પડને જ ઉખેડી શકે પણ પ્લેઈટના પતરા પર ઊઝરડો ન પાડે. ને અગાઉ જણાવ્યા પ્રમાણે કુદરતમાં સુદ્દામ સ્થળ પર જઇને જ આલેખન કરવું હોય તો સપાટી ન જોખમાય એટલી કાળજીથી પ્લેઈટ ત્યાં લઈ જવી.

આલેખન જો સ્થિર ને હળવે હાથે એકસરખી સમતુલાથી થયું હશે તો જ્યાંજ્યાં તમારી 'નીડલ' ફરી હશે તેટલી રેખાઓવાળા ભાગમાંથી 'ગ્રાઉન્ડ' ઊખડી આવીને પ્લેઈટ ખુલ્લી થઈ ગઈ હશે.

હવે પ્લેઈટના પાછલા ભાગને પણ તેજાબની અસર ન પહોંચે તે માટે ત્યાં ડામર કે બ્લૅક જાપાન જેવા કોઈ રસાયનનું પડ ચોપડી દો.

હવે તેજાબની જલદતાને ઓછી કરવા તેમાં સારી પેઠે પાણી નાખી તેને હળવો બનાવી દો અને પ્લેટ તેમાં પૂરી ડૂબતાં ઉપર બેત્રણ ઇંચ પ્રવાહી રહે એવડી, પોર્સીલિન કે ચાઈના ક્લેની છીછરી તાસકમાં પ્લેઈટને મૂકો. તેમ કરતાં ઍસિડ છલકાઇને હાથ કે કપડાંને છાંટા ન ઉડાડે તેની સાવચેતી રાખો.

તરત જ, જ્યાં જ્યાં તેજાબ પતરાને કોતરતો જશે ત્યાં ત્યાં બારીક પરપોટા વળવા માંડશે. તેને એકાદ ફૂટ લાંબા તથા સહેજ પહોળા પેલા પીછા વડે હળવે હાથે ભાંગતા જજો; નહિતર તેની નીચેના ભાગ પર તેજાબની અસર પહોંચશે નહિ.

પ્લેઈટને ઍસિડમાં કેટલો વખત રાખવી? એ તો ચિત્રમાં કેવીકેવી અસરો લાવવી છે તે પર આધાર રાખે છે. ધારો કે તમારે આકાશમાં હવા ભરીને ચાલતી મુલાયમ વાદળીઓની રેખાઓ સૌથી બારીક રાખવી છે. તો પ્લેઈટને ૨૫થી ૪૦ સેકંડ રાખી તરત બહાર કાઢી લેવી એટલે તેટલા પૂરતી જ એ રેખાઓ કોરાશે. પછી તરત સ્વચ્છ પાણીમાં ડુબાવીને કે પોચી ધારવાળા નળ નીચે કાળજીથી ધોઈ નાખવી. અને પછી 'સ્ટૉપિંગ આઉટ વાર્નિશ'થી એટલી રેખાઓને પીછી વડે દબાવી દેવી.

હવે વધારે કોતરણી માટે પ્લેઈટને ફરી ઍસિડમાં મૂકવી. આ વખતે જો બંધ કરેલી રેખાઓવાળા ભાગમાંથી પણ પરપોટા નીકળતા જણાય તો સમજવું કે વાર્નિશ બરોબર લાગ્યો નથી; માટે પ્લેઈટને ફરી બહાર કાઢી, તરત ધોઈ, વાર્નિશ સરખો કરી લેવો. હવે ક્ષિતિજ પરનાં મકાનો તથા વૃક્ષોની રેખાઓ વગેરે માટે જરૂરી બારીક રેખાઓ મળી રહે એટલા પૂરતી દોઢેક મિનિટ પ્લેઇટને તેજાબમાં રાખવી. ફરી કાઢી લઇને તાજા સ્વચ્છ પાણીથી નિખારી લેવી અને એ મકાનો તથા વૃક્ષોની રેખાઓને વાર્નિશથી બંધ કરી લેવી.

તેજાબના ત્રીજા તબક્કામાં, ચિત્રની વચ્ચેના જે ભાગોને જેટલા વધુ ઘેરા રાખવા હોય તેટલા પ્રમાણમાં—એકાદ મિનિટ—પ્લેઇટને રાખવી; ને તે પછી આગળના ભાગમાં પડેલા કાટમાળ, લાકડાં વગેરેને વધુ ઘેરાં દર્શાવવા તેની રેખાઓ વધુ ઊંડી કોતરવી પડે તો તે માટે જરૂરી સમયનો ઍસિડબાથ આપવો.

આ પછી પ્લેઈટને આગળપાછળથી કેરોસીન વડે ઘસીને સાફ કરવાથી 'ગ્રાઉન્ડ' તથા ડામરનાં પડ સાફ થઈ જશે અને પ્લેઈટ છાપ ઉતારવા માટે કોરાઇને તૈયાર બની જશે.


છાપ ઉતારવા માટેના કાગળો પણ ડ્રૉઈંગ પેપર કરતાં ઘણા મજબૂત—સૂતરના ડૂચામાંથી બનાવેલા દેશી હાથબનાવટના 'કલમખુશ' કે વિલાયતી 'વૅટમૅન' કે એવી ઊંચી જાતના જોઇએ. તેને જોઈતા માપમાં કાપી, થોડા સમય અગાઉથી જરા ભીનાશવાળા કરી રાખવા; અને છાપ લેતાં અગાઉ તેની ભીનાશને સૂકવી નાખી માત્ર જરા 'હવાએલા' રહેવા દેવા જેથી તે બારીકમાં બારીક રેખાઓની છાપને પણ પકડી લેવા જેટલી કુમાશવાળો રહ્યો હોય.

હવે, સાફ કરેલી પ્લેઇટ ઉપર, છાપવાની કાળી (કે સેપિયા—જે રંગની જોઇએ તે રંગની) શાહી લગાવવી. તે માટે પ્લેઇટ સહેજ ગરમ હોય તો સારું. નીચે હીટર રાખેલી લોખંડની સપાટ પાટ આ માટે અનુકૂળ રહે છે. તેના પર પ્લેઈટ મૂકીને. જાડા છતાં મુલાયમ કપડાની મજબૂત ગોટી બનાવી તે વડે શાહીને પ્લેઈટ પર દાબી દાબીને ઘસતા જઈ પ્રત્યેક રેખાના ઊંડાણમાં શાહી બરોબર પુરાઇ જાય એ રીતે લગાડવી. શાહી બરોબર લાગી ગયે, પ્લેઈટને એક હથેળીમાં સપાટ પકડી રાખી બીજી હથેળી વડે તેની સપાટી પરની શાહી જોરથી ઘસીને લૂછી કાઢવી. આથી બે કામ થશે: સપાટી પરથી વધારાની શાહી લુછાતી જશે, ને જે બારીક રેખાઓમાં શાહી પુરાવી રહી ગઈ હશે તેના ઊંડાણમાં પણ પુરાઈ જશે.

આ રીતે પ્લેઈટ સાફ થઈ ગયા બાદ મલમલ જેવા મુલાયમ કપડાને તે પર ખૂબ હળવા હાથે ફેરવવાથી શાહી સહેજ ઉપર તરી આવશે. પણ આ ક્રિયા વધુ ઘેરી છાપ લેવી હોય તો જ કરવી. અને હવે તૈયાર પ્લેઈટને દાબપ્રેસમાં મૂકી, તેના પર પેલો હવાએલો કાગળ ધીમેથી ચોમેર યોગ્ય જગ્યા છોડીને ગોઠવી, તે પર મખમલ કે બનાત જેવાં બેત્રણ જાડાં કપડાં ગોઠવી જોરથી દાબ લેવો. એ વખતે ધ્યાનમાં રાખવું કે દબાણના આંચકા ન વાગે પણ એકસરખું દબાણ જ અપાય.

પછી હળવેથી કપડાં ઉઠાવી લઈ, કાગળને એક કિનારથી, ધીમેધીમે, પ્લેઈટ પર જરા યે ઘસાય નહિ એ રીતે ઊંચો કરતા જઈ ઉખેડી લેવો. (એમ કરતાં ઘસારો કે આંચકો આવશે તો છાપ રેળાઈ જશે.) આ થઈ તમારી પ્રથમ પ્રુફ નકલ (જુઓ ચિત્ર નં. ૧).

આમાં જો ઇચ્છિત રેખાઓ ધારેલી અસર ન ઉપજાવતી લાગે, તો ફરી પ્લેઈટ પર 'ગ્રાઉન્ડ' લગાડી, બીજી રેખાઓ વગેરે ઉમેરવાની હોય તે ઉમેરી, ફરીથી કોરવાની બધી ક્રિયાઓ કરીને ધાર્યું પરિણામ લાવી શકાય. આ ક્રિયામાં જેમ નવી રેખાઓ ઉમેરી શકાય છે, તેમ




ચિત્ર નં. ૪૨ છાયાપ્રકાશના સંપૂર્ણ ટોન ધરાવતી ત્રીજા તબક્કાની છાપ




'જોગના ધોધ': શ્યુગર ઍકવાટિન્ટની પદ્ધતિએ કરેલું ઍચિંગ (શાન્તિ શાહ)



ચિત્ર નં. ૨ 'ઑસ્ટ્રિયન આલ્પ્સના ગોદમાં' ટિન્ટ ઉમેર્યા પહેલાંની પ્રથમ ભૂમિકા



ચિત્ર નં. ૩ એચિંગ પછી પ્લેઈટને પાઉડર કરીને ફરી કરેલું એચિંગ: બીજી કક્ષા



આમ્સ્ટર્ડામની મધ્યનું એક દૃશ્ય · સ્થળ ઉપર બેસીને સીધું તૈયાર પ્લેઈટ ઉપર કરેલું રેખાંકન (કલાકાર · શાન્તિ શાહ)

ન જોઈતી રેખાઓને 'સ્ક્રેપર'થી ઘસીને તેની સપાટીને બાજુની સપાટી બરાબર મિલાવી લેવાથી દૂર પણ કરી શકાય છે. રેમ્બ્રાંએ આવા પ્રયોગ બહુ કર્યા છે. તેના અમુક પ્રિન્ટમાં જે આલેખનો છે તે સુધારેલા પ્રિન્ટમાં નથી; તો ક્યાંક નવા ઉમેરા પણ થયા છે.

હવે આવા કેવળ રેખાઓથી જ બનેલા પ્રિન્ટમાં હાફટોન બ્લૉક જેવા છાયાપ્રકાશના આછાઘેરા પાશ-'ટોનલ વૅલ્યુ'-નો ઉમેરો કરવો હોય તો તેને માટે પણ એક પદ્ધતિ વિકસી છે. તેને 'ઍકવા ટિન્ટ' કહે છે. એમાં પ્લેઈટ ઉપર રેઝિન (રાળ કે બેરજા)ની બારીક ભૂકીનું હવાઈ પડ પાથરવાનું હોય છે. આ માટે એક ચારેક ફૂટ ઊંચા-પહોળા ખોખામાં રેઝિનનો અત્યંત બારીક ભૂકો મૂકી, તેની નીચેના કાણામાં ગોઠવેલી ધમણ વડે એ ભૂકાને ઉડાડવામાં આવે છે; અને એ ઊડેલા પાઉડરનાં રજકણો ખોખામાં પાછાં નીચે પડતાં જાય તે દરમ્યાન પ્લેઈટને તેની નીચે સરકાવી દેવામાં આવે છે. જો પ્લેઈટ પર જાડા કણ જોઈતા હોય તો પાઉડર ઉડાડીને તરત જ પ્લેઈટ સરકાવી દેવી, અને જો બારીક કણનું પડ જોઈતું હોય તો થોડી વાર જાડા કણને શમી જવા દઇને પછી પ્લેઈટને મૂકવી.

આ રીતે પ્લેઈટ પર પાઉડરનું હવાઈ પડ જામવા દીધા પછી તેને એટલી બધી સાવચેતીથી બહાર કાઢવી કે તમારો શ્વાસ પણ તેને લાગે નહિ; નહિતર તેથી પણ પાઉડર ખસી જશે. પછી નાના હીટર પર તેને ધરવાથી પાઉડરના સૂક્ષ્મ કણ ઓગળીને પ્લેટ પર ચોંટી જશે. ગરમ થવાથી એ કણ પારદર્શક થઈ ગયા હોઇને નીચેની રેખાઓ જોઈ પણ શકાશે. પણ એ ગરમી આપવામાં ખૂબ કાળજી તથા દક્ષતા રાખવી પડે. જો જરા પણ ગરમી વધે તો કણ ઓગળી જઇને પ્લેઈટ પ રેલાવા માંડે. આમ થઈ જાય તો પ્લેઈટને સાફ કરી નાખી બધી ક્રિયા નવેસરથી કરવી પડે.

હવે રેઝિનના કણ ચોંટેલી પ્લેઈટમાં જ્યાં તમારે 'હાઈ લાઈટ' કે સફેદ 'ટોન' રાખવાં હોય તેટલા ભાગને 'સ્ટૉપિંગ-આઉટ' વાર્નિશથી પીછી વડે ભરી દો એટલે એ ભાગ નહિ કોરાય. એ પછી પ્લેઈટને અરધી કે એક સેકન્ડનો ઍસિડ બાથ આપી તુરત બહાર કાઢી સ્વચ્છ પાણીથી ધોઈ નાખવી. ખરું જોતાં આમાં તો પ્લેઈટને ઍસિડથી માત્ર સહેજ 'દઝાડી' દેવાની જ હોય છે, જેમાં રેઝીનના સૂક્ષ્મ કણોની ચોમેરનો ભાગ કોરાઈ જતાં તેમાં ભરાએલી શાહીથી છાપમાં હાફટોનના 'ડૉટ' જેવી અસર પડશે.

આ જ રીતે જેમજેમ ઘેરાશના જેટલા ચડતા તબક્કા જોઈતા હોય તેમતેમ તેટલા ભાગ ખુલ્લા રાખી બાકીનામાં સ્ટૉપિંગ-આઉટ વાર્નિશ લગાડતા જવું અને પાઉડરની હવા આપી, કણને ગરમીથી ફિક્સ કરી, ઍસિડથી દઝાડતા જવું. આમ કરતાં કરતાં છેલ્લા ટોનને લગભગ કાળાશ સુધી લઈ જઈ શકાય. આ થયું ઇચિંગ-ઍકવા ટિન્ટનું મિશ્રણ. તેના વિવિધ તબક્કાઓ માટે જુઓ ચિત્ર નં. ૨-૩-૪.

શ્યૂગર ઍકવા ટિન્ટ

'શ્યૂગર-ઍકવા ટિન્ટ'ની પદ્ધતિ આના કરતાં ઊલટી જ છે. એમાં પ્લેઈટને સાફ કરીને તરત (ગ્રાઉન્ડ લગાડયા પહેલાં જ) ચિત્રકામ કરવામાં આવે છે. ખાંડના પાણીમાં કાળો રંગ નાખીને તૈયાર કરેલા પ્રવાહીથી ઇચ્છિત રેખાઓ પીછી વડે પહેલાં પ્લેટ પર આલેખવી. એમાં જ્યાંજ્યાં 'ટોન' હળવો રાખવો હોય ત્યાંત્યાં ચીકાશવાળી આંગળીઓ હળવે હાથે ફેરવો. (આ માટે હાથને માથા પર ઘસીને સહેજ તેલની ચીકાશ મેળવી લેવી.) આથી હવે ત્યાં જે કોઈ પીછીના લસરકા પડશે તે આપોઆપ હજારો સૂક્ષ્મ બિંદુઓમાં વહેંચાઈ જશે. આ રીતે પહોળા-સાંકડા જેવા જોઇએ તેવા ટચિઝ મારી લેવા.

એ બધું સુકાઈ ગયા બાદ પ્રવાહી 'ઇચિંગ ગ્રાઉન્ડ'માં રૂનું પૂમડું બોળી તે વડે આખી પ્લેઈટ પર તેનું કોટિંગ (પડ) લગાવવું. બધી રેખાઓ તથા પ્લેઈટ સંપૂર્ણપણે ઢંકાઈ જાય. પાંચેક મિનિટમાં તે સુકાઈ જાય એટલે આખી પ્લેઈટને પાણીમાં ઝબોળી પોચી વાદળી (સ્પન્જ) વડે ઘસીને સાફ કરવાથી જ્યાંજ્યાં ખાંડના પાણી વડે રેખાંકન કર્યાં હશે તે બધાં પરથી કોટિંગ ઊખડી જશે અને પ્લેઈટનો દેખાવ કાળી ભોંય પર ખોતરીને કરેલા ચિત્ર જેવો મનોરમ બનશે. એમાંની પહોળી રેખાઓ સમૂળી કોરાઈ ન જાય તે માટે એના પર પણ હવે, ઉપર જણાવ્યા મુજબ, રેઝિન પાઉડરનું પડ પાથરવું. જ્યાં તેના કણ પડયા હોય છે ત્યાંની જગ્યા કોરાતી નથી; ને ગરમ થઇને ફિક્સ થયા બાદ એના દાણા શાહીને લૂછતી વખતે પકડી રાખતા દાંતાનું કામ કરે છે.

હવે ઇચિંગની પદ્ધતિએ જ ઍસિડબાથ આપી પ્લેઈટને ઇચ્છા મુજબ કોતરી લેવી. થોડા વધુ બાથ આપતાં પાઉડરના દાણા નીકળી જવાનો સંભવ છે. એવું બને ત્યારે ફરીથી પાઉડર આપવો પડે.

કલર ઇચિંગ

રેખાચિત્ર પ્લેઈટ ઉપર કોરાઈને તૈયાર થયા બાદ તેનું કાળા રંગનું પ્રૂફ સંતોષકારક લાગે એટલે પછી તે જ પ્લેઈટ ઉપરથી બહુરંગી છાપ લઇને 'કલર-ઇચિંગ' પણ સર્જી શકાય. આ માટે પ્લેઈટ ઉપર પહેલાં ચાલુ પ્રિન્ટ લેવા માટેની કાળી શાહી લગાડી, તેને લૂછીને પ્રૂફ કાઢવા માટે તૈયાર કરીએ છીએ તેમ કરવી, અને એમાં કાળા રંગ પુરાયા વિનાની સપાટીને શક્ય તેટલી સંપૂર્ણ સાફ કરવી.


હવે ખાડાઓમાં પુરાએલી શાહીને લેશ આંચ ન આવે એ રીતે, પ્લેઈટના સપાટ લૂછેલા ભાગો ઉપર કપડાની મુલાયમ પોટલી વડે તૈલચિત્રના વિવિધ રંગો કે છાપકામની જોઈતા રંગની શાહીઓ 'ડબ' કરતા જઇને લગાવો. જુઓ આ અંકનું પાછળનું રંગીન ચિત્ર 'કૉર્સિકાનો કિનારો'. એમાં પાણીના ભાગ પર જેમ વાદળી રંગ, ખડકના ભાગ પર લાલબદામી અને લીલોતરીના ભાગ પર પોપટી-લીલા રંગો દેખાય છે, તે રીતે અનુરૂપ ત્રણ-ચાર-પાંચ વિવિધ રંગો લગાડી શકાય. એના ઉપરથી છાપ લેતાં એ વિવિધ રંગો પશ્ચાદ્ભૂમાં ફેરવાઇ જઇને તેની છાપની સાથોસાથ કાળા રંગની રેખાકૃતિ પણ ભળીને મનોહર રંગચિત્ર બનશે.

આ પદ્ધતિ એક જ પ્લેઈટ પરથી વિવિધરંગી ચિત્ર ઉપજાવવાની થઈ. બાકી તો પ્રત્યેક રંગ માટે જુદી જુદી પ્લેઇટો પે કોરી શકાય છે.

કલર-ઇચિંગની આ પદ્ધતિમાં દરેક પ્રિન્ટ (છાપ) વખતે અલગ અલગ રંગરચના કરવાનો અવકાશ પણ રહેલો છે.

વ્યાપારચિહ્ન માટે પારિતોષિક

દાલમિયા-ઉદ્યોગ માટે યોજાએલી વ્યાપારચિહ્ન-સ્પર્ધામાં વડોદરા યુનિવર્સિટીની ફાઇન આર્ટ્સ કૉલેજના શ્રી વસંત ચિત્તેને રૂ. ૨૫૦૦નું પ્રથમ ઈનામ મળ્યું છે. એ ચિહ્ન (insignia) અહીં આપ્યું છે. એમાં 'દાલમિયા એન્ટરપ્રાઇઝિઝ'ના પ્રથમાક્ષરો 'ડી' તથા 'ઇ'ને ઔદ્યોગિક કારખાનાંની સાદી પણ ચોટદાર આકૃતિમાં ગોઠવ્યા છે. એ પછી બજાજ ઇલેક્ટ્રિકલ્સની વ્યાપારચિહ્ન-સ્પર્ધામાં પણ એમને રૂ. ૩૦૦નું પારિતોષિક મળ્યું છે. શ્રી ચિત્તે હાલ એ કૉલેજના ઍપ્લાઈડ આર્ટ્સ વિભાગમાં લેક્ચરર છે.



બૅંકના મકાન પર ભીંત-શોભન

વ્યાપાર અને અર્થતંત્રના એક કાળે શુષ્ક ગણાતા ક્ષેત્રમાં જે વિવિધ મિષે કળા પ્રવેશ પામી છે તેમાં ભીંતચિત્રોનો પ્રકાર પણ છે. અમેરિકાની ચેઇઝ મૅનહટ્ટન બૅંકિંગ કૉર્પોરેશનની જાહેરખબરો જેમણે જોઇ હશે તેમને બૅંક ઑવ ઇંડિયાના તાજેતરના એવા એક પ્રગરણના સમાચારથી આનંદ થશે.

પૂર્વ આફ્રિકામાં કંપાલા ખાતે ખુલ્લી મુકાએલી એ બૅંકની શાખાના નવા મકાનની ભીંત પર એક મોટું 'મોઝેઇક મ્યૂરલ' (ભીંતજડિત શોભનાલેખન) કરવામાં આવ્યું છે. એમાં દુનિયાના વિવિધ દેશોમાં વપરાતાં વિવિધ ચલણોનાં જે પ્રતીકાલેખન કરવામાં આવ્યાં છે તે સુશોભન-ગુણ ધરાવવા સાથે કુતૂહલપ્રેરક અને માહિતીપ્રદ પણ છે. બાજુમાં રજૂ કરેલા એના ચિત્ર પર માંડેલા ક્રમાંક અનુસાર તે તે દેશોનાં ચલણનાં નામ આ મુજબ છે: ૧) ઇજિપ્ત આબિસીનીઆ અને આફ્રિકાના દેશોની સોનાની કડીઓ, મિટાકો; ૨) કૉંગોનું 'હો' (હળ-કોશ કે ખુરપી) આકારનું નાણું; ૩) યુગાંડાની કોડીઓ; ૪) એ જ દેશનું 'હો' નાણું; ૫) ઉત્તર અમેરિકાનું ત્રાંબાનાણું 'પૉટલૅચ'; ૬) ભારતનો રૂપિયો; ૭) નાઈજીરિયાની પિત્તળની બંગડી; ૮) ચીનનો કૂતરાનો દાંત; ૯) ચીનનું પાવડા આકારનું નાણું; ૧૦) ચીનની પિત્તળની કોડીઓ; ૧૧) ચીનનું પૂલ આકારનું નાણું 'ચિંગ'; ૧૨) બ્રિટનનો પાઉન્ડ; ૧૩) બ્રિટનનું કલાઈનું 'લ્યુગૉટ'; ૧૪) પ્રાચીન ગ્રીસનું ધૂત્રડ આકારનું નાણું; ૧૫) નાઈજીરિયાનું અને પુરાતન યુરોપના કાંસ્ય યુગનું ચૂડી કે કડાના આકારનું નાણું 'મનિલા'; ૧૬) મલાયા દ્વિપકલ્પનું 'હૅટ' (ટોપી) નાણું; ૧૮) અમેરિકાના પૂર્વકિનારાના દેશોનું 'વામ્પુમ' નાણું; ૧૯) કૉંગોનું 'બંગાલા' નામનું લોહ-નાણું; ૨૦) જર્મનીનું કાંસાની કુહાડીનું ફળું; ૨૧) ચીનનું છરી આકારનું નાણું; ૨૨) ટી-બ્રિક (ચાની ચકતી-ઇંટો)નું નાણું; ૨૩) કૉંગોનું છરી-નાણું; ૨૪) નાઈજીરિયાના પિત્તળના મણકા; ૨૫) અમેરિકાના પશ્ચિમ કિનારાના દેશોમાં વપરાતું દંતૂશળ આકારનું છીપ-નાણું; ૨૬) સાન્ટાક્રુઝનું સાદડી ઘાટનું નાણું; ૨૭) પશ્ચિમ આફ્રિકાના ઍગ્રી મણકા; ૨૮) લાઈબીરિયા અને સીએરા લીઓનના 'મિસ્સી પેની' સિક્કા; ૨૯) ઉત્તર ર્હોડેશિયાના કટાંગા ક્રૉસ; ૩૦) રોમના કાંસાયુગના 'એઈસ ગ્રેવ' સિક્કા; ૩૧) ચીનના 'પાઇ' અને 'ચીઆન' સિક્કા; ૩૩) ચીનના 'હો' સિક્કા; ૩૪) માયીનીના કાંસાના 'હાઈડ-મની'; ૩૫) યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાનો ડૉલર; ૩૬) ઈરાનના અખાતના 'લેવિન'; ૩૭) યુગાન્ડાની હાથીદાંત અને છીપની 'ડિસ્ક'; ૩૮) ઍમ્ફોરા; ૩૯) યુગાન્ડાની હાથીદાંત ને છીપની 'ડિસ્ક'; ૪૦) દક્ષિણ નાઇજીરિયાનું સોય આકારનું ચલણ; ૪૧) બ્રિટિશ કલાઈ-નાણું; ૪૨) પૂર્વ આફ્રિકાની કોડી.




વિજ્ઞાનભવનની દીવાલો પર

પાટનગર નવી દિલ્હીના 'વિજ્ઞાનભવન'ની ભીંતો પર કલાકાર અમરનાથ સહગલ કૃત કાંસાની શિલ્પાકૃતિઓની માંડણી કરવામાં આવી છે. તેમાં, ભારતના ગ્રામજીવનનાં આલેખન છે: ખેતરમાં જતો ખેડૂત, ખેતી કરતો કૃષિકાર, પોતાની મહેનતનાં ફળ (ફસલ) પામતા ખેડૂત (જુઓ ચિત્ર) વગેરે ઉપરાંત રેંટિયો કાંતતી સ્ત્રીઓ, રણશીંગાં ફૂંકનાર વાદ્યકારો, ઢોલી, ભરતભરેલા ગ્રામપોશાકો, નૃત્યકારો આદિ સાંસ્કૃતિક જીવનનું નિરૂપણ પણ એના વિવિધ ભાગો પર કરવામાં આવ્યું છે.

કલાપી

મુકુન્દરાય વિ. પારાશર્ય

સત્યકથા-૪



વરલ દરબાર શ્રી હરિસિંહજી ગોહિલ પોતે કવિ હતા. શિષ્ટ આચારના થીઓસોફિસ્ટ હતા અને ભાવનગરની થીઓસોફિકલ લૉજના સ્થાપક તથા પ્રમુખ હતા. તેમની પ્રેરણાથી લાઠીઠાકોર સુરસિંહજી 'કલાપી' પણ થીઓસોફિસ્ટ થએલા.

અત્યંત લાગણીવશ અને કાવ્યરસિક કલાપીએ વ્યવહારથી કંટાળી એક વખત રાજ્યત્યાગનો સ્પષ્ટ વિચાર કર્યો હતો અને ગાદી છોડવા તત્પર બન્યા હતા. તે વખતે કલાપીને સમજાવવા વરલ દરબાર હરિસિંહજીએ વિનય ને સંકોચથી, છતાં બહુ સ્પષ્ટ શબ્દોમાં તેમને 'કેટલુંક ન રુચે તેવું કહેવું પડયું હતું.' તેના ઉત્તરમાં કલાપીએ લખ્યું:

'જે લખ્યું છે તેને માટે ઉપકાર માનું છું. માન-અપમાનનો કદી વિચાર કરશો નહિ. સ્નેહમાં, અને સ્નેહી પણ જ્યારે સ્નેહીના હિતનો વિચાર કરતો હોય છે ત્યારે, માન-અપમાનના વિચારથી હાનિ જ થાય છે. આપ હમેશાં જે મનમાં આવે તે લખશો.'

આ લાઠી ઠાકોર સુરસિંહજી ગોહિલને (ઈ.સ. ૧૮૭૪ થી ૧૯૦૦) ઘણા મિત્રો હતા. સાક્ષરવર્ય ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, શ્રી મણિલાલ નભુભાઈ, શ્રી મણિશંકર રતનજી 'કાન્ત' વગેરે તેમના સુરભ્ભી મિત્રો હતા. દરબાર શ્રી હરિસિંહજી રૂપસિંહજી ગોહિલ, દરબાર શ્રી વાજસુરવાળા તથા કાળુભા રાણા વગેરે તેમના રજવાડી સાહિત્ય-સંસ્કારપ્રેમી મિત્રો હતા. શ્રી જીવનરામ લક્ષ્મીરામ દવે 'જટિલ,' પ્રથમ ભાવનગરમાં કેળવણીખાતામાં નોકરી કરતા તેમને કલાપીએ નોકરી આપી લાઠી બોલાવી લીધા. ગોંડલના શ્રી જન્મશંકર મહાશંકર બુચ 'લલિત'ને આમંત્રી લીધા. મહુવાના મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકરને કવિ તરીકે પેન્શન બાંધી આપીને ખેંચી લીધા. તેમની સાથે તેમના નાના ભાઈ હરગોવિંદને યે આકર્ષી લીધા. કુંડલાના શાસ્ત્રી તથા વૈદ્ય સૌજન્યમૂર્તિ પ્રભુલાલ પ્રભાશંકરને સંસ્કૃત ભાષાસાહિત્ય ભણવા ગુરુપદે સ્થાપી બોલાવ્યા. આમ, કાવ્યરસિક ને સંસ્કારશીલ જેજે વ્યક્તિ માટે કલાપીને આદર હતો તેતેને લાઠીમાં લેવા પ્રયત્ન કરેલા.

ભિન્નભિન્ન શ્રેણિના, નાનીમોટી વયના, સાહિત્યજ્ઞ અને સંસ્કારમંડિત મિત્રોથી કલાપી વીંટાઇને રહેતા અને પ્રત્યેક સાથે નમ્રતાથી, ગુણજ્ઞતાથી, સહૃદયતાથી અને ઉદારતાથી વર્તતા. કલાપીએ પોતે એક સ્થળે લખ્યું છે: 'હું કવિ છું એવું હું માની જ શકયો નથી... મારા જીવનમાં કલા નથી, માત્ર લાગણીઓ છે.' આ લાગણી એટલી દૃઢ હતી કે મિત્રો કે સ્નેહીજનો તેમના પર જે ગુજારે તે સહી લેવા તત્પર હતા. ઉદારતા અને ક્ષમતાના ગુણ તેમનામાં ઘણા ખીલેલા હતા.

આ મિત્ર-કાફલામાં મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર અને તેમના નાના ભાઈ હરગોવિંદ ઘણા સ્વમાની હતા અને બહુ ઉગ્ર હતા. હરગોવિંદના સ્વભાવની કડકાઈ તેમના મોટાભાઈની રુદ્રતા પાસે સામાન્ય લાગતી. બન્ને ભાઈઓ પોતાને જે સત્ય લાગે તે વાત, વગર પૂછયે અને પરિણામની પરવા વગર નીડરપણે કહી દેવાના સ્વભાવવાળા હતા. કોઈ વાર તત્કાલ રોષે ભરાઈ જતા તે વખતે હકીકતને સમજવા ઊંડે ન ઊતરે તેવા ઉતાવળા સ્વભાવના હતા. છતાં પોતાની ભૂલ જણાય ત્યારે તત્ક્ષણ તેનો સ્વીકાર કરી અન્તઃકરણથી માફી માગનાર હતા. એવા એ મસ્ત, સ્વમાની ને ઉગ્ર ભાઇઓ સાથેનો ઉદારદિલ કલાપીનો એક એક પ્રસંગ અહીં રજૂ કર્યો છે.

આ પ્રસંગોની વાત હરગોવિંદ પ્રેમશંકર કવિએ જાતે કરેલી, આખરી વયે કરેલી, વારંવાર કરેલી. કલાપીના સમવયસ્ક મિત્ર હરગોવિંદે સૌહાર્દનિધિ કલાપીને ભરયુવાનીમાં ગુમાવ્યા પછી એકધારા પાંચદશકા સુધી મિત્રનાં ગુણસ્મરણને વાગોળ્યાં છે. એ હરગોવિંદ અત્યંત સત્યનિષ્ઠ હતા. શ્રી મણિશંકર રતનજી ભટ્ટે ('કાન્તે') તેમને ઋષિપુરુષ તરીકે ઓળખાવ્યા છે એવા સાત્ત્વિક આચારવિચારવાળા તે હતા, એટલે તેમની વાતમાં અતિશયોક્તિનો અંશ હશે એમ મને લાગ્યું નથી.

કલાપી બહારગામ જતા ત્યારે પણ ઘણે ભાગે મિત્રોને સાથે લઈ જતા. એક વખત મિત્રોને લઈ તે માથેરાન ગએલા. મિત્રોમાં મસ્ત કવિ ત્રિભુવન તથા હરગોવિંદ પણ હતા. એક દિવસ બપોર પછી કલાપી મિત્રો સાથે બેઠા હતા તેવામાં એક પંખી વેચનારો બુલબુલ તથા મેનાનાં પાંજરાં લઇને વેચવા આવ્યો. બુલબુલોને જોતાં જ કલાપી ખૂબ આનંદ ને આવેશમાં આવી ગયા. આવાં બુલબુલો લાઠીમાં ન હતાં તે બાબતનો ખેદ વ્યક્ત કર્યો. લાઠીને બુલબુલોથી ગાજતું કર્યું હોય તો કેવું? એવી કલ્પના કરવા લાગ્યા અને પછી કેટલાં બુલબુલો ખરીદવાં તે મિત્રોને પૂછવા લાગ્યા ને જાતે પાંજરું ઊંચકી એકીટશે બુલબુલોને જોઈ રહ્યા.

કલાપીની આ ચર્ચાથી હરગોવિંદ નારાજ થતા જતા હતા. તેમણે પાછળથી કંઈક ઉગ્ર સ્વરે કહ્યું: 'ઠાકોર, તમારી લાઠીમાં બુલબુલો આપમેળે આવે એવા બાગ બનાવો એટલે બુલબુલો આવશે. તમારે એવું વાતાવરણ કે બાગ સર્જવવાં નથી ને બુલબુલો જ સાંભળવાં છે એટલે આવાં બીચારાં પખીને તમે પકડી પાંજરે પૂરીને દીવાલો વચ્ચે ગોંધી રાખો છો. બીચારા વગડાના જીવને વગડામાં જીવવા દેતા નથી!'

પાસે બેઠેલા મિત્રોમાંથી શ્રી જીવનરામ દવે 'જટિલ' હરગોવિંદને બોલતાં રોકવા ગયા. હરગોવિંદે કહ્યું: 'હું તમને નથી કે'તો; વચ્ચે ન પડો.'

કલાપીએ કહ્યું: 'બોલો કવિ! શું કરશું?'

હરગોવિંદે કહ્યું: 'તમારે રાજા થઈને તો એવો હુકમ કાઢવો જોઇએ કે આવાં પંખીને પકડી જે પાંજરે પૂરશે તેનો દેહાંત કરવામાં આવશે. પણ તમે તો આને ખરીદવા બેઠા છો એટલે આ લોકો આવતી કાલે બીજાં પકડી લાવશે, ને વળી તમે મોં માગ્યાં દામ આપીને ખરીદશો.'

ઉત્તરમાં હસીને કલાપીએ કહ્યું: 'હા, હું બધાં જ ખરીદી લઉં છું.'

આ વાક્ય સાંભળી કવિ હરગોવિંદ ખૂબ નારાજ થઈ ગયા ને બોલ્યા: 'તમારા જેવા માણસો જ આ રાંક પંખીઓનાં દુઃખનું કારણ છે. તમારા કાનને આનંદ દેવા એ ખુલ્લા આકાશના પંખીને ખોબા જેવડા પાંજરાંમાં પૂરી રીબાવીને મારી નાખો છો!' આટલું કહી કવિ હરગોવિંદ બેઠક છોડી ચાલ્યા જ ગયા. બુલબુલનાં એ બધાં પાંજરાં કલાપીએ તરત ખરીદી લીધાં ને બંગલામાં પોર્ચમાં ટંગાવ્યાં. સાંજે કલાપી મિત્રો સાથે ફરવા નીકળ્યા ત્યારે હરગોવિંદ સાથે ન ગયા, મોઢું સુદ્ધાં ન બતાવ્યું. જમવામાં પણ તે જુદા પડી એકલા જમ્યા.

વળતે દિવસે વહેલી સવારે કવિ હરગોવિંદ પોતાના રોજના ક્રમ પ્રમાણે હાથમાં ડંગોરો લઇને ફરવા જવા માટે દાદરો ઊતરી નીચે આવીને પોર્ચમાંથી નીકળતા હતા ત્યાં સવારના ઝાંખા અજવાળામાં; સામે ટાંગેલાં પાંજરાંની બાજુમાં છાયાચિત્રની પેઠે ઊભેલા કવિ કલાપીને તેણે જોયા. કલાપી સ્થિર ઊભા હતા. હરગોવિંદે નજીક જઈ જોયું તો બધાં પાંજરાં ખુલ્લાં હતાં ને ઊડી જતાં બુલબુલો તથા મેના તરફ કલાપી રસથી જોતા હતા.

હરગોવિંદે કહ્યું: 'ઠાકોર, તમારે આમ જ કરવું'તું તો મને કે'વું'તું ને!'

કલાપીએ કહ્યું: 'તમારી વાત ખરી છે. બંધનમાંથી ઊડી જતાં પંખી કેવાં સુંદર લાગે છે!' આમ કહી પંખીને ઉડાડી દઈ, એ બન્ને કવિ મિત્રો તે સવારે એકલા ઊઘડતા અજવાળામાં દૂર સુધી ફરવા નીકળી ગયા.

બીજો પ્રસંગ મસ્ત કવિ સાથેનો છે.

વડોદરાના દીવાન મણિભાઇ જશભાઇએ રાજ્યના પુરાતત્ત્વ-ખાતામાં અમરેલી મુકામે મસ્ત કવિની ક્યુરેટર તરીકે નિમણૂક કરેલી. એકવાર રાતને વખતે ઊંટ પર બેસી ઓખાથી અમરેલી તરફ આવતાં માર્ગમાં ઝોકું આવી જતાં મસ્ત કવિ નીચે પછડાઈ પડ્યા. પાછા બેઠા થઈ એ ઊંટ પર ન બેઠા, તેમ ન ગયા અમરેલી. તે સીધા મહુવાને માર્ગે પડ્યા. ઘેર જઈ દીવાન મણિભાઈ પર 'મારે આવી નોકરી નથી કરવી' એમ લખી નાખ્યું. મણિભાઇએ નોકરી ન છોડવા લખ્યું; છતાં યે છોડવી જ હોય તો ખાતા મારફત ધોરણસર અરજી કરી છૂટા થવા સૂચવ્યું. જવાબમાં મસ્ત કવિએ એવી મતલબનું લખ્યું કે: 'નોકરીએ તમે રાખ્યો'તો તેથી તમને લખ્યું. હું બીજે ક્યાંય કાંઈ લખવાનો નથી.'

આ પછી કલાપીએ પત્ર લખી તેમને આમંત્ર્યા. મસ્ત કવિએ પોતે કેમ નોકરી છોડી તે વાત કહી ઉમેર્યું કે પોતે હવે નોકર રહેવા માગતા નથી. આથી કલાપીએ કવિને માસિક રૂા. ૧૦)નું પેન્શન કરી આપ્યું ને પાસે રાખ્યા. કલાપી તેમને વડિલ મિત્ર તરીકે જાળવતા.

કલાપીનાં લગ્ન કચ્છનાં કુંવરી રમાબા સાથે થએલાં. એ રમા સાથે મોંઘી નામે દાસી આવેલી. તે બાળકી હતી. તેના પ્રત્યે કલાપીને પ્રેમ જન્મ્યો. કલાપીએ તેનું 'મોંઘી'ને બદલે 'શોભના' નામકરણ કર્યું. બે ત્રણ વર્ષ પછી ઈ. સ. ૧૮૯૪માં તેને કોઇની સાથે પરણાવી. પરંતુ શોભના પ્રત્યેના પ્રેમની પરવશતાને કારણે કલાપીએ શોભના સાથે તા. ૧૧-૭-૧૮૯૮ના રોજ લગ્ન કર્યાં. પ્રેમ પાછળ પાગલ બનેલા આ રાજવીને મન શોભના સર્વસ્વ હતાં.

કવિ કલાપી શોભના સાથે લગ્ન કરીને મહાબળેશ્વર કે માથેરાન ગએલા. શોભનાને દામ્પત્યનો ખયાલ આવે તે માટે તેને 'ઉત્તરરામચરિતમ્' તથા 'અભિજ્ઞાન-શાકુન્તલમ્' એ બે ગ્રંથો શાસ્ત્રી મણિલાલ શીખવે એવી કલાપીએ ગોઠવણ કરેલી; પણ શાસ્ત્રીજીએ આ વખતે બહારગામ સાથે આવવા અનિચ્છા બતાવી, તેથી એ કામ, સાથે આવનાર મસ્ત કવિને શિરે આવ્યું. મસ્ત કવિને કલાપી સાથે આ દિવસોમાં ખૂબ આનંદ આવતો.

એક દિવસ સવારે મસ્ત કવિ પોતાની ટેવ મુજબ પોતાના ડંગોરાને આરામ ખુરશીની બાજુમાં લાંબો મૂકી, ખુરશીમાં ફેંટાનું ઓશીકું કરી, સામે ટીપૉઈ પર પગ લંબાવીને આંખો બંધ કરી પડ્યા હતા. કલાપી બાથરૂમમાં નહાવા ગયા હતા. તે વખતે ગુરુ પાસે સંસ્કૃત શીખવા માટે શોભના હાથમાં ઉત્તરરામચરિત લઈને આવ્યાં ને 'હું આવી છું' કહીને સામે ઊભાં રહ્યાં.

મસ્ત કવિએ આંખો ઉઘાડી. એ જ વખતે સામે ઊભેલાં શોભના કે જે નવપરિણિત હતાં ને દાસીના દરજ્જામાંથી એકાએક લબ્ધપ્રતિષ્ઠ રાજાની રાણી થએલાં તેણે પૂછ્યું: 'ગુરુજી! હું કેવી લાગું છું?'

આ પ્રશ્ન ગુરુથી સહન ન થયો. ક્રોધથી તે ખુરશીમાંથી સફાળા બેઠા થઈ ગયા ને રાણીના ગાલ પર વેગથી થપ્પડ મારી દેવા હાથ ઊંચકી બોલ્યા: 'કહું, કેવી લાગ છ?' અને એ વાક્ય સાથે તેણે કલાપીને બૂમ મારી: 'ઠાકોર!'

કલાપી હજી બાથરૂમમાં હતા. કવિની અચાનક આવી જોરદાર બૂમ સાંભળી ભીને શરીરે ટુવાલ વીંટીને તે બહાર દોડતા આવ્યા. કલાપી કંઈ પૂછે તે પહેલાં તો કવિ ગાજી ઊઠ્યા: 'ઠાકોર! હું જાઉં છું.'

કલાપીએ આશ્ચર્યમૂઢ બની પૂછ્યું: 'કેમ?'

'પૂછ તારી બાયડીને! હું એનો ગુરુ છું, મોટેરો છું. એ કાંઈ એ જોતી નથી ને નવાં કપડાં પે'રી આવીને સામે ઊભી મને પૂછે છે કે કેવી લાગું છું! 'મને' પૂછે છે! આ થોંટ મારીને બતાવત કે કેવી લાગે છે. મારે એવીને કાંઇ ભણાવવું નથી ને એવીના ધણી હારે રે'વું નથી.' કહી કવિએ પોતાનો ફેંટો તથા ડંગોરો હાથમાં લીધાં.

'પણ કવિ! ભલે જાજો. પણ અત્યારે તો રોકાઓ. થોભો, હું તૈયાર થઈ આવું; રોકાઓ.' એમ ભીને શરીરે કલાપી મનાવતા રહ્યા અને મસ્ત કવિએ વાહન વિના, પોતાના સામાન વિના રસ્તો પકડ્યો.

એ મહુવા આવ્યા. થોડા દિવસમાં જ રૂ. ૨૫)નો મની ઑર્ડર અને એક કાગળ કલાપી તરફથી આવ્યાં. પત્રમાં આ મતલબનું લખ્યું હતું: 'તમે મારા કામે સાથે આવેલા તેથી આવવાનો ખર્ચ મારે આપવો જોઇએ. તો મની ઑર્ડર ભલા થઇને સ્વીકારી લેશો. ગુરુજીએ (શાસ્ત્રી મણિલાલે) આપણને ઘણી વાર એ શ્લોક કહ્યો છે કે મિત્રે મિત્રને સન્માર્ગે દોરવો જોઈએ, ખોટું કાર્ય કરવામાંથી બચાવવો જોઇએ; તેને છોડી ન દેવો જોઇએ. તમે તો શોભનાની ભૂલ જોઈ નાસી આવ્યા! એવું ન હોય. તમને સંતોષ થાય એવાં અમને બંનેને બનાવવા માટે તમારે અમારી સાથે રહેવું જોઈએ. તમારી પ્રતીક્ષા કરું છું.'

ને પાછા કવિ લાઠી જઈ કલાપીને ભેટી પડ્યા. ગઈ ગુજરી વિસારી બંને ગાઢ મિત્રોએ સાહિત્યગોષ્ઠિ કરી.

કલાપીના અકાલ અવસાન પછી મસ્ત કવિએ 'કલાપીનો વિરહ' નામે કાવ્ય લખ્યું. ત્યારે કવિ એ કવિતા લખે ને રડે; રડે ને કવિતા લખે! કોઈથી તેમને બોલાવાય નહિ; ને એ જવાબ પણ ન દે. ઉપલા કિસ્સામાં પોતે કલાપીને નાહક ભટેલા એ વાત કાઢીને તો કોઈ વાર પોતાની મા પાસે મસ્ત કવિ રોઈ પડતા.

અને એ મસ્ત કવિની સ્થિતિ જાણનાર યુવાન રાજવી કવિ કલાપીએ એ ઉગ્ર સ્વમાની કવિ માટે શું કરેલું? પોતાથી બની શકે તે રીતે

સન્માન આપી પાળવા ઉપરાંત પોતાના યૌવનના સાથીના લગ્ન પછી એકાદ અઠવાડિયામાં જ તેમણે ભાવનગરના મહારાજા ભાવસિંહજી પર પત્ર લખેલો. શ્રી મુનિકુમાર મ. ભટ્ટે સંપાદિત કરેલા 'કલાપીના પત્રો'માંથી એ પત્ર અહીં રજૂ કર્યો છે:

લાઠી ૧૮-૭-'૯૮

પ્રિય શ્રીમાન મહારાજા સાહેબ,

આપને છેલ્લે ભાવનગરમાં મળ્યા પછી મને એટલું બરાબર સમજાયું કે સદ્‌ગુણ અને અમુક નીતિની ભાવનાઓ તરફ આપનો પક્ષપાત છે. સંગીતનો આપને શૉખ છે અને કવિતાનો પણ તેથી કાંઈક હશે જ એવું અનુમાન હું કરું તો તેમાં હું છેતરાતો નહિ હોઉં. જ્યાં જ્યાં કોઈ કળાની કે સદ્‌ગુણની મૂર્તિ મારી દષ્ટિએ મદદને પાત્ર માલૂમ પડે છે ત્યાં આપની છાયાનો લાભ તેને મળે એવી ઈચ્છા મને થઈ આવે છે. મારી ભલામણો અમલમાં મુકાય કે ન મુકાય તેથી મને માઠું લાગતું નથી. અને મારી ભલામણોથી આપને કંટાળો નથી એવું સમજાયું છે. વળી હું જે કાંઈ શ્રમ આપવા ઈચ્છું છું તે કોઈની નહિ પણ સદ્‌ગુણની જ ખાતર છે, જેને પોષવા એ તો રાજાનું પ્રથમ કર્તવ્ય છે; એટલે આ પ્રમાણે હું છૂટથી લખી શકું છું.

આપની પ્રજામાંથી એક ગરીબીમાં, દર્દમાં પણ ચુસ્ત નીતિમાં ઊછરેલ માણસ આપની દષ્ટિ આગળ મૂકવા હું ઈચ્છું છું. અને તેને દષ્ટિપ્રસાદ મળશે એવી ઉમેદ રાખું છું. કવિ ત્રિભોવનદાસ કરી એક માણસ કવિતાના પ્રદેશમાં હાલ સારી રીતે પ્રખ્યાત પણ દુનિયાદારીની બેદરકારીથી છુપાઈ રહેલ, મહુવાનો રહીશ, કોઈ પણ રાજાની મદદને પાત્ર છે એમ મને સમજાયું. હું તેને દસ રૂપિયાનું પેન્શન પણ આપું છું, વડિયાના બાવાવાળા પાંચનું આપે છે. તો આપ પર તેનો પ્રથમ હક્ક છે. કોઈને પણ સખ્ત સત્ય કહી શકે, કદી પણ અન્તઃકરણની ઉચ્ચ ભાવનાથી ન ડગે એવું ચરિત્ર આ કવિમાં દુનિયાદારીમાં મેં પ્રથમ જ જોયું છે. અને તે ગરીબ બ્રાહ્મણ કોઈ પણ રાજાનો મિત્ર થવા યોગ્ય છે એમ મને સમજાયું. એની કદર દુનિયા કોઈ દિવસ કદાચ કર્યા વિના રહેશે નહિ. પરંતુ દુનિયા તેને છાયા પર ધરે તે પહેલાં આપ તેને છાયામાં તેડી લ્યો એમાં જ ખરી મદદ છે. વ્યવહારમાં રાજ્યનું દ્રવ્ય ચાલી જાય છે. પરાર્થે પરમાર્થે પણ વ્યય થાય છે. તેને જિંદગીમાં આદર અને આશ્રય મળી જાય એ બહુ મોટા ઉપકારની ને આનંદની વાત છે. શુભચિંતક સુરસિંહજી.

ઘરગથ્થુ ઔષધ .... ૯] ભાંગરો

ચૈયેતર વાચકોને પણ ભાંગરો ઉક અપરિચિત તો નહિ હોય. ભાંગરામાંથી બનતું ભૃંગરાજ તેલ ઘણું જાણીતું છે. છેવટે 'ભાંગરો વાટચો' એ ભાષાપ્રયોગ તો સૌકોઈની જાણમાં હશે.

ચોમાસામાં જ્યાં પાણીનાં ખાબોચિયાં ભરાઈ રહેતાં હોય એવે સ્થળે ભાંગરો ઊગી નીકળે છે. ભીની જગ્યાઓમાં તો બારે માસ થતો પણ દેખાય છે. એને સંસ્કૃતમાં 'કેશરાજ' કહે છે કેમકે વાળ માટે એ ખૂબ હિતકારી છે.

કૈયદેવ નિઘંટુમાં તેના ગુણધર્મ નીચે મુજબ નિરૂપાયા છે: 'ભાંગરો તીખો, કડવો, રૂક્ષ, ઉષ્ણવીર્ય, રસાયન, દાંત ત્વચા તથા વાળને માટે હિતકર અને કફ વાત ખાંસી કૃમિ દમ કુષ્ઠ શોથ (સોજા) આમ તથા પાંડુરોગનો નાશ કરનાર છે'. ભાવમિશ્રે વધુમાં તેને નેત્ર ને મસ્તકની પીડામાં ઉપયોગી માન્યો છે.

ડૉ. વા. ગ. દેસાઈના મતે એ 'કડવો, ઉષ્ણ, દીપન, પાચન, વાતહર, અનુલોમન, મૂત્રજનન, બલ્ય, ત્વચાના દોષોને દૂર કરનાર, વ્રણ (ઘા)ને શુદ્ધ કરનાર ને રૂઝવનાર તથા વર્ણ માટે હિતકારી છે.

એની મુખ્ય ક્રિયા યકૃત પર થાય છે. એથી યકૃતની વિનિમયક્રિયા સુધરે છે, પિત્તસ્રાવ બરાબર થાય છે, આમાશય તથા પક્વાશયની પચનક્રિયા સુધરે છે અને આ ત્રણ મુખ્ય સ્થાનોની ક્રિયા સુધરવાથી શરીરમાં શક્તિનો અનુભવ થાય છે. યકૃતની ક્રિયા બગડી હોય તો ભાંગરાનો રસ અપાય છે. એ ક્રિયા સુધારવાથી કમળો, યકૃતવૃદ્ધિ, બરોળવૃદ્ધિ, હરસ, ઉદરરોગ તથા કુપચન એ રોગો મટી જાય છે. યકૃતની ક્રિયા ખગડવાથી એક પ્રકારનું શારીરિક વિષ, જેને આયુર્વેદમાં 'આમ' કહે છે તે એકઠું થાય છે અને તેથી આમવાત, ચક્કર આવવા, માથાનું દર્દ, દષ્ટિની મંદતા તથા વિવિધ પ્રકારના ત્વચારોગો ઉત્પન્ન થાય છે. એમાં ભાંગરો આપવાથી સારો લાભ થાય છે.'

જીર્ણજ્વર

શરીરમાં ઝીણો તાવ રહેતો હોય, બરોળ વધી ગઈ હોય, યકૃત કામ કરતું ન હોય એવી અવસ્થામાં ભૃંગરાજનું સેવન લાભદાયી છે. ભાંગરાનો રસ કાઢી સવારસાંજ ચમચી ભરીને પીવું.

કફપ્રકોપ

ભાંગરો પરમ કફનાશક છે. છાતીમાં કફ ભરાઈ રહેતો હોય તો એક ચમચી ભાંગરાના રસમાં થોડું મધ મેળવીને લેવાથી કફ સહેલાઈથી બહાર નીકળવા માંડશે. બાળકોને કફના ઉપદ્રવો અવારનવાર થઈ આવે છે. તેને ગળામાંથી કફનો ઘરઘરાટ સંભળાતો હોય ત્યારે ભાંગરાના રસનાં બે ટીપાં મધ સાથે મેળવીને બાળકની જીભ પર મૂકી દેવાં. બેત્રણ કલાકના આંતરે દિવસમાં ત્રણથી ચાર વખત આ રીતે કરવાથી કફ દૂર થશે અને બાળકનું ગળું ચોખ્ખું થઈ જશે.

ભૃંગરાજ તેલ

વાળના સર્વ ઉપદ્રવો માટે, વાળની વૃદ્ધિ માટે, વાળમાં કાળાશ લાવવા માટે, માથામાં થતા ખોડા અને ઉંદરી રોગ માટે ભૃંગરાજ તેલ ઘણું જ ઉપયોગી સિદ્ધ થયું છે. ઉંદરી રોગને સંસ્કૃતમાં ઇન્દ્રલુપ્ત કહે છે. એમાં માથામાંથી વાળ ખરવા માંડે છે અને સમગ્ર માથું કેશવિહીન થઈ જાય છે. એક બહેનને એ રોગની શરૂઆતમાં માથાના મધ્યભાગમાંથી એક ઈંચ જેટલા વાળ ખરી ગયા હતા તેમાં ભૃંગરાજના સેવનથી સો ટકા ફાયદો થયાની મને પ્રત્યક્ષ જાણ છે. વૈદ્યવર શાર્ઙ્ગધરે બતાવેલ ભૃંગરાજતેલનો પાઠ આ મુજબ છે: મંડૂરનું ચૂર્ણ, હરડે, બહેડાં, આમળાં તથા અનંતમૂળ એ બધું સમભાગે લઈ, ખાંડી, પાણી ઉમેરી, થોડું લસોટીને લુગદી (કલ્ક) જેવું કરવું. એનું પ્રમાણ ૨૦ તોલા લેવું. તલનું તેલ એક શેર તથા ભાંગરાનો રસ ચાર શેર લઈ, બધું એકત્રિત કરી, ચાર શેર પાણીમાં મેળવી પકાવીને તેલ તૈયાર કરી લેવું. 'રસતંત્રસાર અને સિદ્ધયોગસંગ્રહ'ના કર્તા સ્વામી કૃષ્ણાનંદજી આ તેલ વિષે લખે છે: 'અમે આનો અનેકવાર અનુભવ કર્યો છે. એ સત્વર લાભ આપે છે.'

લાભશંકર ઠાકર

કુમાર

પચ્ચીસ વર્ષ પહેલાં

ભાદરવી ૧૯૯૩ અંક ૧૬૫

'પંખીનાં ગાન', 'કુસ્તી અને જ્યુજીત્સુ' વગેરે ઘણા ઉપયોગી–પણ લાંબા લેખો એ વખતે આવેલા, એટલે અહીં માધુકરીમાંનો એક ટૂંકો, પણ આજના યુગમાં તો યુવાન માણસોનું ખાસ ધ્યાન ખેંચવાપાત્ર લેખ આ નીચે ઉતારીએ છીએ.

ભારતીય શિષ્ટાચાર

મોટેરાંને સદા 'આપ' કહેવા; 'તમે' નહિ.

સવારમાં ઊઠતાં જ પહેલવહેલા વડીલો જ્યારે સામા મળે ત્યારે, તથા સૂઇ રહેતાં પહેલાં તેમનાથી છૂટા પડતી વેળા, તેમને પ્રણામ કરવા. ઘણાં કચ્છ કુટુંબોમાં સંધ્યા સમયે જ્યારે દીવાબત્તી કરવામાં આવે છે ત્યારે પણ પ્રણામ કરવાનો નિયમ છે.

જ્યારે કોઈ નવી વ્યક્તિનો પરિચય કરવામાં આવે ત્યારે તેને પણ પ્રણામ કરવા.

ઇલાયચી વગેરે અથવા કોઈ પ્રકારની ભેટ કોઈ આપે ત્યારે પણ પ્રણામ કરવા. પ્રણામ કરતી વખતે હાથમાં કોઈ બળતી વસ્તુ રાખવી નહિ. વળી પ્રણામ કરતી વખતે શાંતિ અને વિનય રાખવા.

કોઈ વડીલ બોલાવે તો 'શું છે?' 'હેં?' એવું ન બોલો; પણ 'જી', 'જી હા' એમ કહો. બંગાળીઓ એવા સમયે 'આજ્ઞા' અને રાજપુતાનામાં 'હુકમ' કહે છે.

કોઈને બોલાવવામાં, પત્ર લખવામાં કે તેમની ચર્ચા કરવામાં તેમના નામની પહેલાં શ્રી, શ્રીયુત, પંડિત, બાબુ, મહાશય કે મૌલવી જે યોગ્ય હોય તે અવશ્ય મૂકવું. પણ પોતાના નામની આગળ શ્રી, પંડિત કે એવા શબ્દ મૂકવા નહિ.

પોતાથી મોટા હોય તેમની તરફ બને ત્યાં સુધી પીઠ કરીને બેસવું અગર ચાલવું નહિ.

પોતાના ગુરુ કે પિતા આદિની સાથે ચાલવાનું હોય તો તેમનાથી એક બે ડગલાં પાછળ રહેવું. જો તેઓ પાછળ હોય તો રસ્તો આપીને તેમને આગળ જવા દેવા. જો તેમના હાથમાં કોઈ બોજો હોય તો તે બધો અથવા તેમાંનો થોડો ભાગ પોતાના હાથમાં ઉઠાવી લેવો. કોઇ બારણામાં દાખલ થવાનું હોય તો પ્રથમ તેમને જ દાખલ થવા દેવા. જો બારણું બંધ હોય તો આગળ જઈને ખોલી આપવું. જરૂર લાગે તો અંદર બત્તી પણ કરી આપવી. બારણા પર પરદો નાખેલો હોય તો મોટેરાં અંદર જાય ત્યાં સુધી તે ઝાલી રાખવો.

કોઈ કામ સાથે મળીને કરવાનું હોય તો નાનાએ પહેલાં તૈયાર થઇ જવું. બંને સાથે તૈયાર થાય તો યે સારું. પણ પોતાને માટે વડીલને ખોટી થઇ રહેવું પડે તેમ કરવું નહિ.

કોઈ મોટા હોય અને તે કોઈ દૂરના આદમીને બોલાવવાનું કહે તો તમારે તેમાં જરાય રકઝક ન કરવી, પણ જરા આગળ જઇને બોલાવી લાવવો. કોઈ મોટાને બોલાવવા હોય તો દોડીને તેમની પાસે જઈને બોલાવો.

કથા, વ્યાખ્યાન કે ભજનની વચમાંથી ઊઠવું નહિ; છતાં ઊઠવું જ પડે તો કથાનો પ્રસંગ કે ભજન જે ચાલતું હોય તેને પૂરું થવા દેવું. વચમાં ઊઠવાથી પોતાની અધીરાઈ પ્રગટ થાય છે તથા બોલનારા વિદ્વાન કે ગાનારનો એક પ્રકારનો અનાદર થાય છે.

વ્યાખ્યાન, કથા આદિમાં વાતો લેશમાત્ર કરવી નહિ. પાછળથી આવનારે પાછળ જ બેસવું જોઇએ; આગળ બેસવાની કોશિશ ન કરવી. જેને ખાસીનો રોગ હોય તેણે કથા, વ્યાખ્યાન આદિમાં બેસીને વિઘ્ન નાખવું નહિ. તેમાં ઊંઘવું પણ નહિ.

જો આપણે કોઈ ચબૂતરા કે વ્યાસપીઠ જેવી ઊંચી જગ્યા ઉપર ઊભા હોઇએ અને નીચે ઊભેલા કોઈ મોટાની સાથે વાતચિત કરવી હોય તો નીચે ઊતરીને કરવી જોઇએ.

પોતાથી મોટા હોય તેમની સાથે વાત કરવી હોય તો ઊભા થઇને વાત કરવી; અને તેમાં જો તે પોતે ઊભા હોય તો તો ખાસ કરીને ઊભા થઇને વાત કરવી.

પોતાથી મોટેરા કે મહેમાન સાથે ગાડીમાં બેસવું હોય તો તેમની ડાબી બાજુએ બેસવું અથવા તો તેમની સામી બાજુ બેસવું.

તે બીજી ગાડીમાં બેઠા હોય ને તેમની સાથે વાત કરવી હોય તો નીચે ઊતરીને કરવી; તેમાં પણ જો તે પોતે ગાડીમાંથી નીચે ઊતરે તો તો આપણે જરૂર ઊતરવું.

કોઈ મોટા અગર મહેમાનો ઘેર આવે તો તેમનું સ્વાગત ઊભા થઈને કરવું તથા તેઓ જ્યાં સુધી બેસે નહિ ત્યાં સુધી બેસવું નહિ. વળી જ્યારે તેઓ જવા માટે ઊઠે ત્યારે પણ તેમને દ્વાર સુધી વળાવવા જવું. જો કોઈ પ્રેમથી આપણને મળવા આવે તો આપણે પણ તેમને અવશ્ય મળવા જવું.

કોઈ મોટો માણસ કે અતિથિ આપણા ઘરની રીતિથી વિપરીત વ્યવહાર કરી બેસે તો તેના ઉપર હસવું નહિ.

ભોજન અથવા જળપાનના સમયે કોઇ અતિથિ, વિદ્વાન કે સંન્યાસી આવી જાય તો તેમને ભોજન માટે પ્રાર્થના કરવી.

જો કોઈ મોટા અગર અતિથિ આપણે ત્યાં ભોજન કરે તો તેને પોતાના હાથે પીરસવું એ જ યોગ્ય છે; અને તેના જમ્યા પછી ભોજન લેવું. તેના પહેલાં કદી પણ ખાવું નહિ જોઇએ. જો સાથે બેસીને જમવાનું હોય તો પ્રથમ અતિથિને પીરસવું. જો થાળીઓ નાનીમોટી હોય તો મોટી થાળી અતિથિને આપવી અને નાની પોતે લેવી. જો ઘણા લોકો સાથે જમવા બેઠા હોય તો આપણે સૌથી પહેલાં ખાવા માંડવું નહિ. બીજાઓને જ પ્રથમ શરૂ કરવા વિનતિ કરવી.

મહેમાનોની સાથે બેસીને ખાવામાં ઉતાવળ ન કરતાં ધીમેધીમે તેમની સોબત કરવી. ભોજન પતી રહ્યા પછી મુખવાસ પણ તેમને જાતે અને તાસકમાં રાખીને આપવો.

જો કોઈ ઇલાયચી વગેરે સામે રાખે તો તેમાંથી બેએક દાણા લેવા, પણ બધા ન લેવા.

ગુરુ, માલિક તથા મોટાઓ વગેરેના આસનો ઉપર, તે ખાલી હોય તો પણ, બેસવું નહિ.

જેના મહેમાન બનવું તેમના ભોજનનો સમય પૂછી લેવો ને તે સમયે તેમની સાથે ખાવું. ન ખાવું હોય તો પહેલેથી જ કહી દેવું.

કોઈ મિત્રની સાથે અજાણ્યો આદમી આવી જાય તો અજાણ્યા આદમી તરફ ઈસારો કરી તેને પૂછવું કે 'એઓશ્રી કોણ સજ્જન છે? મુસલમાનો પૂછે છે કે 'આપકી તારીફ?'

સારા માણસ સાથે વાતચિત વખતે ઉચિત સ્થાને 'કૃપા' શબ્દનો પ્રયોગ કરવો; જેમકે, કૃપા કરી બેસો, ઈત્યાદિ.

મેંદીનાં પાન

કુપુત્ર તે છે જે માત્ર બાપીકી મિલકત જ મેળવે છે, અને બુદ્ધિ નહિ.

જૂઠ પર મેખ મારતાં વિચારજો; હથોડી રખેને તમારી જ આંગળી પર પડે.

જુવાનીમાં રૂપિયાથી રમત રમનારને બુઢાપામાં પાઈ ભીખવાનું ટાણું આવે છે.

જીવનની તક, તકના જીવન દરમિયાન જ ઝડપી લેવી જોઈએ.

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

મધ

જગતની એક રહસ્યમય રચના સમું · કુદરતની અદ્‌ભુત બક્ષિશો અને અસંખ્ય ગુણો ધરાવતું · મૃત્યુલોકનાં પાંચ અમૃતોમાંનું એક ગણાએલું

આપણા ખાદ્ય પદાર્થો છ રસો-(મધુર, આમ્લ, લવણ, કટુ, તિક્ત ને કષાય)થી યુક્ત છે. આમાંથી મન સહિત બધી ઇન્દ્રિયોને પ્રસન્ન રાખનાર અને સૌને પ્રિય રસ મધુર.

મધુર રસ એટલે ગળપણ. કાર્બોહાઇડ્રેટ્સમાં ગળપણ જ રહેલું છે. હલનચલન અને બીજી ક્રિયાઓની—બલ્કે શરીરની મોટા ભાગની ક્રિયાઓની શક્તિ કાર્બોહાઇડ્રેટ પદાર્થોમાંથી સહેલાઈથી મળે છે. બધા લીલા છોડવાઓમાં કાર્બોહાઇડ્રેટ પેદા થાય છે. કાર્બોહાઇડ્રેટોમાં શર્કરાઓ, સ્ટાર્ચ અને સેલ્યુલોઝનો સમાવેશ હોય છે.

કાર્બોહાઈડ્રેટોમાં અણુઓની રચના અનુસાર ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે; એક-શર્કરા (મોનો સેક્રેરાઈડ્ઝ) દ્વિ-શર્કરા (ડાઇસેક્રેરાઈડ્ઝ) અને બહુ-શર્કરા (પોલીસેક્રેરાઈડ્ઝ). 'એક-શર્કરા'માં ફળ શર્કરા (ફ્રુક્ટોઝ), દ્રાક્ષ-શર્કરા (ગ્લુકોઝ) ને ઉપદૂધ-શર્કરા (ગૅલેક્ટોઝ) છે. દ્વિ-શર્કરામાં ઈક્ષુશર્કરા (સુક્રે ઝ), દૂધ-શર્કરા (લેક્ટોઝ) અને ધાન્ય-શર્કરા (માલ્ટોઝ) છે. જ્યારે બહુ શર્કરામાં સ્ટાર્ચ અને ડેક્સટ્રીન છે.

એક શર્કરામાં દ્રાક્ષસર્કરા છે. લોહીની શર્કરા પણ આ જ હોય છે. આહારમાં લીધેલા બધા કાર્બોહાઈડ્રેટ પદાર્થો પાચનને અંતે દ્રાક્ષ-શર્કરામાં ફેરવાય છે. આમ થાય ત્યારે જ શરીર તેનો ઉપયોગ કરી શકે છે. એક-શર્કરામાં મહત્ત્વનો પદાર્થ મધ છે. તેમાં દ્રાક્ષ-શર્કરા અને ફળ શર્કરા બંને હોય છે.

ઘણાં ફળો ને તાજાં શાકોમાં ઈક્ષુ-શર્કરા છે. તેનું સુધરેલું સ્વરૂપ તે ગોળ ને ખાંડ. તાજા દૂધના ઘટ્ટ ભાગના ૪૦ ટકા પ્રમાણમાં દૂધ-શર્કરા જ છે. પ્રાણિજ મૂળની આ એકમાત્ર શર્કરા છે. તે જોકે સ્વાદમાં મોળી છે પણ પચવામા સહેલી છે.

શરીરમાં વપરાતા પહેલાં જુદાજુદા પ્રકારની શર્કરાઓ દ્રાક્ષ-શર્કરામાં પરિણમે છે. ફળશર્કરા અને ઉપદૂધ શર્કરા આંતરડાંમાંથી પસાર થતાં દ્રાક્ષશર્કરામાં પરિણમે છે. એટલે જે શર્કરાઓ દ્રાક્ષશર્કરામાં જલદી પરિણમે છે તે જ શરીરમા જલદી વપરાય છે. દ્રાક્ષશર્કરા એટલે સાદી સાકર તે અતિદ્રાવ્ય હોઈ સીધી લોહીમાં જ ભળે છે. વળી તે નથી અલ્કલી કે નથી અમ્લગુણધર્મી. શરીરની પેશીઓમાં સીધી જ વપરાય છે. જરૂર પ્રમાણે તેમાંથી શક્તિ પેદા થઈ શકે છે અને વધારાની કલેજામાં ગ્લાઈકોજન રૂપે સંઘરાય છે.

દ્રાક્ષશર્કરા કે ઇક્ષુશર્કરા જો વધારે પ્રમાણમાં ખવાય તો હોજરીમાં પ્રસરણ-દબાણ (ઓસ્મોટિક પ્રેશર) ઘણું વધે છે. પ્રસરણ-દબાણ એ પદાર્થની પાણી ખેંચવાની શક્તિ ઉપર આધારિત છે. હોજરીના ભારને હળવો કરવા પેશીઓમાંથી પાણી હોજરીમાં જાય છે. આથી હોજરીનો ફુગાવો થાય છે. આમ થતાં ખાવાની ઈચ્છા ઘટે છે. ભોજન પહેલાં કૅન્ડી કે ચૉકલેટ ખાવાની ટેવવાળાં બાળકોની ભૂખ ઘટવાનું કારણ હવે સ્પષ્ટ થશે. ભૂખ ઘટવાને કારણે બાળકનો શારીરિક વિકાસ પણ અટકે એ સમજાય એવું છે.

મધુમેહના રોગીને ગળપણ અપથ્ય છે, કારણ ઈન્સ્યુલીન નામના આંતરસ્રાવી રસના અભાવ કે અછતને લીધે તેનું યોગ્ય પાચન ન થવાથી રોગનાં લક્ષણોમાં વધારો થાય છે. આ માટે તેમને સેકેરીન (બિન્ઝૉઈક સલ્ફેમાઈડ) કે સુકેરિલનો આશરો લેવાનો રહે છે. ખાંડ કરતાં પણ વધારે ગળ્યા આ પદાર્થોની શરીર વિષે ચયાપચય (મેટાબોલિઝમ)ની કોઈ ક્રિયા નથી. સામાન્યરીતે ગળપણ તરીકે ખવાતા પદાર્થો ત્રણ છે: મધ ગોળ અને ખાંડ. આમાંથી કુદરતી સ્વરૂપમાં ગળપણ મધ છે. બીજું આવું ગળપણ મીઠાં ફળોમાંથી મળે છે.

આદિ માનવીએ દૂધ માટે ઢોર પાળવા માંડ્યાં હશે કે રોટલો શેકવાની રીત શોધી હશે તે અગાઉ ખસૂસ તેણે ખોરાક તરીકે મધ વાપર્યું હશે. આજે પણ મિષ્ટ, સહેલાઈથી પચે એવા અને સંપૂર્ણ ખોરાક તરીકે મધ અનન્ય અને અજોડ છે. સહસ્રાબ્દીઓથી તે વપરાશમાં હોવા છતાં પણ એનાં સરળ ખાદ્ય દ્રવ્યોનું રહસ્ય વિજ્ઞાનીઓના હાથમાં હજી નથી આવ્યું. પ્રયોગશાળામાં બનાવટી દૂધ બનાવવું શક્ય બનશે પણ મધની કૃત્રિમ બનાવટ અશક્ય બલ્કે અસંભવિત છે. આવું કુદરતી મધ આરોગ્યપ્રદાતા કેમ હોઈ ન શકે?

મધ ફૂલના રસમાંથી બને છે. ફૂલરસમાંથી મધ બનાવવાની મધમાખીની રીત એની મહેનત અને ખંતની જેમ અજોડ છે. એક ચમચો મધ બનાવવા માટે બે હજાર ફૂલોનો રસ એકઠો કરવો જોઇએ છે. એક ફૂલમાંથી મધમાખ ટ્રે ગ્રેઈન રસ ચૂસે છે અને એવા ત્રણ ચમચા ફૂલરસમાંથી એક ચમચો મધ બને છે- આમ એક રતલ મધ બનાવવા માટે મધમાખીઓએ આશે કે પાસેના ફૂલછોડો ઉપર ૩૭,૦૦૦ વખત આંટાફેરા કર્યા હોય છે. ફૂલરસ તો પાણી જેવો પાતળો અને ફૂલની સુવાસવાળો હોય છે, પણ મધપૂડાનાં ખાનાંમાં બીજા ફૂલરસો સાથે ભળ્યા બાદ તે જાડો, વધારે મિષ્ટ અને પોષણદાતા બને છે. ફૂલરસ કરતાં મધમાં પાણી ઓછું હોય છે. વળી એની ઈક્ષુ-શર્કરા બદલાઈ દ્રાક્ષશર્કરા અને ફળ-શર્કરામાં પરિણમે છે.

અનેક જાતનાં ફૂલોમાંથી બનેલાં મધ ઘણી જાતનાં હોય છે. આથી એના સ્વાદ અને રંગમાં ફેર રહે છે. દરેક જાતના મધનાં ઘટક દ્રવ્યો જુદાં હોય છે. વળી એક પ્રકારના ફૂલમાંથી જુદીજુદી જાતની મધમાખો જુદાજુદા પ્રકારનાં પણ મધ બનાવે છે. પરંતુ ઉપર દર્શાવેલી બે શર્કરાઓ તો દરેક જાતના મધમાં કાયમ હોય છે.

મધ એ કુદરતી ગળપણ છે. એમાં દ્રાક્ષશર્કરા અને ફળશર્કરાના ભંડાર છે. ફળશર્કરા તો ખાંડ કરતાં લગભગ બેવડી ગળી છે. ખાંડમાં તો એક જ પ્રકારનો સ્વાદ છે, જ્યારે દરેક પ્રકારના મધમાં જુદાજુદા સ્વાદ મળે છે. મધની શર્કરાઓ પૂર્વપચનીય (પ્રી-ડાઈજેસ્ટેડ) રૂપમાં હોઈ સો એ સો ટકા લોહીમાં ભળે છે, જે છેવટે ગરમી અને શક્તિમાં પરિણમે છે. આમ, મધ સદ્યશક્તિદાતા હોઈ શ્રમ બાદ તે ખાવાથી શરીરમાં તાત્કાલિક શક્તિ ભરપાઈ થાય છે. આ કારણે અગાઉના જમાનામાં પગે ચાલી આવેલા મહેમાનના સ્વાગતમાં શ્રમ નિવારવા સૌ પ્રથમ મધ આપવાનો આપણે ત્યાં રિવાજ હતો. આજે ભલે એનું સ્થાન ચાએ લીધું હોય, પણ હજુયે ગામડાંમાં ઉનાળામાં ચાલવાનો શ્રમ નિવારવા મધને બદલે ગોળનું પાણી પીવાનો રિવાજ તો ચાલુ છે. એવરેસ્ટ-વિજેતા એડમન્ડ હિલેરીએ એવરેસ્ટ ઉપરના વિજયમાં મધના આહારને સહાયભૂત નીવડયો હોવાનું ગણાવ્યું છે. આરોહ-

ણુનો છેલ્લો પ્રયત્ન કરતાં અગાઉના ખાણામાં એમણે મધ લીધું હતું. એમના સાથીઓનું કહેવું છે કે પવનના સૂસવાટા અને હિમ–વર્ષા વચ્ચે વિજયની ખડતલતા અપાવનાર મધનો ખોરાક હતો. મધ એકલું શક્તિદાતા જ નહિ, પણ દીર્ઘાયું બક્ષનાર પણ છે આ બાબતમાં પ્રખ્યાત રશિયાવાસી જીવનવિજ્ઞાનશાસ્ત્રી નિકોલાઈ વાસિલિવ પ્રયોગોને અંતે કહે છે કે રશિયાના બસો .શતાયુષી લોકોનો ધંધો મધમાખો ઉછેરવાનો છે અને એમનો મુખ્ય ખોરાક પણ મધનો છે.

દીર્ઘાયુંષત્વ એટલે એકલું લાંબું જીવન જ નહિ, પણ તે આરોગ્યપૂર્ણ અને ઉપજાઉ પણ જોઈએ. આવું જીવન વિટામિનોથી શકય હોવાનું ધારવામાં આવે છે. મધમાખોની રાણીને જે વિશિષ્ટ ખોરાક આપવામાં આવે છે એમાં પેન્ટોથેનિક ઍસિડનું પ્રમાણ ઘણું વધારે હોય છે. મધમાખ-રાણી પાંચ વર્ષ જીવે છે, જ્યારે કામદાર મધમાખ ફક્ત એક જ ઋનાળો. મધમાખ-રાણીનું આવું લાંબુ આયુષ્ય વિશિષ્ટ ખોરાકને આભારી ગણવામાં આવે છે. ફળમાખીને પણ પેન્ટોથેનિક ઍસિડ આપવાથી તેના આયુષ્યમાં વધારો પ્રયોગોથી સાબિત થયો છે. મધમાં જોકે પેન્ટોથેનિક ઍસિડ નથી, પણ એના કોક અજાણ સૂક્ષ્મ ગુણોને લીધે એનો આહાર દીર્ઘાયુષ દેનાર ગણવામાં આવ્યો છે.

ફળની જેમ મધનો વિપાક મધુર એટલે અલ્કલી છે. તેમાંથી આંતરડાને ઉપયોગી ઍસિડોફિલિસ જીવાણુઓની વૃદ્ધિ થાય છે અને કહોવાટ આણનારા જીવાણુઓની વૃદ્ધિ ઘટે છે. વૃદ્ધો, દુર્બળો અને માંદગીમાંથી તાજા ઊઠેલાના જેમ બાળકો તથા સગર્ભા અને ધાવણ આપતી સ્ત્રીઓ માટે પણ તે શ્રેષ્ઠ પોષણદાતા આહાર છે.

આયુર્વેદમાં મધ દવા તરીકે અને દવાઓ સાથે અનુપાન તરીકે સ્વીકારાયું છે. માંદગીમાંથી ઊઠેલા માટે મધ શ્રેષ્ઠ શક્તિદાતા છે; કારણ તે સહેલાઈથી પચે એવું અને ઉચ્ચ ગરમી (કેલરી) આપનારું છે. માંદગી દરમિયાન ખોરાક તરીકે ગ્લુકોઝને બદલે મધ આપવું જોઇએ. તે પોષણદાતા હોવા ઉપરાંત મંદ રેચક પણ હોવાથી દસ્ત સાફ આવે છે. ગ્લુકોઝથી કવચિત્ પેટ ચડવાની તકલીફ ઊભી થાય છે, જ્યારે મધ એ બાબતમાં નિર્દોષ છે.

ધાવણ છોડાવ્યા બાદ બાળકને બહારનું દૂધ આપતી વખતે તેને ગળ્યું બનાવવા ખાંડ, પતાસું કે ગ્લુકોઝ વાપરવામાં આવે છે, પણ તેથી પેટ ચડવાની કે કફ થવાની ફરિયાદ ઊભી થાય છે. ખાંડ એ બનાવટી ગળપણ છે. એમાં નથી પ્રોટીન, ખનિજ દ્રવ્યો કે વિટામિનો. જ્યારે મધ તો કુદરતી ગળપણ છે. એમાં દૂધના કરતાં પણ ખનિજદ્રવ્યોનું પ્રમાણ અધિક હોવાથી બાળકને તે પુષ્ટિદાતા નીવડે છે. વળી તે મંદ રેચક હોવાથી પેટ પણ સાફ રાખે છે. મધથી બાળકના શરીરમાં કૅલ્શ્યમનો જથ્થો ઊંચો રહે છે. ખાંડથી બાળકને ચૂંકની અને પૂંઠની ચામડી તતડી ઊઠવાની તકલીફો આવી પડે છે. મધ આપવાથી આવી પીડા થતી નથી. અચ્છેર દૂધમાં એક કે બે ચમચાભર મધ પૂરતું થઈ રહે છે. જો બંધકોષ રહેતો હોય તો મધનો અરધો ચમચો વધારે આપવાથી પેટ સાફ આવે છે. જો મધથી ઝાડા થઈ જાય તો એનું પ્રમાણ ઘટાડવું, પણ દિવસમાં એક વાર તો દૂધ સાથે મધ આપવું. અપૂરતા પોષણને લીધે માંદલા બાળકને મધ ગળપણ સાથે શ્રેષ્ઠ ઓષધ સમાન છે. એમાંથી હાડકાં, દાંત વાળ ને નખના પોષણ માટે જોઈતું કૅલ્શ્યમ મળી રહે છે. આથી બાળકનો બાંધો દઢ બને છે.

મધની જ્ઞાનતંત્ર ઉપર શામક અસર ગણવામાં આવે છે. બોજના કારણે અસ્વસ્થ અને તંગ બનેલા શરીરને લીધે જ્યારે ઊંઘ નથી આવતી ત્યારે હૂંફાળા પાણીમાં ચમચોભર મધ લેવાથી મન શાંત અને સ્વસ્થ બનતાં નિદ્રાનું સુખ મળે છે. હૃદયપ્રદેશમાં થઇ આવતો દુઃખાવો એ કવચિત્ હૃદયની માંસપેશીઓની શર્કરાની ભૂખ રૂપે હોય છે; મધ લેવાથી તે તરત ભરપાઈ થઇને વેદનામાં રાહત અનુભવાય છે. પોપચાંનો ફફડાટ અને રાતના સમયે થતી પગની પીંડીઓની ફાટ માટે સવારસાંજ ખાતી વખતે બબ્બે ગમચાપુર મધ ઔષધરૂપ નીવડે છે. દાઝ્યા ઉપર મધ લગાડવાથી બળતરા શાંત થવા સાથે ફોલ્લા ઊઠતા નથી અને જલદી રૂઝ આવે છે. મધ પાચનને સહાયભૂત તો નીવડે છે, પણ અમ્લપિત્તના રોગીઓની ઍસિડીટી પણ ઘટાડે છે.

મહર્ષિ સુશ્રુતે મધના ગુણો આ પ્રમાણે વર્ણવ્યા છેઃ 'મધ મધુર, ટાઢું, અગ્નિને દીપ્ત કરનાર, વર્ણને સારો કરનાર, બળ વધારનાર, હલકું, સુકુમારપણું આપનાર, વાજીકરણ અને દષ્ટિ સુધારનાર છે. (સૂત્રસ્થાન : ૧૨૦) અને 'મધ યોગવાહી (સંબંધમાં આવનાર દ્રવ્યોનો ગુણ વધારનાર) પદાર્થોમાં શ્રેષ્ઠ છે (સૂત્રસ્થાન : ૧૩૩) ભાવમિશ્ર કહે છેઃ 'મધ ઝાડાના પાતળાપણાને મટાડનાર, સ્વર સુધારનાર, વ્રણ સ ફ કરનાર ને રૂઝ લાવનાર તથા બુદ્ધિ વધારનાર છે'.

સુશ્રુત અને ભાવમિશ્રે મધની આઠ જાતો ગણાવી છે, તો મહર્ષિ ચરકે ચાર. તેમણે માક્ષિક (મધમાખીઓના) મધને સર્વશ્રેષ્ઠ અને ભમરિયા મધને ભારે ગણાવ્યું છે. ભાવમિશ્ર અને સુશ્રુતે નવા (મધપૂડામાંથી તાજા કાઢેલા) મધને પુષ્ટિકારક અને મળની પ્રવૃત્તિ કરાવનાર લેખ્યું છે, તો જૂના (એક વર્ષ વીતી ગએલા) મધને શરીરની સ્થૂળતા ઘરાવનાર અને પાતળા ઝાડા મટાડનાર ગણાવ્યું છે. પ્રાચીન આયુર્વેદાચાર્યોએ ગરમ થએલું મધ, કે તાપ યા અગ્નિ વગેરથી ગરમ થએલા માણસને અથવા ગરમ ખાનપાન સાથે મધ ખાધાથી મરણનો ભય બતાવ્યો છે. આ ભયનું ખંડન કરતાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ ૧૯૨૯ની આઠમી ઑગસ્ટના 'યંગ ઇન્ડિયા'માં આ પ્રમાણે લખ્યું હતુંઃ 'ગરમ પાણી સાથે મધ લેવાનો મારો ચાર વર્ષ કરતાં વધારે સમયનો અનુભવ છે. મને કોઈ માઠી અસર થઈ નથી.'

મધની એક વિશિષ્ટતા જીવાણુઓનો નાશ કરવાની છે. મધમાં બેઠેલાં ઉપદ્રવી અને નિરુપદ્રવી બધાં જીવાણુઓ નાશ પામે છે; જ્યારે દૂધમાં તો તે અનેકગણાં વધી પડે છે. પોતે જેના સંપર્કમાં આવે એની ભીનાશ (મૉઈશ્ચર) શોષી લેવાના મધના ગુણને લીધે જીવાણુઓ ભીનાશના માધ્યમ વિના જીવી ન શકવાથી મરી જાય છે. બીજું કારણ મધની અમ્લતા છે. પ્રયોગોથી સાબિત થયું છે કે ચોખ્ખા મધમાં ટાઇફૉઈડનાં જીવાણુઓ ૪૮ કલાકમાં અને મરડાના જીવાણુઓ ૧૦ કલાકમાં નાશ પામે છે.

મધની બીજી વિશિષ્ટતા હજારો વરસ સુધી બગડયા વગર જળવાઈ રહેવાની છે. ઇજિપ્તની શાહી કબરોમાંથી હમણાં જડેલા મધના માટીકુંભો ૩૩૦૦ વર્ષ જૂના હોવાની ધારણા છે. આમાંનું મધ જોકે જૂનું, છારી વળેલું ને કાળુ પડેલું છે, પણ શુદ્ધ ખાવા લાયક તો છે.

આમ પ્રાચીન અને રહસ્યપૂર્ણ મધ આ જગતનું એક કૌતુક છે. સૃષ્ટિની રમણીય લીલોતરીનાં ફૂલ અને જંતુસૃષ્ટિમાં ઉત્ક્રાન્તિની ઉચ્ચતાને વરેલી મધમાખો વચ્ચેના સંબંધમાંથી નીપજતું મધુર મધ મૃત્યુલોકનાં પાંચ અમૃતોમાંનું એક છે. સદ્યપાચ્ય મધ દેવોનો ખોરાક છે. માનવીને મળેલી કેટલીક કુદરતી અદ્ભુત બક્ષિશોમાંનું તે એક છે. તેમાં શર્કરાની સમૃદ્ધિ છે, થોડું પ્રોટીન છે પણ ઉષ્ણાંકમૂલ્યની વિપુલતા છે. આ તો ઠીક, પણ મધની શર્કરા પૂર્વપચનીય રૂપમાં હોઈ તે તાત્કાલિક શરીરમાં અભિશોષાય છે. આજના આહારમાં કાર્બોહાઇડ્રેટોની અભિવૃદ્ધિ કરવા અને સ્ટાર્ચ પદાર્થો પ્રાચનમાં સહાયભૂત નીવડવા માલ્ટ-એકસ્ટ્રેટો ખાવાનું સૂચન થાય છે, પણ આના કરતાં તો કાર્બોહાઇડ્રેટની દૃષ્ટિએ મધ સસ્તું હોવા છતાં શ્રેષ્ઠ છે. (હવે પછી 'ગોળ')

ટિકિટસંગ્રહ

અસ્ત થએલા અમલની મૂલ્યવાન ટિકિટો

બ્રિટિશ હિન્દ વખતમાં દેશી રાજ્યો ભારતમાં ભળી ગયા પછી જેમ ત્યાંની ટપાલ ટિકિટોની માંગ અને મૂલ્ય વધી ગએલાં એ જ રીતે ગોવા દીવ અને દમણ પણ ભારતમાં સમાઇ જતાં ત્યાંના પોર્ટુગીઝ અમલ દરમ્યાનની ટપાલટિકિટોની કિંમત પણ હવે વધવા માંડી છે.

ઈ.સ. ૧૮૫૪માં હિન્દે ટપાલટિકિટો બહાર પાડી એ જ વર્ષે પોર્ટુગીઝોએ પણ ગોવામાં પોસ્ટઑફિસ ખોલી અને તે પછી ઈ. ૧૮૮૦માં દીવમાં ખોલી. એમણે પ્રથમ ટિકિટો તો બહાર પાડી ઈ. ૧૮૭૧ની ૧લી ઑક્ટોબરે. ત્યાં સુધી તો બ્રિટિશ હિન્દની ટિકિટો પર હાથે કોતરેલા સિક્કા મારીને જ એમણે કામ ચલાવેલું. પોર્ટુગીઝ ટિકિટો ચલણમાં આવ્યા પછી પણ સાથેસાથે એવી હિન્દી ટિકિટો ચાલતી. એ બંને ટિકિટોના એકસાથે ઉપયોગ થએલાં કવરો તો આજે લગભગ અપ્રાપ્ય જેવાં હોઈ ઘણાં મૂલ્યવાન ગણાય છે.

પણ પોર્ટુગીઝોની એ પ્રથમ ટિકિટોમાં ત્યારે કંઇ નવીનતા નહોતી. રાણી વિક્ટોરિયાના ચ્હેરાવાળી એ વખતની બ્રિટિશ હિન્દની ટિકિટોની એ નકલ જ હતી. માત્ર એમણે રાણીના ચ્હેરાને બદલે તે જગ્યાએ ૧૦ અને ૩૦૦ રેઇસની એની કિંમતના આંકડા છાપેલા અને ફરતું Servica Postal: India Port એ પ્રમાણે લખાણ હતું. ૧૮૭૨માં ૬૦૦ અને ૯૦૦ રેઈસની આવી બે વધુ ટિકિટો નીકળી. જે. એ. કાસ્ટેલ બ્રાન્કોએ એનાં આલેખન કરેલાં ને ગોવાન ગો હિન્ડોઝોએ એનાં બીબાં કોરેલાં. આજે એ ટિકિટો ઘણી મોંઘી (૩૩૪ રૂપિયાથી માંડી ૪૦૦૮ રૂપિયા સુધીની કિંમતની) ગણાય છે. વપરાએલી અને એના મૂળ કવર પર ચોંટેલી સ્થિતિમાં જો એ મળી આવે તો તો એથી યે વધુ કિંમતી ગણાય. પણ આ પ્રથમ ટિકિટો કરતાં યે એ પછી બહાર પડેલી ટિકિટ જો કોઈ સંગ્રાહકને હાથ ચડે તો તો એ આનંદના અતિરેકથી ગાંડો જ થઇ જાય. એ ટિકિટોનું પરફોરેશન બરાબર એના પત્રની છાપમાં વચ્ચોવચ્ચ જ થએલું!

ઈ.સ. ૧૮૭૭માં પોર્ટુગીઝ તાજના અને પછીથી તેની જગ્યાએ પોર્ટુગલના રાજાના ચ્હેરાવાળી ટિકિટો આવી. અગાઉની અણઘડ ટિકિટો કરતાં એ કંઈક સારી હતી. આ ઉપરાંત, દરિયાપારની બધી



ભારતના ટપાલ અને તાર ખાતાની સંજ્ઞા. એમાં ભારતનો નિર્દેશ કરવા માટે અશોકચક્ર, ટપાલને માટે એની આંતરરાષ્ટ્રીય સંજ્ઞા 'બ્યૂગલ', 'તાર'ને માટે વીજળીના તણખા અને એ બધા સાથે આ ખાતાના ધ્યાનમંત્રનો એમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

જ પોર્ટુગીઝ વસાહતોમાં એકસરખી ભાતવાળી ટિકિટો પણ બહાર પડી હતી. પોર્ટુગીઝ વસાહતોના સ્થાપક ને પ્રસારક વાસ્કો દ ગામા, આલ્ફાન્ઝો આલ્બુકર્ક, ફ્રાંકો દ' આલ્મેડા વગેરેને તો તેણે છેક ૧૯૨૦ પછી ટપાલટિકિટો પર બિરદાવેલા. ઇ.સ. ૧૯૩૧માં સંત ફ્રાન્સિસ ઝેવીઅરનાં દર્શન વખતે છ ટિકિટોનો એક ખાસ સેટ બહાર પડેલો તેના પર સંત ફ્રાન્સિસ, એમની મઝાર ને બૉમ જિસસનું દેવળ છપાએલાં. તે પછી પણ સંતના આલેખનવાળી કેટલીક ટિકિટો આવેલી. ઈ. ૧૯૫૨માં ગોઅન ટિકિટોના પ્રદર્શન વખતે ૧૮૭૧ની પ્રથમ ટિકિટના જ આલેખનવાળી ખાસ ટિકિટ બહાર પડેલી.

ત્યારબાદ આ સંસ્થાનોની ૪૫૦મી જયંતી નિમિત્તે ઈ.સ. ૧૯૫૬ની ૨૪મી માર્ચે બહાર પડેલી અઢાર ટિકિટો તો અતિ સુંદર અને રંગીન હતી. તે પર હિન્દમાંની પોર્ટુગીઝ વસાહતોના નકશા, એના નામી ગવર્નરો ને એમની મુદ્રાઓનાં આલેખન હતાં. વળી પોર્ટુગીઝ ચલણી સિક્કાઓનાં આલેખનોવાળો ઓગણીસ ટિકિટનો એક બીજો પણ સુંદર સેટ બહાર પડેલો.

દમણમાં હિન્દુસ્તાનની પોતાની પોસ્ટઑફિસ પણ હતી જેની રદ્દીકરણની છાપમાં Damaun-(દમણ) શબ્દ હતો. મનાય છે કે ગોવામાં પણ આ જ રીતે હિન્દી પોસ્ટ ઑફિસ હતી. આ બંને સ્થળોના પોસ્ટમાર્કવાળી હિન્દી ટિકિટો પણ મળી આવે છે.

આજે હવે પોર્ટુગીઝોનો અમલ દૂર થતાં એની ટપાલટિકિટોનું પ્રકરણ પણ પૂરું થયું, અને એટલે જ હવે એ ટિકિટો પ્રત્યેનું સંગ્રાહકોનું આકર્ષણ, એનું મહત્ત્વ અને એની કિંમત બધું જ ખૂબ વધી જવા પામ્યું છે. એટલું જ નહિ પણ ભવિષ્યમાં એ વધતું જ જશે.







પોર્ટુગીઝ ઇન્ડિયાની કેટલીક ટિકિટો. વચ્ચે ત્યાંના એક ફર્સ્ટ ડે કવર પરનું ચિત્ર આપ્યું છે.


શતરંજ

લેખક · સુરેશ મોદી

અંતનો તબક્કો

આપણે અગાઉ જોઇ ગયા છીએ (સપ્ટેમ્બર '૬૧ના અંકમાં) કે એકલા રાજાને મ્હાત કરવા માટે શું શું જરૂરી છે. હવે રાજાને મ્હાત કેવી રીતે કરવો તે જોઈશું.


બે હાથી : એકલા રાજાને મ્હાત કરવા રાજા અને એક હાથી પણ પૂરતો છે. બે હાથી હોય તો રાજાની મદદ વિના જ સહેલાઈથી મ્હાત થઈ શકે છે. રાજાને બોર્ડની એક બાજુએ ધકેલવામાં હાથી બહુ જ કામનો છે.



1 R–KR4. હવે કાળાનો રાજા ઉપરના અર્ધા બોર્ડમાં જ રમી શકે.

1 ...; K-K4; 2 R-QR5 ch, K-B3; 3 R–KR6 ch, K–N2; 4 R–N6 (હવે 4 R–QR7 ch ન કહી શકાય, કારણ કે કાળો 4 ...K×R રમી શકે), K–B2; 5 R–R7 ch, K–K1; 6 R–N8 mate.


વજીર : અહીં એકલા રાજાને બોર્ડની એક બાજુએ ધકેલવો પડે છે. આમાં રાજાના ઉપયોગથી કામ સરળ બને છે. ધ્યાન રાખવાનું કે સામા રાજાને ચાલવાની જગ્યા ઉપર કાબૂ મૂકતાં એમ ન થાય કે તેને એક પણ ચાલ ન રહે, અને શેહ પણ ન હોય. આને Stalemate કહેવાય છે ને તે ફક્ત ડ્રૉ જ ગણાય છે.



1 KN2, K–Q4; 2 K–B3, K–K4; 3 Q–N6, K–B5; 4 K–Q4, K–B6; 5 Q–N5, K–B7; 6 Q–N4, K–K8; 7 K–K3, K–B8; 8 Q–N6 (અહીં Q–N5, Q–N7 અથવા Q–N8 પણ રમી શકાય પણ Q–N3થી Stalemate થાય છે), K–K8; 9 Q–KN1 યા Q–QN1 mate.


કાળો ગમે તેમ ચાલે પણ આ સ્થિતિમાં ૯ ચાલમાં મ્હાત થાય તેમ જ છે. દા.ત. 2... K–K3; 3 K–Q4, K–B3; 4 Q–K4, K–B2; 5 K–K5! K–N2; 6 K–B5, K–B2; 7 Q–N7ch, K–K1; 8 K–K6, K–B1; 9 Q–B7 mate.

હાથી : હાથી વજીર કરતાં નબળો હોવાથી અહીં રાજાની મદદની વધુ જરૂર રહે છે. Stalemateનો ભય અહીં ઓછો રહે છે.



1 K–N2, K–Q5; 2 K–B2, K–K5; 3 K–B3, K–K4; 4 K–B4, K–K5; 5 R–K1 ch, K–B4; 6 K–Q4, K–B5; 7 R–B1 ch, K–N4; 8 K–K4, K–N3; 9 K–K5, K–N4; 10 R–N1ch, K–R5; 11 K–B5, K–R6; 12 K–B4, K–R7; 13 R–N3, K–R8; 14 K–B3, K–R7; 15 K–B2, K–R8; 16 R–R3 mate.

બે ઊંટ : અહીં રાજાને બોર્ડની એક બાજુ જ નહિ પણ એક ખૂણામાં લઈ જવો પડે છે.




1 B–Q1, K–K5; 2 K–N2, K–Q7; 3 B–QB2, K–K6; 4 K–B3, K–B6.

રાજાને ધીરેધીરે બોર્ડના એક ખૂણા તરફ કેમ ધકેલાય છે તે જુઓ.

5 K–Q4, K–N5; 6 B–K1, K–B6; 7 B–Q3, K–B5; 8 B–K4, K–N4. 9 K–K5, K–N5; 10 B–KB2, K–N4; 11 B–KB5, K–R3; 12 K–B6, K–R5; 13 B–K6! આ નકામી ચાલ રાજા પાછો R3 ઉપર ચાલે તેની રાહ જોવા માટે કરવામાં આવી છે. 13...K–R3; 14 B–N4, K–R2; 15 K–B7, K–R3; 16 B–K3ch, K–R2; 17 B–B5 ch, K–R1; 18 B–Q4 mate.

ઘોડો અને ઊંટ : ઘોડા અને ઊંટથી એકલા રાજાને મ્હાત કરી તો શકાય છે પણ ઘણું અઘરું છે. સાધારણ રીતે તેમ કરતાં લગભગ ત્રીસેક ચાલની જરૂર પડે છે. જો કોઈ પણ પ્યાદાની ચાલ કે મ્હોરાના મર્યા વિના ૫૦ ચાલ ચલાઈ જાય તો પણ રમત ડ્રૉ થઇ ગણાય છે. આથી આવા અંતમાં ખાસ ખ્યાલ રાખવો પડે છે. રાજાને ઊંટ જે રંગના ખાના ઉપર ચાલતો હોય તે રંગના ખૂણામાં જ મ્હાત કરી શકાય છે. તેને તે તરફ ખસેડી જતાં હોઇએ ત્યાંથી તેને પાછા ફરી જવા માટે છટકબારી મળી જાય તો ક્યારેક ૫૦ ચાલ થઇ જાય અને રમત ડ્રૉ થઈ ગણાય. આવી સ્થિતિ રમતમાં ભાગ્યે જ આવે છે. છતાં એનો અભ્યાસ કરવાથી ઊંટ અને ઘોડાનો ઉત્તમ સહકાર કેવી રીતે મેળવવો તે શીખાશે.

શરૂઆતમાં રાજાને જ્યાં મ્હાત ન થઈ શકે તેવા ખૂણામાં ધકેલવો પડે છે અને પછી ત્યાંથી ધીરે ધીરે બીજા ખૂણામાં લઇ જવો પડે છે. આ કામમાં ઘણી ધીરજની જરૂર છે. જુઓ :



1 N–N3 ch, K–B3; 2 K–N4, K–Q4; 3 B–B3 ch, K–Q3; 4 N–Q4, K–K4; 5 K–B4, K–B3; 6 K–Q5, K–B2; 7 N–B5, K–B3; 8 N–Q6, K–N3;

(અનુસંધાન પૃષ્ઠ ૩૭૬)



અધૂકણી



ફૂલને મારગ સોકોઈ ચાલે, કંટક-મારગ કોઈ!
રાત પડી ને અંધિરી છાઈ, ડૂબ્યો શશિ નભ ધોઈ,
માર્ગભૂલ્યાંનો પોતે સળગી બનતો દીપક કોઈ!
મદભર યૌવનની કુસુમાંકિત છલકતી અધરકટોરી,
એ અધરોની મધુરપ છાંડી ચાલે તથાગત કોઈ!
જનગણનયને ઘોર નિરાશા પ્રસરે સ્મિત રગદોળી,
આશાની અંજલિ હાથ લઈ તહીં અરપે નિજશિર કોઈ!

—રતિલાલ છાયા

નૃત્યો કેમ જોશો

ગયા અંકમાંના ભાઈ દિલીપ ઝવેરીના પત્રમાં દર્શાવેલી ઈચ્છાને કાંઈક સંતોષે એવો એક લેખ 'સમર્પણ'ના છેલ્લા અંકમાં આવેલો તે આભાર સાથે અહીં ઉતારીએ છીએ.

"છેલ્લા ચારેક દાયકા દરમિયાન ભારતમાં શાસ્ત્રીય નૃત્યોની પુનઃ પ્રતિષ્ઠા થઈ છે. દરેક શહેરમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં નૃત્યને મહત્ત્વનું સ્થાન મળવા લાગ્યું છે. પરંતુ શાસ્ત્રીય નૃત્યો પણ કેટલીક પૂર્વતૈયારી, સમજ અને સહાનુભૂતિની અપેક્ષા રાખે છે. એટલે થોડી પ્રાથમિક સમજણ મેળવી લેવાથી આવા કાર્યક્રમો કંટાળારૂપ નહિ નીવડે. જેમ કાવ્યો અથવા સાહિત્યકૃતિઓનું પરિશીલન વધારે કરીએ તેમ તે કૃતિઓનો આસ્વાદ વિશેષ પ્રમાણમાં માણી શકીએ છીએ. તેવું જ આ કલાપ્રકાર વિષે પણ કહી શકાય.

સૌ પ્રથમ તો નૃત્યો જોવા જતી વખતે તે કઈ શૈલીનાં રજૂ થવાનાં છે તે જાણી લેવું જોઈએ. શાસ્ત્રીય નૃત્યો ચાર પ્રકારનાં લોકપ્રિય થયાં છે: 'ભરતનાટ્યમ્', 'કથકલી', 'કથક' અને 'મણિપુરી'. આ ઉપરાંત છેલ્લાં ચારપાંચ વર્ષથી આંધ્ર પ્રદેશનાં 'કુચીપુડી' અને ઓરિસ્સાનાં 'ઓરિસ્સી' નૃત્યો પણ જાણીતાં થયાં છે.

'ભરતનાટ્યમ્' જ્યાં તમિળ ભાષા બોલાય છે તે પ્રદેશમાં વધુ જળવાએલો અને સૌથી વિશેષ લોકપ્રિય તથા જાણીતો નૃત્યપ્રકાર છે. 'કથકલી' મલબાર પ્રદેશનું શાસ્ત્રીય નૃત્ય છે. 'કથક' ઉત્તર ભારતનું અને 'મણિપુરી' મણિપુર (ઇમ્ફાલ)નું શાસ્ત્રીય નૃત્ય છે. આટલી પ્રાદેશિક સ્પષ્ટતાથી તે તે પ્રકારની વિશેષતા સહજરીતે લક્ષમાં આવશે. ઘણી વાર 'કથક' અને 'કથકલી' વચ્ચે શબ્દસામ્યને કારણે ગોટાળો થવા પામે છે. 'કથકલી' શબ્દ 'કથા' અને 'કલી' એ શબ્દોનો બન્યો છે. કથા એટલે વાર્તા, પ્રસંગ; અને 'કલી' એટલે નાટ્ય. તે રજૂ કરતું નૃત્ય તે 'કથકલી'. જ્યારે 'કથક' શબ્દ 'વાર્તા કહેનાર વ્યક્તિ' પરથી તે નૃત્યને માટે વપરાશમાં આવ્યો છે. કથક બહુધા એકમ નર્તન (સોલો ડાન્સ) હોય છે. કથકલીમાં એકથી વધુ નૃત્યકાર ભાગ લેતા હોય છે.

નૃત્યમાત્રમાં ગતિ હોય છે અને તે દ્વારા વિવિધ અંગભંગ, પદચલન, મુદ્રા ઇત્યાદિ વડે કલાકાર કલાકૃતિ રજૂ કરે છે. મોટા ભાગના કાર્યક્રમોમાં પ્રવક્તા પ્રત્યેક પ્રયોગની રજૂઆત પૂર્વે તે વિષે અંગ્રેજીમાં કેટલીક સમજૂતી આપે છે. વળી મોટે ભાગે તો કાર્યક્રમ સમયે વહેંચાતી પુસ્તિકા—'સુવેનીર'માં પણ બધી માહિતી આપી હોય છે.

આપણે 'ભરતનાટ્યમ્' નૃત્યના એકાદા કાર્યક્રમ વિષે વિચારીશું. આવા કાર્યક્રમોમાં નૃત્યની સાથમાં અપાતું સંગીત કર્ણાટકી હોય છે. હિન્દુસ્તાની સંગીતપ્રકારથી આ ભિન્ન હોઈ આપણે ઘણી વાર તેને 'કર્ણકટુ' ગણી ધ્યાનપૂર્વક સાંભળતા નથી હોતા. પરંતુ વારંવાર તે સાંભળવાથી તેના અંતર્ગત સૌંદર્યનો પરિચય થતાં એ પૂર્વગ્રહ દૂર થશે.

કાર્યક્રમની શરૂઆત પૂર્વે 'વિનાયકસ્તુતિ' કે એવી જ કોઈ પ્રાર્થના ગાયકો ગાય છે. પરંપરા અનુસાર, રંગમંચની પવિત્રતા જાળવવા દશે દિશાઓના દેવોની સ્તુતિ અર્થે અને વિઘ્નહર

ખરીવાળાં પ્રાણીઓમાં ગેંડા અને ઘોડાના વર્ગનું તાપીર એના આગલે પગે ચાર અને પાછલે પગે ત્રણત્રણ આંગળાંને લીધે જુદું તરી આવે છે. ઘોડાની પેઠે ઉત્ક્રાન્તિક્રમના હજારો વર્ષના ગાળામાં યે તાપીરમાં કંઈ ફરક પડ્યો નથી. અલબત્ત, અગાઉ એ વિસ્તૃત વિસ્તારોમાં થતાં હશે. આજે તે માત્ર મલાયા, સુમાત્રા ને બોર્નિયો તરફ તથા મધ્ય અને દક્ષિણ અમેરિકાનાં જંગલોમાં જ રહે છે. બંને તરફની એની જાતનો વાન અલગઅલગ છે. પૂર્વનાં તાપીર પીઠે-પેટે મેલા સફેદ અને આગળ-પાછળના ભાગે કાળાં હોય છે જ્યારે અમેરિકાનાં તાપીર આખે શરીરે એકસરખાં તપખીરી કે મેલાં કાળાં હોય છે. વર્ણભેદવાળી ત્યાં એની ચારેક જાત થાય છે.

ટૂંકા પણ મજબૂત પગ ઉપર ત્રણ-સાડાત્રણ ફૂટ ઊંચી ભારે કાયા, બુઠ્ઠી સૂંઢ જેવું નાક, પાતળી ટચૂકડી પૂછડી, ઝીણી આંખ ને લંબગોળ કાનને લીધે એનો દેખાવ કંઈક કઢંગો લાગે છે. શરીરના પ્રમાણમાં એનો સીટી જેવો અવાજ બહુ નાનો લાગે છે. છંછેડાય ત્યારે જોરથી હણહણાટી કરે. પણ અત્યંત શાંત પ્રકૃતિનું પ્રાણી હોઈ બચ્ચાના રક્ષણના વખત સિવાય ક્યારેયે જુસ્સામાં નથી દેખાતું. ચાલે તો પણ માથું નીચું ઘાલી અત્યંત ધીરે ધીરે ને સાવચેતીથી. સંવનનકાળ સિવાય એ એકલું જ રખડે. રહે પણ ગીચ જંગલમાં જ.

સાંજ પડે એ આહાર કરવા નીકળે તે મોડી રાત સુધી ચરે, ને નાના છોડ વગેરે વનસ્પતિ ખાય. પછી વહેલી પરોઢે પાણી પીવા નીકળે. એની આવનજાવન પણ નિશ્ચિત માર્ગે જ થાય. પાણીમાં રમવું એને ગમે. જરૂર પડે મોટી નદી યે તરી જાય. કાદવમાં પણ આળોટે ને શરીર પર એના થર ચડાવે; કદાચ જીવડાંના એથી સામે ડંખ એની જાડી પણ સુંવાળી ચામડીને રક્ષણ મળતું હશે.

તાપીરનું બચ્ચું નાનું હોય ત્યારે એને શરીરે ચટાપટા હોય છે. ગીચ ઝાડીમાં એનો આવો રંગ ભળી જઈને એને રક્ષણમાં ઘણી સહાય મળે છે. તાપીર સહેલાઈથી પાળી શકાય છે.



શાસ્ત્રીય નૃત્યોના ચાર વિવિધ પ્રકારોની દરેકની ભિન્નભિન્ન વેશભૂષા વગેરે દર્શાવતાં આલેખનો: ડાબી બાજુથી (૧) ભરતનાટયમ્; (૨) કથકલી; (૩) કથક; (૪) સામેના પાને મણિપુરી.

દેવને, કાર્યક્રમ સફળ થાય તેવી વિનંતી રૂપે આ પ્રાર્થના રજૂ થાય છે. તે સંસ્કૃત અથવા તમિળ ભાષામાં હોઈ શકે. કર્ણાટકી સંગીતમાં જ તેના સૂર બાંધ્યા હોવાથી તમિળ ભાષા ન જાણનારે સંગીતનું સૂર-માધુર્ય માણવાનો પ્રયત્ન કરવો, ને શરૂ થનાર કાર્યક્રમની એકાગ્રતા જાળવવા માટે આવી પ્રાર્થનાની રજૂઆતના હેતુને સમજવા પ્રયત્ન કરવો.

નૃત્યમાત્રના બે મુખ્ય વિભાગો હોય છે. 'ભરતનાટયમ્' નૃત્યમાં તે સ્પષ્ટરૂપે નજરે ચડે છે. એક વિભાગ શુદ્ધ 'નૃત્ત' (પ્યોર ડાન્સ) અને બીજો 'અભિનય'નો. શુદ્ધ 'નૃત્ત'માં કેવળ ગતિબદ્ધ વિવિધ આવર્તનો, પદચલનો (ફૂટ-વર્ક), હસ્તવિનિયોગ, મુદ્રાઓ, ડોક અને નેત્રોનાં હલનચલન વગેરે જોવા મળશે. તેમાં કશો ભાવ ઉદ્દિષ્ટ નથી હોતો. કોઈ ગીતના આધારે કલાકાર ભાવસૃષ્ટિ રચીને જે નૃત્ય કરે તેનાથી આ 'નૃત્ત' ભિન્ન હોય છે. શિલ્પમાં જેમ કેવળ ફૂલવેલની મનોરમ ભાત-ગૂંથણી—કારીગરીભરી કોતરણી જોવા મળે છે તેવી, વિવિધ ગતિની માત્ર લીલા આ વિભાગમાં જોવા મળશે. એટલે 'નૃત્ત' વખતે કલાકાર હસ્તનાં વિવિધ હલનચલન, ગતિ અને મુદ્રાઓ વગેરે વડે જે પ્રયોગ રજૂ કરે તેમાં કશો અર્થ શોધવા પ્રયત્ન કરવો નહિ. તે મુદ્રાઓનું કાર્ય કેવળ અલંકારાત્મક હોય છે. 'નૃત્ત'માં તેથી રમણીયતા ને ઓપ વધે છે.

આવા શુદ્ધ 'નૃત્ત'ના ત્રણ પ્રયોગો છે: 'અલ્લારિપુ', 'જતીસ્વરમ્' અને 'તિલ્લાના'. 'તિલ્લાના' હમેશાં કાર્યક્રમને અંતે રજૂ થાય છે. 'અલ્લારિપુ' પ્રારંભે ને 'જતીસ્વરમ્' 'અલ્લારિપુ' પછી. તે દરમિયાન ગીત ગવાતું નથી. એટલે ગીતના આધારે કલાકાર આ પ્રયોગોમાં કશી ભાવ-જગતની રચના કરતા નથી. માત્ર તાલના બોલ 'તામ્ ધી તામ્, કિડતક તે, ધી તે' ઇત્યાદિ બોલાય છે. 'જતીસ્વરમ્'માં 'સા ની ધ પ' વગેરે સ્વર બોલાતાં આવર્તનો સાથે 'નૃત્ત' થાય છે.

આ બે પ્રયોગો પછી 'શબ્દમ્' રજૂ થાય છે. તેમાં ગીત ને કેટલેક અંશે 'અભિનય' પણ આવે. પ્રવક્તા ગીતનો ભાવ અંગ્રેજીમાં કહે છે તે ધ્યાનપૂર્વક સાંભળવો. તેનો સાર સમજી લઇએ તો 'શબ્દમ્' તમિળ ભાષામાં હોવા છતાં, મુદ્રાઓની સાંકેતિક પરિભાષા ન જાણીએ તો પણ, નૃત્યનો પ્રભાવ એટલો અસરકારક હોય છે કે આપણને ભાષાનું બંધન નડશે નહિ. વળી 'શબ્દમ્'માં અભિનય કરતાં શુદ્ધ 'નૃત્ત' પ્રમાણમાં વિશેષ હોય છે. એટલે પ્રવક્તાએ આપેલી સમજૂતી લક્ષમાં રાખવાથી 'શબ્દમ્' પ્રયોગ જોવામાં ખાસ મુશ્કેલી નડશે નહિ. ગીત મોટે ભાગે કોઈ રાજવી અથવા પ્રભુની સ્તુતિરૂપે હોય છે.

'શબ્દમ્' પછી ભરતનાટયમ્ કાર્યક્રમના શિરમોર જેવો પ્રયોગ 'વર્ણમ્' રજૂ થાય છે. આ અત્યંત અટપટી ને શાસ્ત્રીય રચના હોવાથી તે ઝટ ગ્રહણ કરી શકાશે નહિ. આ પ્રયોગમાં શુદ્ધ 'નૃત્ત' અને 'અભિનય' બન્ને મહત્ત્વનાં હોય છે. એકાદેક ગીતની આજુબાજુ શુદ્ધ નૃત્ત અને અભિનયની ગૂંથણી જોવા મળશે. એક વાર શુદ્ધ નૃત્ત શું છે તેનો ખયાલ આવ્યા પછી 'વર્ણમ્' દરમિયાન શુદ્ધ નૃત્ત ક્યારે ક્યારે રજૂ થાય છે તે ઝટ સમજી શકાશે.

'વર્ણમ્'માંના ગીતમાં મોટે ભાગે વિરહોત્કણ્ઠિતા નાયિકાની પ્રિયતમ-મિલનની ઝંખના ને અન્ય ભાવોની રજૂઆત હોય છે. ગીતની ભાષા તમિળ કે તેલુગુ હોવાથી પ્રવક્તાએ પ્રયોગ પૂર્વે ગીતનો મુખ્ય ભાવ જણાવ્યો હોય તેને આધારે આ પ્રયોગ સમજવાનો પ્રયત્ન કરવાનો રહેશે. અને તે વારંવાર આવા પ્રયોગો જોયા પછી જ હૃદ્ગત કરી શકાશે. વળી પ્રમાણમાં અન્ય પ્રયોગો કરતાં આ પ્રયોગ દીર્ઘ હોવાથી તેની સૂક્ષ્મતા સમજવામાં વાર પણ લાગશે. છતાં આ પ્રયોગમાં રહેલા શુદ્ધ નૃત્તને ખાસ કષ્ટ લીધા વિના માણી શકાશે.


'વર્ણમ્' પછી મોટે ભાગે વિરામ હોય છે, અને બીજા વિભાગમાં 'પદમ્' અભિનય નૃત્યની રજૂઆત થાય છે. આ 'પદ' ઊર્મિગીતો અને શૃંગારપ્રધાન રચનાઓ હોય છે. ત્યાગરાજ, દીક્ષિતાર, શ્યામશાસ્ત્રી, મુથ્થુસ્વામી આદિ દક્ષિણ ભારતના સંતકવિઓની રચનાઓને આધારે કલાકાર તે તે ગીતમાંના ભાવોને નૃત્યમય ગતિ અને આંગિક અભિનય આદિ દ્વારા રજૂ કરે છે. આ પ્રત્યેક કૃતિનો સાર પ્રવક્તાની સમજૂતીને આધારે જાણી લેવો. આવાં પાંચથી સાત પદ પછી ફરીથી શુદ્ધ નૃત્તનો પ્રયોગ 'તિલ્લાના' રજૂ થાય છે. તેમાં યે શિલ્પ-સદૃશ અંગભંગ ને પદ-



ચલન આદિયુક્ત શુદ્ધ 'નૃત્ત' હોવાથી ભાવ-અભિનય તેમાં હોતાં નથી. ગીતના ભાવ જેવો અર્થબોધ આ પ્રયોગમાં વિવક્ષિત નથી. અંતે પ્રેક્ષકવર્ગને પ્રણામ કરી 'મંગલમ્' વડે કલાકાર કાર્યક્રમ પૂરો કરે છે.

અભિનય-વિભાગમાં ગીતો પ્રાદેશિક ભાષામાં રજૂ થાય તો નૃત્યને વધુ પ્રમાણમાં માણી શકાય; પરંતુ કર્ણાટકી સંગીતમાં ગુજરાતી કે હિન્દી ગેય રચનાઓ બંધબેસતી નથી આવતી, એટલે રજૂ થનાર ગીતનો ભાવ જાણી લેવા માટે કાર્યક્રમની શરૂઆત પૂર્વે પ્રવક્તાને ધ્યાનપૂર્વક સાંભળી લેવા. બે ચાર વાર એક શૈલીનાં શાસ્ત્રીય નૃત્યો જોયા બાદ તેની વિશિષ્ટતા ખયાલમાં આવ્યા પછી તે દુર્બોધ નહિ રહે. પુસ્તિકાઓ (સૂવેનીર)માં નૃત્ય રજૂ કરનાર કલાકારનાં નૃત્યોની વિશેષતા, શાખા (ઘરાણા) કાર્યક્રમની વિગત અને 'પદમ્'ની સમજૂતી પણ આપ્યાં હોય છે. એ વાંચી લેવાથી, અને તે માહિતીને આધારે પ્રયોગો જોવાથી કાર્યક્રમ પ્રત્યે તે જરા ય સમજ્યા નહિ તેવો ભાવ રહેશે નહિ અને અન્ય કાર્યક્રમો જોવાની ઊલટ કેળવાશે.

('સમર્પણ') —સુનીલ કોઠારી





માનવ ઇતિહાસનો સૌથી નોંધપાત્ર દસ્તાવેજ

માનવ ઇતિહાસના એક સૌથી નોંધપાત્ર દસ્તાવેજ ગુલામોની 'મુક્તિઘોષણા' પર અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકને સહી કરી તેની શતાબ્દી આ મહિને છે. અમેરિકાનાં દક્ષિણનાં રાજ્યોમાં ગુલામીની ધૂમ પ્રથા ચાલતી હતી તે અટકાવવાના મુદ્દા પર ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે જે આંતરયુદ્ધ ફાટી નીકળ્યું તેની જ્વાળાઓની મધ્યમાં જ પ્રમુખ અબ્રાહમ લિંકને માનવજાતને કલંકસમી એ પ્રથાને નાબૂદ કરતા ઘોષણાપત્ર પર ઈ. ૧૮૬૨ની ૨૨મી સપ્ટેમ્બરે સહી કરી. તે પહેલાં જુલાઈની ૨૨મીએ એમણે પોતાના પ્રધાનમંડળ સમક્ષ તેનો મુસદ્દો વાંચ્યો એ પ્રસંગની તસવીર ઉપર આપી છે.

ભાદરવાનાં ભયસ્થાનો

ભાદરવો એ ચીવટભરી સંભાળ માગતો મહિનો છે. શરદ ઋતુ એ રોગોની માતા છે અને ભાદરવો એ શરદ ઋતુનો પ્રારંભકાળ છે.

ભાદરવામાં બે પ્રકારની સ્થિતિ પેદા થઇ હોય છે: વર્ષા ઋતુનાં હવામાનને કારણે મંદાગ્નિ અને ગંદકી. એટલે ભાદરવામાં જો વિચારપૂર્વક જીવવામાં ન આવે તો માંદગીના ભોગ થવું પડે છે. આથી ભાદરવા માસમાં નીચેની હકીકતો તરફ જાગૃત રહેવું જોઇએ:

(૧) ભાદરવી તડકો: ભાદરવામાં સૂર્યનો તાપ ઉગ્ર સ્થિતિએ પહોંચે છે. ઉગ્ર તાપ પિત્ત અને મંદાગ્નિ પેદા કરે છે. મલેરિયા આથી જ ભાદરવાના તડકાનો તાવ બની ગયો છે. આ માટે તડકામાં ફરવાનું બંધ કરવું.

(૨) બીજી મહત્ત્વની સંભાળ દહીં અને છાશ માટે રાખવાની. ખાટી છાશ કે દહીં વિદગ્ધ પિત્ત ઉત્પન્ન કરતાં હોવાથી ભાદરવાના તડકામાં એનું સેવન વિકૃતિ પેદા કરનારું નીવડે છે. આ મહિનામાં ખાટી છાશ જો લેવી જ હોય તો ખૂબ મીઠું નાખીને લેવી.

(૩) આ ઋતુમાં નવાં તાજાં કૂણાં શાકભાજી પેદા થાય છે. પાણીના સંગ્રહથી રસતરબોળ આ માસની વનસ્પતિમાં પાણીનો જથ્થો મર્યાદા કરતાં વિશેષ હોઈ હોજરી તથા લીવરને મંદાગ્નિ તરફ ઘસડી જાય છે, જેને પરિણામે આમજન્ય રોગોત્પાદક સ્થિતિ પેદા થાય છે.

(૪) ભાદરવામાં નવાં પાણીની વિપુલતા હોય છે. નદી-નાળાં ને તળાવ ઠીક ભરાય છે. જમીનની સપાટી ઉપર ભરાએલાં કે વહેતાં પાણી ભયંકર નુકસાન કરે છે. આપણા દેશમાં આંતરડાના જે રોગો થાય છે તેમાં આ અશુદ્ધ પાણીનો મોટો ફાળો છે.

ભાદરવાની રોગોત્પાદક સ્થિતિમાં આટલું કરવું જોઇએ: (૧) ઉકાળેલું જ પાણી પીઓ. (૨) સાદો, હલકો, ગરમ ખોરાક લ્યો. ખીર-રોટલી, મગ, સૂરણ, દૂધી, રોટલા, ખીચડી, દાળ, ભાત, ઢોકળાં. (૩) આ ઋતુમાં નિયમિત લીંબુ લેવાનું રાખો. લીંબુ મરી-મીઠું કે સિંધવ

નાનાભાઈ હરિદાસ

આજની પેઢીઓને અજાણ્યા જે અનેક ગરવા ગુજરાતીઓ છેલ્લાં સો વર્ષમાં થઇ ગયા, એમાં ધી ઑનરેબલ મિ. જસ્ટીસ નાનાભાઇ હરિદાસનું નામ આગલી હરોળમાં ગણાય. મુંબાઇ ઈલાકામાં હાઈકોર્ટ સ્થપાયા પછી તેના ન્યાયાધીશપદે નિમાનારા એ પહેલા દેશી–અને ગુજરાતી હતા. આ માસમાં એમના જન્મને બરાબર ૧૩૦ વર્ષ થયાં.



સુરતમાં વાલ્મિક કાયસ્થ બ્રાહ્મણ જ્ઞાતિમાં ઈ. ૧૮૩૨ની ૮મી સપ્ટેમ્બરે એમનો જન્મ થયો. બાળપણમાં નિરાધાર હોઇ કોઈની સહાયથી અભ્યાસ કર્યો, પણ એમાં યે એમનું તેજ ચમકી ઊઠયું અને ગુજરાતી ઉપરાંત ફારસી, મરાઠી તથા અંગ્રેજી એમ બીજી ત્રણ ભાષાનું જ્ઞાન મેળવીને પ્રશંસનીય અભ્યાસ તથા ઉચ્ચ ચારિત્ર્યના સર્ટિફિકેટ સાથે ઈ. ૧૮૫૦માં મુંબાઈ જઇને તેઓ ઍલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટયૂટમાં દાખલ થયા અને ત્યાંની વાર્ષિક પરીક્ષામાં ઊંચામાં ઊંચાં ઈનામો તથા ક્લેર અને વેસ્ટની સ્કૉલરશિપો પણ મેળવી.

અહીં તેમનું ભાષાજ્ઞાન ઉપયુક્ત નીવડયું અને ૧૮૫૨માં સુપ્રીમ કોર્ટના (ત્યારે હાઈકોર્ટ એ નામે ઓળખાતી) દુભાષિયાની પરીક્ષા આપી તે હોદ્દો મેળવ્યો. ઈ. ૧૮૫૫માં સરકારે કાયદાવર્ગ ખોલ્યા તેમાં દાખલ થઈ પહેલે નંબરે પાસ થયા અને ૧૮૫૭માં તે મુનસફની ને પછી ૧૮૫૯માં લૉ સ્કૂલની છેવટની પરીક્ષા પણ પાસ કરી. તેમની આ શક્તિઓ જોઇ સરકારે તેમને સિવિલ, ક્રિમિનલ અને પીનલ કોડનું ગુજરાતી ભાષાંતર કરવાનું કામ સોંપ્યું.

૧૮૬૧માં સરકારે તેમને અમદાવાદ કૉલેજમાં પ્રિન્સિપલ તરીકે તથા લૉપ્રોફેસર તરીકે લઈ જવા સુપ્રીમ કોર્ટ પાસે માગણી કરી, પણ ચીફ જસ્ટિસ સર મૅથ્યુ સાર્સ તેમને છોડવાને જરા પણ તૈયાર ન હતા. એ જ વર્ષમાં તેમણે સદર અદાલતમાં વકાલત કરવાની સનદ મેળવી. એવામાં ૧૮૬૨માં 'સુપ્રીમ' કોર્ટનું નામ ફેરવીને 'હાઇ'કોર્ટ રખાયું અને તેમને એ કોર્ટના ઍપેલેટ સાઈડના તરજૂમા ખાતામાં મોટા પગારે રાખવાની માગણી આવી. પણ તે નકારીને તેમણે ૧૧ વર્ષની નોકરી છોડી વકીલનો સ્વતંત્ર ધંધો આરંભ્યો, જેમાં તેમણે ટૂંક સમયમાં એવી પ્રતિષ્ઠા જમાવી કે ગુજરાતભરમાંથી લોકો તેમના જ અસીલો થવા લાગ્યા.

૧૮૬૮માં તેમણે મદ્રાસ યુનિવર્સિટીની એલએલ.બી.ની પરીક્ષા પસાર કરી એટલે તરત સરકારે તેમને સબ જજનો હોદ્દો દેવા માંડયો. પણ ધીકતી વકાલત કોણ છોડે? તે પછી ચાર વર્ષે ગવર્નર ફિલિપ વોડહાઉસે દેશીઓને અજમાયશદાખલ થોડા સમય હાઇકોર્ટજજનું કામ સોંપવાનું ઠરાવી એમની પસંદગી કરી, ત્યારે દેશી તેમજ અંગ્રેજી વર્તમાનપત્રોએ એકીઅવાજે તે વધાવી.

અજમાયશી મુદત પૂરી થયા બાદ ૧૮૭૭માં તેમને હાઈકોર્ટના સરકારી વકીલના હોદ્દે નીમ્યા અને સર જેમ્સ ફરગસ્સને થાણામાં એમને સેશન્સ જજનો હોદ્દો આપવા માંડયો, જેનો તેમણે અસ્વીકાર કર્યો. ૧૮૮૦માં તેમને લૉપ્રોફેસરની જગ્યા મળી અને અજમાયશી દરમ્યાનની તેમની નિષ્પક્ષ કારકિર્દીથી પ્રસન્ન થઈ સરકારે ૧૮૮૪માં તેમની રૂ.૩૭૫૦ના મોટા (એ જમાનામાં તો ઘણા મોટા) પગારે હાઇકોર્ટ જજ તરીકે તેમની–એક દેશીની પ્રથમ નિમણૂક કરી. એ હોદ્દા પર તેઓ ૧૮૮૯માં તેમનું અવસાન થયું ત્યાં સુધી રહ્યા.

સ્વભાવે શાન્ત અને ગંભીર, કામ કરવામાં નિયમિત અને ઉદ્યમી, અને જીવનમાં સાદા તથા મિલનસાર નાનાભાઈ જીવનમાં જે જે કામમાં પડેલા તે સર્વ તેમણે દીપાવેલાં તથા સરકાર તેમજ પ્રજા બંનેનો પ્રેમ સંપાદન કરેલો. પત્રકારત્વમાં જ્યારે એકલા પારસીઓ જ પડયા હતા એ જમાનામાં એમણે 'સ્ત્રીબોધ' માસિકમાં પહેલા હિંદુ લખનાર તરીકે કલમ ચલાવેલી. તેમના બે પુત્રો જમીઅતરામ તથા હરદેવરામ બંનેએ ઊંચી કેળવણી લીધેલી તથા વિલાયત જઈ આવેલા. એ અરસામાં સ્થપાએલી કોંગ્રેસના તેઓ મજબૂત ટેકેદાર હતા.

…રભરાવી ગરમ કરીને લેવાથી મંદાગ્નિ દૂર થશે, પાચક પિત્તની શ…ક્તિ વધશે. ગ્રેપ ફ્રુટ, દ્રાક્ષ, સંતરાં, મોસંબી પણ લઈ શકાય. (૪) ખુ…લ્લા પગે ન જ ફરો. એથી ગંદી જગ્યામાં રહેલા જંતુઓ પગનાં તળિયાં …ાટે દાખલ થશે અને વિશિષ્ટ પ્રકારના રોગો નોતરશે. (૫) વારંવાર …ાણી ન પીઓ. (૬) તડકે ન ફરો. અનિવાર્ય સ્થિતિમાં માથા ઉપર …અને ખાસ કરીને ઓડ ઉપર તડકો ન લાગે એ માટે હૅટ, પાઘડી કે, કાપડનો ઉપયોગ કરો. માથા ઉપર આકડાનું તાજું લીલું પાન રાખીને પાઘડી, ટોપી, હૅટ પહેરવામાં આવે તો મગજને સારી ઠંડક મળી રહે છે. (૭) આ ઋતુમાં તીખી, તળેલી, સંભાર–મસાલા અને તેલવાળી ચીજો ન લ્યો; એ પિત્તજ વિકૃતિ વધારશે. (૮) ખાટી ચીજો ખાવી જ હોય તો એમાં પૂરતા પ્રમાણમાં મીઠું નાખો–ખારું કરીને ખાઓ.
('પ્રવાસી') –'ચિકિત્સક'

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : રોજર કેસમેન્ટ



આયર્લેન્ડના સ્વાતંત્ર્ય માટેની એક એકથી ચડિયાતી એવી શહાદતનો એક વીર રોજર ડેવિડ કેસમેન્ટ, અલ્સ્ટરથી ડબ્લિન આવી વસેલા એક પ્રોટેસ્ટંટ કુટુંબમાં ઈ. ૧૮૭૪ના સપ્ટેમ્બરની ૧લી એ જન્મેલો. બચપણથી જ તોફાની સાહસી ને ભણવામાં એક્કા એનામાં ઇતિહાસના વાચને વતનનો પ્યાર પેદા કર્યો. સત્તરમે વર્ષે એ એક શિપિંગ કંપનીમાં જોડાયો. ને પછી અમેરિકન જનરલ હેન્રી સૅન્ડફર્ડ સાથે કૉંગોની શોધખોળમાં ગયો. પછી તો આફ્રિકાવેત્તાઓમાં એની ગણના થવા લાગી. એ પરથી બ્રિટિશ સરકારે નાઈજર કૉસ્ટ પ્રૉટેક્ટરેટના ટ્રાવેલિંગ કમિશનર તરીકે એની નિમણૂક કરી. ત્યાર પછી તો આફ્રિકાના જુદા જુદા દેશોનો એ કૉન્સલ નીમાતો રહ્યો.

બેલજિયમે એ વખતે કૉંગોમાં ઘણો અત્યાચાર આદરેલો તેની સામે જે ઉગ્ર વિરોધ જાગેલો તે પરથી બ્રિટિશ સરકારે કેસમેન્ટને ત્યાં તપાસ માટે મોકલ્યો. એ કાળકથનીનો એણે જે સચોટ અહેવાલ આપ્યો તે માટે સરકારે એને સી.એમ.જી.નો ખિતાબ આપેલો. ૧૯૦૬માં એને દક્ષિણ અમેરિકાના એલચીખાતામાં મોકલેલો. પણ કૉંગોના જુલ્મો જોયા પછી ને આયર્લૅન્ડ તરફની ભક્તિથી એને હવે ઇંગ્લંડ પ્રત્યે ધૃણા થતી હતી. પેન્શન લઇને એ માતૃભૂમિમાં ચાલ્યો આવ્યો ને દેશસેવાના કાર્યોમાં લાગી ગયો. મહાયુદ્ધના ત્યારે ભણકારા વાગતા હતા. ઇંગ્લંડની પડખે લડાઈમાં ન જોડાવા માટે લોકોને સમજાવવામાં તથા દેશની આઝાદી માટે સ્વયંસેવકોનું દળ એકઠું કરવામાં એ લાગી ગયો. એ માટે ફંડ એકઠું કરવાની જરૂર ઊભી થતાં એ આયરિશ રીપબ્લિકન આર્મીની મંજૂરી લઈ છૂપે નામે અમેરિકા ઉપડી ગયો. યુદ્ધ શરૂ થઈ ગયું. આયર્લૅન્ડને પણ એમાં જોતરવાની ઈંગ્લંડની દાનત સામે એણે અમેરિકાથી એક ખુલ્લો પત્ર લખ્યો ને આયર્લૅન્ડનું કંઈ અહિત નહિ કરનારા રાષ્ટ્રો સામે ઈંગ્લંડની તરફેણમાં ન લડવા માટે એણે દેશવાસીઓને સમજાવ્યા. બ્રિટિશ જાસુસો એની પાછળ પડ્યા. પણ એમની આંખોમાં ધૂળ નાખી, ઈંગ્લંડ વિરુદ્ધ આયરિશ બ્રિગેડ ઊભી કરવામાં સહાય લેવા એ સીધો જર્મની જઇ મિ. ઝિમરમાનને મળ્યો. યુદ્ધકેદી તરીકે આવેલા આયરિશ કેદીઓની એક ટુકડી ઊભી કરી તથા જર્મની પાસેથી શસ્ત્રો લઈ આયર્લૅન્ડ પહોંચી જવાની એની યોજના હતી.

બીજી બાજુ ૧૯૧૬માં આયર્લૅન્ડમાં બળવો થયો. ઈસ્ટરના બળવા તરીકે જાણીતું એ બંડ પાછળથી ભાંગવા માંડ્યું. આ તરફ જર્મનો પણ લગભગ ફરી બેઠા. આખરે ગમેતેમ કરી એક સબમરીન ને એક શસ્ત્રોનું ભરેલું વહાણ લઈ એ આયર્લૅન્ડ આવવા નીકળ્યો.

ત્યારબાદ ૧૯૧૬ના એપ્રિલમાં ટ્રાલી ઉપસાગરને કાંઠેથી કેટલોક દારૂગોળો વગેરે મળી આવ્યું. તપાસ ચાલી, પગેરું કાઢતાંકાઢતાં અફસરો એક જર્જરિત કિલ્લા પાસે પહોંચ્યા ને ત્યાંથી એક માણસને કેદ કરીને એને લંડન લઈ ગયા. રિચાર્ડ મૉર્ટનને નામે ઓળખાતા એ માણસને સ્કૉટલૅન્ડ યાર્ડે કેસમેન્ટ તરીકે ઓળખી કાઢ્યો. છેક ૧૩૫૧ના દેશદ્રોહના કાયદા હેઠળ એના પર કામ ચાલ્યું ને એને દોષિત ઠેરવી ઈ. ૧૯૧૬ની ૩જી ઑગસ્ટે ફાંસી આપી દીધી.

પ્રસંગવિશેષ : ઈંગ્લંડમાં ગ્રેગોરીઅન કૅલેન્ડરનો સ્વીકાર · ૩જી સપ્ટેમ્બર · ૧૭૫૨

હજારો વર્ષથી કાળગણનામાં ચંદ્ર, સૂર્ય, ઋતુચક્ર અને પૃથ્વીની ગતિના મેળનો આશરો લેવાતો રહ્યો છે. હિન્દુ ગણતરીમાં દર ચંદ્રદર્શને નવો મહિનો ગણાતો અને બાર મહિને આવતા ૧૧ા દિવસના ઘટાડાનો મેળ બેસાડવા દર ત્રણ વરસે એક અધિક માસ મૂકાતો. પુરાણા રોમનોનું સૌરવર્ષ પણ ઋતુચક્ર સાથે મેળમાં રહ્યું નહોતું. જુલીઅસ સીઝરના વખતમાં આ ગોટાળો લગભગ ત્રણ મહિના જેટલો થઈ ગયો; એટલે સીઝરે ૩૬૫ દિવસનું વર્ષ અને દર ચાર વર્ષે ૩૬૬ દિવસ ગણવાનું નક્કી કર્યું. દરેક એકી ક્રમના મહિના–જાન્યુ. માર્ચ મે વગેરેમાં ૩૧ અને દરેક બેકી ક્રમના માસમાં ૩૦ દિવસ રાખ્યા. ફેબ્રુઆરીમાં ૨૯ દિવસ અને 'લીપયર'માં ૩૦ દિવસ ગણવાનું ઠરાવ્યું. વર્ષારંભ પણ માર્ચને બદલે જાન્યુઆરીથી નક્કી કર્યો. આ નવી ગણતરી જુલીઅન કૅલેન્ડર તરીકે ઓળખાઈ. જુલાઈનું નામ પણ જુલીઅસ પરથી જ આવ્યું છે. એના પછી ઑગસ્ટસે વળી ફેરફાર કર્યા. આઠમા મહિનાને એણે ઑગસ્ટ નામ આપ્યું. જુલીઅસના માસ પેઠે એણે પોતાના મહિનામાં પણ ૩૧ દિવસ કર્યા. આ વધારાનો દિવસ એણે ફેબ્રુઆરીમાંથી લીધો. વળી એક સામટા ત્રણ મહિનામાં ૩૧ દિવસ આવી જતા હતા એટલે એણે સપ્ટેમ્બર ને નવેમ્બરમાંથી એક એક દિવસ ઉપાડીને ઑક્ટોબર ને ડિસેમ્બરમાં ઉમેર્યો.

આ જુલીઅન કૅલૅન્ડર ૩૬૫¼ દિવસ પ્રમાણે બરાબર હતું, પણ ખરું વર્ષ તો ૩૬૫ દિવસ, ૫ કલાક, ૪૮ મિનિટ અને ૪૬ સેકંડનું થાય. એ રીતે ૧૧ મિનિટ ને ૧૪ સેકંડનો ફેર પડે. વરસે આટલો ફેર નજીવો લાગે પણ વર્ષોના એના સરવાળાને લીધે ઈ. ૧૫૮૨માં જુલીઅન કૅલૅન્ડર ૧૦ દિવસ પાછું પડી ગયું. એનો મેળ બેસાડવા પોપ ગ્રેગરી ૧૩માએ મોટી હિંમત કરી એ વર્ષમાંથી દસ દિવસ જ ઉડાડી દીધા. વળી, જુલીઅન કૅલૅન્ડરમાં દર ૪૦૦ વર્ષે ૩ દિવસની ભૂલ આવતી તે દૂર કરવા 'લીપયર'માં પણ જે વર્ષને ૧૦૦ વડે નિઃશેષ ભાગી શકાય પણ ૪૦૦ વડે ન ભાગી શકાય તે વરસે ૨૯ ને બદલે ૨૮ દિવસનો જ ફેબ્રુઆરી ગણવાનું ઠરાવ્યું. એ રીતે ઈ.સ. ૧૭૦૦, ૧૮૦૦ અને ૧૯૦૦નું વર્ષ 'લીપયર' હોવા છતા એમાં ફેબ્રુઆરીના ૨૮ દિવસ જ હતા. પણ ઈ.સ. ૨૦૦૦માં ફેબ્રુઆરીમાં ૨૯ દિવસ આવશે.

આ નવી ગણતરી ગ્રેગોરિયન કૅલૅન્ડર નામે ઓળખાઈ. છેક ઈ.સ. ૧૭૫૨માં સપ્ટેમ્બરની ૩જીએ ઇંગ્લંડ અને અમેરિકાએ એનો સ્વીકાર કર્યો ને તદનુસાર એ વર્ષે ૩જી સપ્ટેમ્બર પછી સીધી ૧૪મી સપ્ટેમ્બર આવી. આ રીતમાં યે વર્ષ હજી ૨૬ સેકંડ મોટું છે. એટલે ઈ.સ. ૩૩૨૩માં એક આખા દિવસનો ફેર પડશે. એ દૂર કરવા ૪૦૦૦ની સાલ લીપયર હોવા છતાં ૨૮ દિવસનો ફેબ્રુઆરી ગણવાનું વિચારાયું છે.

અનુસંધાન] **શતરંજ** [પૃ. ૩૬૮થી

9 K–K5, K–N2; 10 B–K4, K–N1; 11 K–B6, K–R1.

અહીં કાળો રાજા કાળા ખૂણામાં આવી ગયો. હવે તેને QR1 ઉપર લઈ જવાય છે.

12 N–B7 ch, K–N1; 13 B–B5, K–B1; 14 B–R7, K–K1; 15 N–K5, K–B1; 16 N-Q7 ch, K-K1; 17 K-K6, K-Q1; 18 K--Q6, K–K1; 19 B–N6ch, K–Q1; 20 B–R5, K–B1; 21 N–B5, K–Q1; 22 N–N7ch, K–B1; 23 K–B6, K–N1; 24 K–N6, K–B1; 25 B--N4ch K–N1; 26 B–B5, K–R1; 27 N–B5, K–N1; 28 N–R6 ch, K–R1; 29 B–R4 mate.



રમાબાઈ રાનડે



જેમની જન્મ શતાબ્દીના માનમાં ખાસ ટપાલટિકિટ બહાર પડી છે એ શ્રી રમાબાઈ રાનડે ભારતના સુપ્રસિદ્ધ ન્યાયમૂર્તિ અને સમાજ સુધારક શ્રી મહાદેવ ગોવિંદ રાનડેનાં ધર્મપત્ની હતાં. ઈ. સ. ૧૮૬૧ની ૨૫મી જાન્યુઆરીએ એમનો જન્મ થએલો. શ્રી રાનડે જેવાનાં તેઓ પત્ની હતાં અને પતિના પ્રત્યેક કાર્યમાં એમનો સક્રિય સહકાર રહેતો એટલા માટે નહિ પણ સામાજિક સુધારણાના જીવનભરના સેવાકાર્ય, અનેક સંસ્થાઓનાં યોગ્ય સંચાલન, નિરભિમાન વૃત્તિ, ઉત્તમ શીલ ને ધર્મભાવના ઇત્યાદિ ગુણોથી યુક્ત એમનું આગવું વ્યક્તિત્વ હોઈ તે મહાન ગણાયાં છે.

અગિયાર વર્ષની બાળ વયે જ્યારે એમનું લગ્ન થયું ત્યારે તેઓ તદ્દન નિરક્ષર જ હતાં. પણ પછી પતિ પાસે અભ્યાસ કરીકરીને એમણે અંગ્રેજી, સંસ્કૃત તેમજ મરાઠી ભાષાનું સારું જ્ઞાન મેળવી લીધું. પતિની નબળી આંખોને કારણે એમનું લેખનવાચન પણ તેઓ કરતાં અને એમના સમાજસુધારણાના પ્રત્યેક કાર્યમાં પણ હમેશાં સક્રિય સાથ આપતાં. મુંબાઈ ને પૂનામાં સેવાસદનની સ્થાપનામાં એમણે પોતે જ મોટો ભાગ ભજવી એ સંસ્થાનું જીવનભર સુંદર સંચાલન કરેલું. મુંબાઈની અનેક સ્ત્રીસંસ્થાઓના પ્રમુખ અગર મંત્રી તરીકે તેમણે ઘણી કુશળતા દાખવી હતી.

'આપલ્યા આયુષ્યાંતીલ કાંહીં આઠવણી' નામે એમણે જે આત્મકથાનક સ્મરણો લખ્યાં છે તે પરથી નવવધૂ તરીકે આવીને જે પતિપરાયણતા, પરિશ્રમ ને પ્રસન્નતાપૂર્વક પોતાનું ઘડતર કર્યું તેનો પ્રેરક ખયાલ મળે છે.

પિયર ગએલી પત્નીનો પત્ર આવ્યો, 'મારાં બા બહુ બીમાર છે. લોહી આપવાની જરૂર છે. અનેક પ્રકારનાં લોહી તપાસ્યાં પણ એમને યોગ્ય લોહી મળતું જ નથી…'

પતિએ પુછાવ્યું, 'તમે વાઘણનું લોહી અજમાવી જોયું?'

નવરાત્રમાં માતાજીના પરંપરાગત ગરબાઓ સાથે કૃષ્ણભક્તિના રાસ-રાસડા, લોકગીતો અને આધુનિક ગીત-ગરબા પણ ગવાય છે. કવિ નાનાલાલે પોતાના 'નાના નાના રાસ'ના અર્પણરૂપ લખેલા અને હાલ વીસરાઈ ગએલા આ ગીતમાં ગુજરાતણોનાં પ્રદેશલક્ષી ગુણવર્ણનો નોંધપાત્ર છે.

આવો આવોને સખીઓ! આજ રસતાળી પાડી
કાંઈ ગજવો આપણી બ્હેન! આ ગુર્જરી વાડી.

હરિણી શી ચંચળ વાન, નાજુક ને નમણી,
ફૂલની કળી સમ સુકુમાર સૂરતની રમણી!

છબિ છટાભરી, સોહાગ તપે મુખ, મુગ્ધઉરા,
શુભ વડોદરાની વેલ સરિખી એ ચતુરા!

રૂડી ઠરેલ બુદ્ધિવિશાલ સમજુ ને શાણી,
મુજ અમદાવાદની બ્હેન! ઘરરખુ એ ગૃહિણી!

નિજ ઉરના વિવિધ વિલાસરંગે રંગેલી,
મુંબઇની મોહનરૂપ સખિ એ! અલબેલી!


અમૃત શા મીઠા બોલ, પણ જ્ઞાને અધૂરી,
એ કોકિલકંઠી નાર હાલારની મધુરી!

જ્યાં સિંહણ નિજ સન્તાન ધવરાવે જાળે,
જ્યાં સાગર ઊછળે નીર મોતીની પાળે;
જ્યાં પ્રેમભક્તિનાં ગાન ભક્તજને ગાયાં,
જ્યાં સ્થળસ્થળમાં ઇતિહાસ શૂરના સોહાયા;
એ અદ્ભુત દેશની બાળ, સ્મરીને વીર સતી,
સૌરાષ્ટ્ર તણી સન્નાર! પધારો ભાવવતી.

તેજસ્વી, મદડોલન્ત, જલની લક્ષ્મી જશી,
આવોને કચ્છની કોડભરેલી યુવતિ! હસી.

આવો આવોને સહિયર! આજ રસટહુકે ગુંજો,
કાંઇ ગજવો ગમતે ગીત નિજ ગુર્જરી કુંજો.

કવિ નાનાલાલ



ચોરસ ખાનાંઓ પર યોજાએલી આ સુંદર ભાતને કૅનવાસના ભરતમાં પ્રયોજી શકાય. મોતીનાં તોરણ ભરતાં હો તો એમાં પણ એનો ઉપયોગ થઈ શકે, અને આમાંના વિવિધ બુટ્ટાઓને જુદી જુદી રીતે પ્રયોજી સાડી કે ફ્રૉક યા ચણિયાના ઘેરમાં પણ વાપરી શકાય.

નારંગીનો મુરબ્બો

છએક નારંગીની છાલ ઉખેડી એ છાલની અંદરની બાજુનાં છૂંછાં પણ બરાબર સાફ કરી, છાલના ઝીણા ઝીણા ટુકડા કરી પાણીમાં પલાળવા. દરમ્યાન છોલાએલી નારંગીને સાફ કરી કાપડના એક ભીના કટકામાં ઠંડી જગ્યામાં મૂકી રાખવી. બીજે દિવસે પેલું છાલ પલાળેલું પાણી ફેંકી દઈ છાલના ટુકડાને બરાબર ધોઇને બાફવા. પછી નારંગીની પેશીઓ પણ ફોલીને, બી વગેરે કાઢી નાખી, અંદરનો ગરભ જ માત્ર તારવી લેવો ને એના જેટલા જ વજનની ખાંડ સાથે એને બફાતી છાલ સાથે નાખી ઊકળવા દેવું. આમાં સહેજ લીંબુ પણ નીચોવવું ને ચાસણી જોઇએ એવી ઘટ્ટ થઈ ગયે ઉતારીને બરાબર ઠરવા દઈ બરણીમાં ભરી લેવું.

આ માસમાં મૂળા વાવો

મોટા બંગલાનું કૅમ્પાઉન્ડ કે ઘરનું ફળિયું જ જોઇએ એવું નથી; પાંચ ફૂટ લાંબા, ત્રણ ફૂટ પહોળા ને એક ફૂટ ઊંડા ખોખામાં પણ એક ડઝન જેટલા રોપા રોપી શકાય. અગાશી કે ગૅલેરીમાં પણ ખોખું રહી શકે.

એક ચોરસવાર માટીમાં નવટાંક ખાતર જોઇએ. આને માટે ખાતર તરીકે ત્રણ ભાગ અમોનિયમ સલ્ફેટ અને એક ભાગ મગફળીનો ખોળ (બજારમાં મળશે) લઈ, માટીની સપાટીથી થોડી ઊંડાઈ સુધી સારીરીતે ભેળવી દેવું.

પછી દોઢ ફૂટને ગાળે હાર કરીને એક એક ઇંચ છેટાં તેમાં બી રોપવાં. એક કે બે અઠવાડિયાં બાદ છોડ બેએક ઇંચ જેટલા ઊંચા થાય ત્યારે બે છોડ વચ્ચે ત્રણચાર ઇંચ ગાળો રહે એ રીતે વચ્ચેના છોડ કાઢી નાખવા. આમ છોડ વચ્ચેનો ગાળો ધીમે ધીમે વધારીને ૯ ઇંચનો પણ કરી શકાય.

અઠવાડિયામાં બે વખત પાણી સીંચવું છોડ થોડા ઇંચ ઊંચા થયે તે ટટ્ટાર ઊભા રહી શકે તે માટે થોડી માટી પૂરવી. પાક ઑક્ટોબર અધવચથી ફેબ્રુઆરીના અંત સુધી લઈ શકાય.

આવતા માસ સુધી હજી ગાજર, બીટરૂટ, સળગમ તથા નોલખોલ પણ આ જ રીતે વાવી શકાશે. ('ખેડૂતબંધુ'ના સૌજન્યથી)

શાક બાફતી વખતે પાણીમાં થોડું મીઠું નાખવું. એથી શાકની સોડમ વધશે અને એનો કુદરતી રંગ જળવાઈ રહેશે. અને હમેશાં પાણીને પહેલાં ઊકળવા દીધા પછી જ એમાં શાક બાફવા મૂકવું; બંને સાથે ન મૂકવાં.

કોરા મીઠામાં દાબી રાખેલાં લીંબુ લાંબા વખત તાજાં રહેશે.

કમાવાનો ચેપી રોગ

છોકરી બી. એ. થઈ જાય ને પછી વર શોધવામાં જ વરસ-બે વરસ નીકળી જાય તે દરમિયાન એ નોકરી કરે એવું આજકાલ સામાન્ય થઈ પડ્યું છે. એક રીતે એ સારું પણ છે કે થોડા પૈસા કમાય તો પોતાના લગ્ન વખતે થનારા ખર્ચમાં માબાપને એટલી મદદ મળે. પણ પરણ્યા પછી નોકરી કરવી કે ન કરવી એ પ્રશ્ન મનમાં ઘોળાતો જ રહે છે. કુટુંબમાં વધારે આવકની જરૂર છે માટે નોકરી કરવી એ દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારવામાં નથી આવતો, પણ ઘરમાંથી એટલો વખત છુટાય ને છૂટથી પૈસા વાપરવા મળે એ માટે નોકરી કરવાનો વિચાર કરવામાં આવે છે. જરૂર હોય ને નોકરી કરવી પડે એ વાત જુદી છે; પણ આર્થિક રીતે પુરુષ-સમોવડી થવાની જે ધૂન આજકાલની સ્ત્રીઓના મગજમાં ભરાઈ છે એને વિષે વિચાર કરવાની જરૂર છે.

પતિપત્ની, બાળકો, માબાપ એ બધાંનું મળીને એક એકમ બને છે. સારું એવું ઘર હોય, ઘરમાં સુખ, શાન્તિ, વ્યવસ્થા હોય, બાળકોને સારી કેળવણી મળતી હોય, એ બધું જીવનમાં જરૂરી છે. પુરુષો આને માટે પૈસા મેળવે છે, પણ એકલા પૈસાથી ઉપર કહેલી બધી વસ્તુઓ મળી જતી નથી. એ પૈસા સારામાં સારી રીતે વપરાય એ પણ એટલું જ જરૂરી છે. ને એ કામ સ્ત્રીનું છે. પૈસા કમાવા એ જેટલું મહત્ત્વનું છે, એટલું જ એને યોગ્ય ને જરૂરને રસ્તે વાપરવા એ પણ મહત્ત્વનું છે. પુરુષ પૈસા કમાય છે તેથી એ ઊંચો છે ને સ્ત્રી નથી કમાતી તેથી તે નીચી છે એવું જરા ય સમજવાનું નથી.

તમે એક કૂવામાં કોસ મૂકો ને એમાંથી પાણી કાઢ્યે જાઓ. પણ ધોરિયા સરખા કરેલા ન હોય, એમાં વાવણી સરખી ન કરી હોય; પાળીઓ સરખી બાંધી ન હોય તો એ પાણીનો શો ઉપયોગ છે? ગમે એટલું પાણી નીકળે પણ એથી ખેતરને કાંઈ ફાયદો થવાનો નથી, પાક સારો ઊપજવાનો નથી. આવી જ પૈસા કમાવા અને ખરચવાની વાત છે. જીવનના ખેતરમાં પુરુષ કોસ ચલાવનાર છે ને સ્ત્રી ખેતર સરખું કરી પાણી વાળનાર છે. સ્ત્રી-પુરુષ બંને કોસ ચલાવવાની ઇચ્છા રાખે તો એમના જીવન-ખેતરમાં કોઇ દિવસ સારો પાક પાકે ખરો?

આપણને એ સ્વીકારવું ગમે કે ન ગમે, પણ સ્ત્રી અને પુરુષના બંધારણમાં જ ફેર છે. સ્ત્રીને માથે બાળક પેદા કરવાની ને એમને ઉછેરવાની જવાબદારી છે, ને પુરુષને માથે એમનું ભરણપોષણ કરવાની જવાબદારી છે. છેલ્લાં ૧૫-૨૦ વરસમાં જોઇએ તો સ્ત્રી પોતાની ફરજ ચૂકી જતી જોવામાં આવે છે. આને લઇને ઘરનાં સુખશાન્તિ ઓછાં થાય છે. સુખશાન્તિને કદાચ આપણે બહુ મહત્ત્વ ન આપીએ, પણ આની સૌથી વધારે અસર બાળકો ઉપર પડે છે. આને કારણે અત્યારનો આપણો યુવાનવર્ગ શિથિલ અને બિનજવાબદાર દેખાય છે ને એથી દેશને નુકસાન થાય છે. આ વાત હજી મોટાં શહેરોને જ લાગુ પડે છે, પણ આ એવો ચેપી રોગ છે કે આપણે જો પૂરતું ધ્યાન નહિ આપીએ, તો એને નાનાં શહેરો ને ગામડાંમાં ફેલાતાં વાર નથી લાગવાની. સ્ત્રીઓએ, ખાસ કરીને ભણેલી સ્ત્રીઓએ, પુરુષ-સમોવડીનો સાચો અર્થ સમજવાની જરૂર છે.

—વનમાળાબહેન દેસાઈ

(ગુજરાતમિત્ર)

ગણિતગમ્મત

૯૧ × ૧૧ + ૯ = ૧૦૧૦

૯૧૮૨ × ૧૧ + ૮ = ૧૦૧૦૧૦

૯૧૮૨૭૩ × ૧૧ + ૭ = ૧૦૧૦૧૦૧૦

૯૧૮૨૭૩૬૪ × ૧૧ + ૬ = ૧૦૧૦૧૦૧૦૧૦

૯૧૮૨૭૩૬૪૫૫ × ૧૧ + ૫ = ૧૦૧૦૧૦૧૦૧૦૧૦

૯૧૮૨૭૩૬૪૫૫૪૬ × ૧૧ + ૪ = ૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦

૯૧૮૨૭૩૬૪૫૫૪૬૩૭ × ૧૧ + ૩ = ૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦

૯૧૮૨૭૩૬૪૫૫૪૬૩૭૨૮ × ૧૧ + ૨ = ૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦

૯૧૮૨૭૩૬૪૫૫૪૬૩૭૨૮૧૯ × ૧૧ + ૧ = ૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦૧૦

ખૂબી: ગુણ્ય વિભાગની સંખ્યાઓમાં પાસેપાસેની કોઈ પણ બે ઊભી હાર લઇશું તો એકમાં ક્રમિક આંકડા ચડતા ક્રમ પ્રમાણે હશે અને બીજીમાં એવા આંકડાં ઊતરતા ક્રમ પ્રમાણે હશે અને એ બે હારોનો સંબંધ જાળવતાં નવનો પાઠ આવશે. એટલે કે ૯×૧=૯; ૯×૨=૧૮, ૯×૩=૨૭ એ ચડતો ક્રમ; અને ૯×૯=૮૧; ૯×૮=૭૨ અને ૯×૬=૫૪ એ ઊતરતો ક્રમ.

ટારઝન



[સચિત્ર]

જંગલજીવનની રસિક વાર્તાઓ

જગતના સાહસિક પ્રવાસ વર્ણનોમાં ટારઝનનું સ્થાન અનોખું છે.

'ટારઝન' નામ પડતાંની સાથે જ કિશોરોને આ વાર્તાઓ વાંચવાનું મન થાય છે.

૧	ટારઝન કોણ?	રૂા. ૧–૨૫
૨	ટારઝન વનની વાટે	૧–૨૫
૩	ટારઝન જંગલસમ્રાટ	૧–૨૫
૪	ટારઝનના મદદગારો	૧–૨૫
૫	ટારઝનનો વારસો	૧–૨૫
૬	ટારઝન સોનાની નગરીમાં	૧–૨૫
૭	ટારઝન અને નવલખાં રત્નો	૧–૫૦
૮	ટારઝન પાગલનગરીમાં	૧–૨૫
૯	ટારઝન ખોવાયેલા સામ્રાજ્યમાં	૧–૨૫
૧૦	ટારઝન અને પરદેશી ટુકડી	૧–૫૦

સુંદર ત્રિરંગી મુખપૃષ્ઠ

આ માળામાં કુલ દસ પુસ્તકો છે

આખો સેટ આજે જ મંગાવો

પોસ્ટેજ ખર્ચ ૧–૭૫ જુદું

વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ,

પ્રાઈવેટ લિમિટેડ • ૩, રાઉન્ડ બિલ્ડિંગ • મુંબઈ ૨

[આપણો પ્રશ્ન આપણે ઉકેલીએ]

અંગ્રેજીની પરીક્ષાઓ

[ધો. ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે]

આ પરીક્ષાઓ પાંચ વખત થઈ. ગુજરાતના તમામ જિલ્લાના હજારો વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો.

કુદરતી રીતે, અનોખી પદ્ધતિથી, વાતચીત વડે, માતૃભાષાના વાહનથી; સરળ, સચોટ, ક્રમિક, સળંગ શિક્ષણની યોજના અને તે રીતે પુસ્તકોની રચના. નીચેનાં પુસ્તકો તૈયાર છે.

અંગ્રેજી શિક્ષણ કક્ષા-૧ રૂ. ૦–૮૦ ન. પૈ.
,, ,, ,, ૨-૩ રૂ. ૧–૦૦ (દરેકના)
માય ઇંગ્લિશ રીડર્સ ભા. ૧-૨ રૂ. ૧–૨૫ (,,)

આગામી પરીક્ષાઓ: તા. ૨૭–૧–૬૩ ને રવિવારે થશે. તેનાં ફૉર્મ ૧૫મી ડિસેં. સુધીમાં ભરાશે.

પરીક્ષાઓ કેન્દ્રની મારફત જ અપાય છે.

અંગ્રેજી શિક્ષણ કાર્યાલય

સરખેજ રોડ; ૩, દત્ત સોસાયટી, અમદાવાદ-૭

ધી

વલ્કન ઈન્સ્યુરન્સ કંપની લિ૦

સ્થાપના: ૧૯૧૯

• આગ • મોટર • અકસ્માત
• દરિયાઈ • વર્કમૅન્સ કૉમ્પેન્સેશન
• એમ્પ્લૉયર્સ લાયેબિલિટી

વગેરે વીમાનું કામકાજ લખવામાં આવે છે.

જનરલ મૅનેજર
શ્રી વી. સી. સેતલવડ

અંડર રાઈટર
શ્રી કે. સી. દેસાઈ

બ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
ઉપરાંત
બ્રિટિશ ઈસ્ટ આફ્રિકામાં પણ છે.

હેડ ઑફિસ: ૭૩, ચર્ચગેટ સ્ટેશનની સામે, ઈન્ડસ્ટ્રિયલ ઍશ્યોરન્સ બિલ્ડિંગ, ફોર્ટ, મુંબઈ નં. ૧



કૉર્સિકાની કંઠારના ખડકો

કલર-ઇચિંગ: શાન્તિ શાહ

ઇચિંગ, ઍકવાટિન્ટ, શ્યુગર ઍકવાટિન્ટ, કલર-ઇચિંગ વગેરેની પદ્ધતિઓ નમૂના સાથે નિરૂપતો આ કલાકારનો લેખ આ અંકમાં અન્યત્ર આપ્યો છે.



'વીણાધારિણી સરસ્વતી'ની શિલ્પસદૃશ નૃત્યસ્થિતિમાં ભરતનાટ્યમ નૃત્યપ્રકારમાં
યામિની કૃષ્ણમૂર્તિ (ફોટો॰ ધીરજ ચાવડા)
જેમાં કુ. યામિનીની નૃત્યગત અંગશુદ્ધિ પ્રશસ્ય છે

સાહિત્યસંપર્ક

મૅટરલિંકની જન્મ-શતાબ્દી



ગયા અંકમાં એમની નાટિકાનો ભાવાનુવાદ ('મારે મરવું નથી') આપ્યો ત્યારે નોંધવું રહી ગયું કે એ માસમાં આ જગવિખ્યાત બેલ્જિયન સાહિત્યકારની જન્મ-શતાબ્દી પણ હતી. ઈ. ૧૮૬૨ની ૨૯મી ઑગસ્ટે જન્મેલા એ પ્રતીકવાદી નાટ્યકાર, કવિ, નિબંધલેખક અને ચિંતકનો જીવનપરિચય અગાઉ (અંક ૩૦૭માં) અપાઈ ગયો છે, તેમજ સ્વ. કિશોરલાલ મશરૂવાળા જેવા આપણા ગણનાપાત્ર ચિંતકે એમના જાણીતા ગ્રંથ ઉપરથી અનુવાદેલું 'ઊધઈનું જીવન' પણ આપણા સાહિત્યમાં પ્રકટેલું છે, એટલે એમનાથી છેક અજાણ આપણે નથી. એમની જગજાણીતી નાટ્યકૃતિ 'ધ બ્લ્યુ બર્ડ' (નીલપંખી)માં સનાતન સત્યનો પુરસ્કાર કરીને દર્શાવ્યું છે કે એના વિના સુખ કદિ સંભવતું નથી. આપણા કવિવર ટાગોરની પેઠે પ્રેમના તત્ત્વમાં પરમ શ્રદ્ધા ધરાવતા એ કવિચિંતકની કૃતિઓમાંની ભાવના એટલી વિશ્વસ્પર્શી હતી કે જગતની ઘણીખરી ભાષાઓમાં એમનાં પુસ્તકોના અનુવાદો થયા છે.

એમનાં જાણીતાં નાટ્યસર્જનોમાં 'પેલિયાસ અને મેલીસૅન્ડી', 'મૉન્નાવાન્ના', 'બ્લ્યુ-બર્ડ', 'બિટ્રીધલ', 'મેરીમૅગ્ડેલેન' વિખ્યાત છે.

શું નાટકોમાં, કાવ્યોમાં કે નિબંધોમાં મૅટરલિંક સામાન્ય જીવનની સપાટી નીચેના અદીઠ તત્ત્વનું–નિગૂઢ રહસ્યોનું નિરૂપણ કરે છે, પણ એમાં ભાષા એટલી સાદી તથા ઉપમાઓ એવી ઘરગથુ વાપરે છે કે વાંચતાંની સાથે તે દિલને સચોટ અસર કરે છે. એ સૌમાં જગત્ખ્યાત થએલા નાટક 'બ્લ્યુ બર્ડ' એમને કીર્તિ ને સંપત્તિ બંને અપાવ્યાં.

પણ મૅટરલિંકનું ખરું તત્ત્વચિંતન તો એમના નિબંધો અને અભ્યાસલેખોમાંથી મળે છે. એમનાં બે પુસ્તકો 'મધમાખીનું જીવન' ને 'ઊધઈનું જીવન'ના નિરૂપણમાં એમની દૃષ્ટિ કેવળ વૈજ્ઞાનિકની નહિ પણ ચિંતકની છે અને તે કવિની કલ્પનાથી તરબોળ છે.

એ સાહિત્યસ્વામી ને ચિંતકે ખુદ પોતાના જીવનમાં પણ સ્થિતપ્રજ્ઞતા કેળવી હતી. ૮૦મે વર્ષે તેની બધી મિલ્કતનો અકસ્માતથી નાશ થયો ને માત્ર 'નીલ પંખી'ની રૉયલ્ટી જ રહી; છતાં આ ફટકો એણે ઘણી ધીરજથી સહી લીધો અને એ જ સ્વસ્થતાથી ૮૭મે વર્ષે ૧૯૪૯ની ૬ઠ્ઠી મેએ એણે આ લોકની વિદાય લીધી.

શબ્દકથા : 'ગોદામ'

લોકકથાઓ અને શબ્દોની પ્રકૃતિ પ્રવાસીની તો ખરી જ. પણ કેટલીક લોકકથા અને કેટલાક શબ્દો તો વિશ્વયાત્રી બની ગયાં છે. એક જ દાખલો લઇએ તો, પચતંત્રની કથાઓ ફારસી ને અરબી દ્વારા જગતની આઠેક ભાષામાં પહોંચી ગઈ છે. એ રીતે 'ગોદામ' શબ્દે પણ સિંદબાદની જેમ ક્યાંય ક્યાંયની સફરો કરી છે. 'માલ ભરવાની વખાર'ના અર્થમાં એવો જ અંગ્રેજી શબ્દ છે 'ગોડાઉન'. અને બંનેનું ઉચ્ચારસામ્ય દેખીતું છે. અંગ્રેજોએ એ શબ્દ ભારત પાસેથી લીધો જણાય છે.

પોર્ટુગીઝમાં તે 'ગુદાંઓ' રૂપે છે. મલય ભાષાના 'ગડોંગ', 'ગોડોંગ' કે 'ગુડંગ' શબ્દને પોર્ટુગીઝ લોકોએ અપનાવ્યો, ને તેમણે તે અનેક ભાષામાં ચલણી કરવામાં સારો ફાળો આપ્યો.

પણ વિદ્વાનોનું એમ માનવું છે કે મલય ભાષામાં એ શબ્દ મૂળે તો તમિળમાંથી ગયો. તમિળ 'ગિડંગુ', તેલુગુ 'ગડંગુ' ને 'ગિડંગિ', કન્નડ 'ગડંગુ' વગેરેના મૂળમાં તો અસલ 'કિડંગુ' શબ્દ છે. તમિળ 'કિડુ' એટલે 'રહેવું', 'રાખવું'. જ્યાં માલ રખાય તે સ્થળ 'કિડંગુ'–'ગિડંગુ'; અને તે ઉપરથી ઉચ્ચાર બદલાતાં બદલાતાં બીજા શબ્દો થયા.

ગુજરાતીમાં જે રૂપ પ્રચલિત છે તે પોર્ટુગીઝની દેણ છે. હરિવલ્લભ ભાયાણી

સ્વ. 'કુસુમાકર' અને 'મોહિનીચન્દ્ર'


કુસુમાકર


મોહિનીચંદ્ર

બંનેનું ગયા માસમાં અવસાન થયું. કુસુમાકરનું ૨૩મી ઑગસ્ટે અને મોહનીચન્દ્રનું ૬ઠ્ઠી ઑગસ્ટે. બંને કવિઓ; અને બંનેના એ નામ પણ કવિ તરીકે ધારણ કરેલાં તખલ્લુસ હતાં. એમનાં નામ અનુક્રમે શંભુપ્રસાદ છેલશંકર જોષીપુરા અને મોહનલાલ દલસુખરામ ભટ્ટ.

આજની તદ્દન નવી પેઢીને કદાચ કુસુમાકર બહુ પરિચિત નહિ હોય; પણ ગઈ પેઢીમાં સંવેદનશીલ માનસના, સવિશેષ ઊર્મિપ્રધાન અને કલ્પનારંગી કાવ્યસાહિત્યના સર્જક તરીકે એ પરિચિત હતા.

એમનો જન્મ એમના મોસાળ જામનગરમાં ૧૮૯૩ના જાન્યુઆરીની ૮મી તારીખે થયો હતો. માતા મહાકુંવરના ભક્તિપ્રધાન હૃદય અને પિતા છેલશંકરની તત્ત્વજ્ઞાની વૃત્તિનો વારસો ધરાવતું એમનું માનસ પોતાના વતન ગોંડળમાં અભ્યાસકાળ દરમ્યાન શ્રી હિંમતલાલ અંજારિયા અને સ્વ. જન્મશંકર બુચ 'લલિત' જેવા શિક્ષકોની હૂંફ ને મોટાભાઈ વૈકુંઠપ્રસાદના પ્રોત્સાહનથી મ્હોરવું ગયું; અને એવા જ બીજા સાહિત્યાનુરાગી આચાર્ય સ્વ. કૌશિકરામ મહેતાનાં પ્રશંસાવચનો સાથે એમણે રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી ૧૯૧૦માં મૅટ્રિક પસાર કરી.

૧૯૧૪માં પૂનાની ફરગ્યુસન કૉલેજમાંથી તત્ત્વજ્ઞાન લઇ ઑનર્સ સાથે બી.એ. થઈને એમણે નવસારીમાં ફ્રેન્ચ ભાષાના શિક્ષક તરીકે નોકરીની શરૂઆત કરી; અને તે પછી ૧૯૧૫માં નડિયાદ હાઈસ્કૂલમાં સરકારી નોકરીમાં જોડાયા ત્યારથી ૧૯૪૮ સુધી, ઉત્તરોત્તર સુરત, ભરૂચ ને ગોધરાની મિડલ સ્કૂલો તથા હાઈ સ્કૂલોમાં તેમજ અમદાવાદની મ-

હિલા ટ્રેનિંગ કૉલેજમાં આદર્શ શિક્ષક તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને છેવટે સૂરતની ટ્રેનિંગ કૉલેજના આચાર્યપદે નિમાયા. ત્યાંથી ૧૯૪૮ના જાન્યુઆરીમાં નિવૃત્ત થયા બાદ અમદાવાદની મહિલા (કર્વે) કૉલેજમાં અંગ્રેજી સાહિત્ય અને માનસશાસ્ત્રના પ્રોફેસર તરીકે ૧૯૫૧ના ઑગસ્ટ સુધી સફળ સેવા આપી.

૧૯૧૫માં 'સુન્દરીસુબોધ' માસિકમાં એમની પહેલી કાવ્યકૃતિ પ્રકટ થઇ ત્યારથી તેઓ 'સાહિત્ય', 'ગુજરાત', 'વસંત' આદિ લબ્ધપ્રતિષ્ઠ સામયિકોમાં લખતા રહ્યા. કૉલેજકાળમાં પ્લેટોની ફિલ્સૂફી માટે પક્ષપાત બંધાયો હોઈ અને એમની બીજી ભાષા ફ્રેન્ચ હોઈ એમનાં પદ્ય અને ગદ્યમાં ચિંતન અને કલ્પનાનો સવિશેષ સંભાર મળે છે. પ્રણય અને પ્રભુભક્તિ એ એમના મુખ્ય કાવ્યવિષયો રહ્યા છે. સાહિત્યના અનુશીલન ને ચિંતન વિષે પ્રથમથી જ રહેલો એમનો સહૃદય અનુરાગ નિવૃત્તિ પછી તો એટલો પ્રગાઢ થયો કે જીવનના છેલ્લા શ્વાસ સુધી જગતભરના સાહિત્યના વાચન-મનન દ્વારા એમણે સાહિત્યનો જ સૌંદર્યયોગ સેવ્યા કર્યો.

મા. મોહનભાઇ પટેલે 'સત્યાગ્રહ'માં એમને અંજલિ આપતાં ઉચિત કહ્યું છે કે 'ગોવર્ધન યુગના કવિઓની કાવ્યપ્રણાલિને ઝીલવા છતાં નવી જ પ્રણાલિ ઊભી કરનારા' ખબરદાર, લલિત, બોટાદકર, 'દેશળજી પરમાર, કેશવ હ. શેઠ, ત્રિભુવન વ્યાસ વગેરે જેવા શક્તિશાળી કવિઓના વર્ગના તેઓ છે. એમણે ન્હાનાલાલની કેટલીક વિલક્ષણતાઓ સ્વીકારી છે, ને તેમાં પોતાની કેટલીક રંગદર્શિતાના સાથિયા પણ પૂર્યા છે. એમની કવિતામાં (એ પોતે કહે છે તે પ્રમાણે)

મીઠી ઊર્મિ લલિત ઉરની
તર્કની ભવ્ય શ્રેણી,
સ્વપ્નો ચારુ, વિરલ વહતી
તેની દ્વારે ત્રિવેણી;

(ઊર્મિ, વિચાર અને કલ્પનાની ત્રિવેણી) છે. જોકે કવિતામાં ઉત્તુંગ શિખરોને આંબવાની એમની અભીપ્સાને એમના પુરુષાર્થ સિદ્ધ કરી આપી નથી; છતાં 'કુસુમાકર' એક સારા અને સાચા કવિ હતા એ તો નિઃશંક. એમની કવિતાને ગુજરાતે ઝાઝો યશ આપ્યો નથી, તેમ એમણે પણ પોતાની કવિતાનાં ખૂટતાં તત્ત્વો સંશોધવાની વૃત્તિ બતાવી નહિ. થોડા જ સંમાર્જનથી જે સુંદર થઈ ઊઠયું હોત તે એમ થતું રહી ગયું. નહિતર એમના જેવા બહુશ્રુત વિદ્વાન તથા અંગ્રેજી, ફ્રેન્ચ ને સંસ્કૃત સાહિત્યના અભ્યાસીને હાથે ગુજરાતને કાંઈક મૂલ્યવાન અભિનવ સાંપડયું હોત.'

'કુસુમાકર' જેવું ઉચ્ચ શિક્ષણ, માતાપિતાનો જ્ઞાન-સંસ્કારનો વારસો કે શિક્ષક-પ્રાધ્યાપકોનાં સંપર્ક-પ્રોત્સાહન પામવાને સુભાગી નહિ બનેલા 'મોહિનીચન્દ્ર' એમના જેવા જ સંવેદનશીલ, ઊર્મિલ અને ઋજુહૃદયી કવિ હતા. મૂળ કપડવણજના મોઢ બ્રાહ્મણ પણ પાલનપુર એજન્સીના નાના ગામડામાં ફોજદારની નોકરી કરતા દલસુખરામ ભટ્ટને ત્યાં ઇ. ૧૯૦૧ની ૬ઠ્ઠી જુલાઇએ એમનો જન્મ થયો હતો, અને એ ગામડામાં જ એકાન્ત પ્રકૃતિ વચ્ચે બાળપણ વીત્યું હતું. એના પ્રગાઢ સંસ્કાર સાથે પ્રાથમિક અભ્યાસ કપડવણજમાં કરી ૧૯૧૩માં એમણે માતાપિતા સાથે અમદાવાદ આવીને પ્રોપ્રાયેટરી હાઈસ્કૂલમાં અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો, જે દરમ્યાન પણ એ અલિપ્તપણે પોતાની એકાંતિક દુનિયામાં જ વિહરતા. એવામાં (પોતાના કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં તેઓ લખે છે તેમ) 'ઈ. ૧૯૨૦માં મૅટ્રિકની પરીક્ષામાં હું નિષ્ફળ નીવડયો એના ઘેરા વિષાદમાંથી મને કવિતાની પગદંડી સાંપડી.' તે પછી ૧૯૨૧માં ગુજરાત વિદ્યાપીઠની વિનીતની પરીક્ષામાં એ સફળ થયા.

૧૯૨૨માં નવજીવન પ્રકાશન મંદિર શરૂ થતાં તેના સંપાદનવિભાગમાં અમારી પાસે એ પ્રુફરીડર તરીકે જોડાયા, જ્યાંથી ૧૯૨૩માં મુંબાઈના 'ગુજરાતી' સાપ્તાહિકમાં અને ત્યાર બાદ એ પત્રના તંત્રી મણિલાલ ઈચ્છારામે શરૂ કરેલા 'વીસમીસદી' સાપ્તાહિકમાં કામ કર્યું. પણ મુંબાઈનાં હવાપાણી માફક ન આવતાં પાછા અમદાવાદ આવીને એ ચીમનલાલ મોદીના 'નૂતન ગુજરાત'માં અને ત્યાર બાદ 'પ્રજાબંધુ'માં જોડાયા. તે પછી બેએક વર્ષ ફરી એમણે અમારી પાસે 'કુમાર'ના સંપાદનવિભાગમાં ગાળ્યાં. અને પછી 'જ્યોતિર્ધર' પાક્ષિકમાં તથા થોડો સમય 'પ્રભાત' દૈનિકમાં ગાળી તેઓ 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'માં પ્રુફરીડર તરીકે જોડાયા, જ્યાં જીવનના અંત સુધી અઢાર વર્ષની દીર્ઘ સેવા આપી.

આમ દૈનિક, સાપ્તાહિક, પાક્ષિક, માસિક તથા ગ્રંથપ્રકાશનના વ્યવસાયના જીવનભરના સંપર્કમાં પોષણ અને પુષ્ટિ પામતી એમની અનુભૂતિને વાચા સાંપડી અને પ્રકૃતિપ્રેમી એકાંતપ્રિય તથા ભક્તિનમ્ર એમના હૃદયનાં સ્પંદનો પહેલાં કાવ્યો રૂપે, પછી ટૂંકી વાર્તાઓ ને ગદ્યકાવ્યોના રૂપમાં ને છેલ્લે સેંકડો પંક્તિઓની કૃતિ રૂપે આવિર્ભાવ પામતાં રહ્યાં.

એમના પોતાના જીવન જેવી સાદી, સરળ, નિરાડંબરી ને નરમ એમની કૃતિઓમાં સાહિત્યનું પોત ભલે પાંખું હતું, પણ ઊર્મિની સચ્ચાઇ પારદર્શક હતી:

પ્રભાત તારા પગલે સુપાવન,
મધ્યાહ્ન તારા ઉરનું રસાયન;
સંધ્યા ઝરે રંગ અનંગ તારો,
રાત્રિ બને ચેતનનો ફુવારો;
પ્રત્યેકમાં તારી નિગૂઢ હેલા,
મારે નકામી નથી કોઈ વેળા.

'દિગંત' નામે દસ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ એ એમનું પ્રથમ પ્રકાશન. તે પછી કાવ્યસંગ્રહ 'મંજૂષા', બાલગીતસંગ્રહ 'સૂરજ બોલાવે', ગદ્યભાવનાગીતો 'પારસનાં ફૂલ' અને સળંગ પદ્યરચના 'અચ્યુતપુરનો પંથ' એ એમની ઉત્તરોત્તર કૃતિઓ છે. ૧૯૬૧માં એમના બાલકાવ્યસંગ્રહ 'મોતીનો દાણો' ને ગુજરાત સરકારનું રૂ. ૧૦૦૦નું પારિતોષિક મળેલું.

એ ઓછાબોલા ને અંતર્મુખ, સન્નિષ્ઠ ને શાન્ત, નમ્ર અને નિખાલસ તથા ભાવનાશીલ ને ભક્તહૃદયી, ચાળીસ વર્ષના પરિચિત અને થોડા સમયના સાથી કવિમિત્રને અમારી અંજલિ આપીએ છીએ.

નવાં પ્રકાશનો

ત્રિપાઠી (પ્રા૦) લિમિ૦નાં

લીલાવતી જીવનકલા: લેખક ગોવર્ધનરામ મા. ત્રિપાઠી. લગભગ અર્ધી સદી પૂર્વે, વત્સલ પિતાની પુત્રીને સ્મરણાંજલિ રૂપે લખાએલું આ લખાણ ગુજરાતી સાહિત્યનું એક રત્ન ગણાયું છે. આ છેલ્લી આવૃત્તિમાં સ્વ. બ. ક. ઠાકોરનો અભ્યાસપૂર્ણ પ્રવેશક, સંપાદકનું માર્ગદર્શક ટિપ્પણ અને પુસ્તકના અંતરંગને સમજાવતો પ્રા. રમણલાલ જોષીનો લેખ પુસ્તકની ઉપયોગિતામાં વધારો કરે છે. (રૂ. ૩-૦૦) **ગોવર્ધનરામ - ચિંતક અને સર્જક**: ત્રિપાઠી લિમિટેડ તરફથી ગુજરાત યુનિવર્સિટીને મળેલા પ્રીતિદાન દ્વારા સ્થપાએલી શ્રી ગો. મા. ત્રિ. વ્યાખ્યાનમાળામાં મા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ આપેલાં પ્રથમ વ્યાખ્યાનો. એમાં એમણે ગોવર્ધનરામનો જીવનતત્ત્વવિચાર, એમની અક્ષરભાવના, એમની પ્રકીર્ણ કવિતા, 'સરસ્વતીચંદ્ર'નાં પ્રભાવક તત્ત્વો અને એમની નિરૂપણરીતિ તથા ગદ્યશૈલીના વિષયની વિદ્વત્તાભરી ચર્ચા કરી છે (૨-૫૦). **નંદશંકર જીવનચિત્ર**: સાહિત્યિક સામાજિક તેમજ ઐતિહાસિક, એમ ત્રિવિધ દસ્તાવેજી મૂલ્ય ધરાવતા એ સંગ્રહયોગ્ય પુસ્તકની આ બીજી સંશોધિત આવૃ-

ત્તિના સંપાદક પ્રા. ભૂપેન્દ્ર ત્રિવેદીએ અસલ લખાણનાં દીર્ઘ વર્ણનોને કંડિકાઓમાં વિભક્ત કરીને છેલ્લે વિસ્તૃત શબ્દસૂચિ જોડી પુસ્તકની વાચનક્ષમતા વધારી છે (૪-૫૦). **આપણી શ્રેષ્ઠ નવલિકાઓ :** મલયાનિલથી માંડી સુરેશ જોષી સુધીના અગ્રિમ નવલિકાકારોની ચૂંટેલી એકવીસ વાર્તાઓના સંપાદનની નવી આવૃત્તિ: સંપાદક ગુલાબદાસ બ્રોકર (૪-૫૦). **રૂપસૃષ્ટિમાં :** ગુલાબદાસ બ્રોકરના રોચક અને દ્યોતક વિવેચનલેખો (૫-૫૦). **અનુરાગ :** 'કુમાર'ના વાચકોને પરિચિત થએલા નવા નવલિકાકાર નાનાલાલ જોષીની વીસ સુંદર વાર્તાઓ (૪-૦૦). **ગૌતમી :** નાટ્યપ્રવૃત્તિમાં આગવી સૂઝ ને સમજ ધરાવનાર શ્રી પરમસુખભાઈ પંડ્યાલિખિત એક સવિશેષ નવું ત્રિઅંકી નાટક (૩-૦૦). **વિનાશને પંથે :** પલટાતી જતી દુનિયામાં વૃદ્ધોના સ્થાનના પ્રશ્નની આસપાસ ગુંથાએલું ધીરુબહેન પટેલનું ત્રિઅંકી નાટક (૨-૦૦).

નવજીવન પ્રકાશન મંદિરનાં

રાજેન્દ્રપ્રસાદ : આપણા જાહેર જીવનના ઈતિહાસ સમી શ્રી રાજેન્દ્રબાબુની આત્મકથા 'મારી જીવનકથા'નો સંક્ષેપ: કરનાર વનમાળા દેસાઈ (૧-૫૦). **બાપુના આશ્રમમાં :** ગાંધીજી સાથે ગાળેલાં ત્રીસ વર્ષનાં સંસ્મરણોની હરિભાઉ ઉપાધ્યાય જેવા અંતેવાસીએ કરેલી નોંધનો અનુવાદ: કરનાર બાલુભાઈ પારેખ (૨-૦૦). **શ્રી છગનલાલ જોષીને** બાપુના પત્રો : જે સમૃદ્ધ પુસ્તકમાંથી આશ્રમને લગતી તથા બીજી ઘણી ઝીણી અને અજાણી બાબતોની માહિતી સાંપડે છે. સંપાદક છગનલાલ જોષી (૪-૦૦). **શર્કરાદ્વીપ મૉરિશિયસ અને બીજા ટાપુઓ:** કાકાસાહેબ કાલેલકરના મંત્રી સમાં સાથી સરોજિનીબહેન નાણાવટીએ કરેલા પ્રવાસની રસમય વિગતો અને વર્ણન (૧-૫૦). **આવતી કાલની ગ્રામસંસ્કૃતિ :** ઝવેરભાઈ પટેલના 'ધ નેક્સ્ટ સ્ટેઈજ ઑવ વિલેજ સિવિલિઝેશન'નો અનુવાદ: કરનાર સરલાબેન શાહ (૧-૫૦). **શાંતિનિકેતનની યાત્રા :** ગાંધીજીની શાંતિનિકેતનની છેલ્લી યાત્રાનું તેમના અંગત મંત્રી પ્યારેલાલે કરેલું વિગતવાર વર્ણન (૦-૩૦ ન.પૈ.). **ચૂપ નહિ રહેવાય :** ટૉલ્સ્ટૉયના જુદે જુદે જુદાજુદા અનેક વિષય પર લખાએલા કેટલાક મનનીય નિબંધોનો અનુવાદ: કરનાર સ્વ. ચંદ્રશંકર શુક્લ (૨-૦૦). **દેવ અને દાનવ :** મનુષ્યમાત્રના જીવનમાં રમતાં દૈવી અને આસુરી તત્ત્વો વચ્ચેના સંગ્રામનું ચિત્રણ કરતી રૉબર્ટ લૂઈ સ્ટિવન્સનની વિખ્યાત કથા 'ડૉ. જૅકિલ ઍન્ડ મિ. હાઇડ'ની સરળ વાર્તારૂપે સચિત્ર રજૂઆત: કરનાર જિતેન્દ્ર દેસાઈ (૧-૨૫). **પ્રેમપંથ** ૮, ૯ અને ૧૦મું પુસ્તક: વિવિધ સાહિત્યના અભ્યાસી દેસાઇ વાલજી ગોવિન્દજીએ સંયોજેલી એ માળાના વધુ ત્રણ મણકા (કિં. અનુક્રમે ૪૦, ૫૦ અને ૬૦ ન.પૈ.) **સરદારની અનુભવવાણી :** સરદારશ્રી વલ્લભભાઈ પટેલના વ્યક્તિત્વનું દર્શન કરાવતી એમની અનુભવપૂત વાણીમાંનાં અવતરણો (૦-૬૦ ન. પૈ.). **ત્રિવેણીસંગમ :** ૧૯૩૨ની સાલમાં યરવડાની જેલમાં ગાંધીજી સરદાર અને મહાદેવભાઇ એકસાથે રહેલા ત્યારના પ્રસંગોનું ચયન (૧-૫૦). **બિંદુમાં સિંધુ :** નાના છતાં જીવનમાં કાયમી અસર મૂકી જાય એવા મહાપુરુષોના પ્રેરક પ્રસંગોનું ચયન (૦-૪૫ ન.પૈ.). આ ત્રણેના યોજક : મુકુલભાઇ કલાર્થી. **સામ્યવાદ અને સામ્યવાદીઓ, ગ્રામોદ્યોગ, દારૂબંધી કોઇ પણ ભોગે,** (દરેકના ૨૫ ન.પૈ.) **ભારતનાં નવાં રાજ્યો, કૉંગ્રેસનું ભાવિ** (દરેકના ૩૫ ન.પૈ.) હિંદી વિદ્યાર્થીઓને (૬૦ ન.પૈ.) **ત્યાગનો સંદેશ** (૩૦ ન.પૈ.): સંકલન કરનાર આર. કે. પ્રભુ; **જાતમહેનત** (૨૫ ન.પૈ.), **વાલીપણાનો સિદ્ધાંત** (૩૦ ન પૈ), **મરજિયાત ગરીબી** (૩૦ ન.પૈ.): સંકલન—રવીન્દ્ર કેળેકર. આ દરેક પુસ્તિકામાં તેના નામ પ્રમાણેના વિષયો પરના ગાંધીજીના વિચારોનું સંકલન કરવામાં આવ્યું છે.

સ્વાતિ પ્રકાશનનાં પુસ્તકો

પોતાની વિશિષ્ટ શૈલી અને સચેતન વસ્તુથી ટૂંક મુદતમાં આગલી હરોળમાં આવી બેસનાર 'કુમાર'ના પરિચિત લેખક ચન્દ્રકાન્ત બક્ષીની નવલકથા **એકલતાના કિનારા :** (૪-૦૦), અને વીસ ટૂંકી વાર્તાઓ **એક સાંજની મુલાકાત** (૪-૫૦). **સુવર્ણરેખા :** બંગાળની ભૂમિ પરની પણ બધે લાગુ પડે એવી, શિવકુમાર જોષીની નવી નાટ્યકૃતિ (૨-૫૦). **શ્રાવણ ભાદરવો :** સીધી સાદી લખાવટ છતાં સુંદર ને નવતર વિચારવસ્તુ અને કલાત્મક રજૂઆતવાળી હીરાલાલ ફોફલિયાની વાર્તાઓ (૪-૫૦). **નેતા અભિનેતા :** જયંતી પટેલની કટાક્ષભરપૂર નાટ્યકૃતિ (૨-૫૦). **મનના અરીહા :** મોહમ્મદ માંકડની વાર્તાઓ (૪-૫૦). સ્વાતિપ્રકાશન, ૧૨૯ સૅમ્યુઅલ સ્ટ્રીટ મુંબાઇ-૩.

અનડા બુક ડીપોનાં પ્રકાશનો

ચાર ફાગુઓ—એક અધ્યયન : સ્થૂલિભદ્રફાગુ, નેમિનાથફાગુ, જંબુસ્વામીફાગુ અને સુરંગાભિધ નેમિફાગુ. વિસ્તૃત પ્રસ્તાવના, ફાગુનું સ્વરૂપ, ગદ્ય અનુવાદ, ભાષાભૂમિકા, છંદ-રસ-અલંકાર ને સટિપ્પણ સમશ્લોકી અનુવાદ, મહત્ત્વના પ્રાકૃત શબ્દોની સૂચિ વગેરે સાથેનું, સાહિત્યના વિદ્યાર્થીઓને તથા રસ ધરાવનારાઓને ઉપયોગી એક અભ્યસનીય પ્રકાશન: કેશવરામ કા. શાસ્ત્રી (૨-૦૦). **પ્રવાસપત્રો :** દક્ષિણ ભારતના પ્રવાસ દરમ્યાન લખાએલા માહિતીપ્રદ પત્રોનું પ્રકાશન: લેખક છોટુભાઇ અનડા (૧-૫૦). **દક્ષિણભારતની વિકાસયાત્રા:** દેશના વિકાસનું દર્શન કરાવતા નૂતન તીર્થક્ષેત્રોની યાત્રાનું સચિત્ર વર્ણન: લેખક કપિલરાય મહેતા (૨-૦૦). **પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ :** નયી તાલીમના કાર્યકરોને ઉપયોગી એવું માર્ગદર્શક પ્રકાશન: લેખકો રણછોડજી મહેતા, પ્રભાબેન દવે, કપિલભાઈ પુરોહિત અને નલિનીબેન મહેતા (૨-૫૦). **કેળવણીનું તત્ત્વજ્ઞાન :** તાલીમાર્થી શિક્ષકોને ઉપયોગી અભ્યસનીય પુસ્તક: લેખકો જયાબેન પટેલ અને શંભુપ્રસાદ પટેલ (૨-૫૦). નીચેનાં સચિત્ર પ્રકાશનો પણ તાલીમાર્થીઓ માટે ઘણાં ઉપયોગનાં છે: **અધ્યાપન ભૂમિતિ અને બીજગણિત :** લેખક રતનશી પુ. અનડા (૨-૨૫), **અધ્યાપન કાંતણકામ :** લેખકો અમીન અને પટેલ (૨-૦૦), **અધ્યાપન સામાન્ય જ્ઞાન :** લેખક ગોવિંદભાઈ દલાલ (૨-૫૦), **અધ્યાપન સમાજશાસ્ત્રો :** લેખક બકુલચંદ્ર શાહ (૨-૫૦). નીચેનાં ત્રણ પ્રકાશનો પ્રી-યુનિવર્સિટી વિનયનના વિદ્યાર્થીઓ માટેનાં: **તર્કશાસ્ત્ર પ્રવેશ :** લેખકો હીરાલાલ ઠક્કર, એમ. કે. ભટ્ટ ને સૂર્યકાન્ત રાજદેવ (૩-૭૫); **પ્રારંભિક અર્થશાસ્ત્ર પરિચય :** લેખક જિતેન્દ્ર લા. ધોળકિયા (૩-૫૦); **મનોવિજ્ઞાન પ્રવેશ :** લેખક ચુનીભાઈ શાહ (૫-૦૦) **દૃશ્ય કાવ્ય શિક્ષણ :** વિકાસ પામતા જતા કેળવણીના ક્ષેત્રમાં કામ કરતા કાર્યકરોને માર્ગદર્શક એવું સચિત્ર પ્રકાશન—લેખક ધીરજલાલ મો. ભાવસાર (૫-૦૦). **શરીરનો સંચો :** માનવશરીરના અંગઉપાંગોનું મહત્ત્વ સમજાવતી સરળ બાલભોગ્ય સચિત્ર પુસ્તિકા: લેખક મહીપતરામ જોષી. (૦ ૫૦ ન.પૈ.). **વાચનગાડી** ભાગ ૧ થી ૪. બાળકોની અભ્યાસ પ્રત્યેની અભિરુચિ વધારે એવાં સચિત્ર સુંદર પ્રકાશનો: લેખક સોમાભાઇ ભાવસાર, દરેકના (૪૦ ન.પૈ.) **સફાઇ પગલાં :** બાળકોને સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવતી આ સચિત્ર પુસ્તિકાના વસ્તુની રજૂઆત મઝાની અને લખાવટ બાલભોગ્ય છે. લેખક નારાયણ તપોધન. (૦-૫૦). અનડા બુક ડીપો, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧.

ભાવાનુકૃતિ માટે પારિતોષિક

(શ્રી ગાંધી વિચાર-કેન્દ્ર તરફથી)

'આશ્રમ ભજનાવલિ' (આવૃત્તિ ૧૮મી, ઈ. ૧૯૬૧)ના પૃ. ૨૦૨ ઉપર એક અંગ્રેજી ભજન-hymn છે. ઇસુ ખ્રિસ્તને વધસ્તંભે ચડાવે છે ત્યારે વિષાદ અને પ્રેમનો યોગ થાય છે. ભલાઇ ભરેલા આ મહામાનવનો-અનુકંપાની મૂર્તિનો-હેવાનિયતભરેલા સિપાહીઓ વધસ્તંભે ચડાવતી વેળાએ કાંટાઓનો તાજ બનાવી પહેરાવીને જે ઉપહાસ કરે છે એ ક્ષુદ્રતા પણ કવિએ દર્શાવી છે. ક્રૉસ—વધસ્તંભ એ ખ્રિસ્તી ધર્મનું મુખ્ય ચિહ્ન બન્યું છે, જે જોતાં જ ભાવિકોને ઇસુ ખ્રિસ્તના વધના કરુણાભર્યા આત્મબલિદાનના વિચારો સહજ સ્ફૂરે છે. એ ભજન આ નીચે આપ્યું છે:

The Wondrous Cross

When I survey the wondrous Cross
On which the Prince of Glory died,
My richest gain I count but loss,
And pour contempt on all my pride.

Forbid it, Lord, that I should boast
Save in the Cross of Christ, my God;
All the vain things that charm me most,
I sacrifice them to His Blood.

See from His Head, His Hands, His Feet,
Sorrow and love flow mingling down;
Did e'er such love and sorrow meet,
Or thorns compose so rich a crown?

Were the whole realm of nature mine,
That were an offering far too small;
Love so amazing, so divine,
Demands my soul, my life, my all.

To Christ, Who won for sinners grace
By bitter grief and anguish sore;
Be praise from all the ransomed race,
For ever and for evermore.

સ્વ. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ આવા જ એક સુંદર ભજન Lead kindly lightનો અનુપમ ભાવવાહી સારાંશ જાળવીને 'પ્રેમલ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ'ની ઉત્તમ અનુકૃતિ સરજી છે. આપણી ગુર્જર ગિરા એ ભજનથી સમૃદ્ધ બની છે.

તદનુસાર, ઉપર્યુક્ત અંગ્રેજી ભજનનો સારાંશ જળવાઈ રહે એ રીતની તેની એક મુક્ત, સ્વતંત્ર ભાવાનુકૃતિ સર્જવા માટે ગુજરાતના કવિઓને આમંત્રણ છે. ભાષાંતરના માળખામાં અટવાઈ રહેવાની જરૂર નથી. સ્વ. નરસિંહરાવભાઇ સમ ભક્તિપૂત ભાવથી સર્જાએલી સફળ ભાવાનુકૃતિ ગુજરાતી સાહિત્યને મળે એ જ અભિલાષા છે.

શ્રેષ્ઠ કૃતિને રૂ. પચીસનું પારિતોષિક આપવાનો ઉમંગ મુલુંડના 'શ્રી ગાંધી વિચાર-કેન્દ્ર' તરફથી દર્શાવવામાં આવ્યો છે. નિર્ણાયકો તરીકે ગુજરાતી કાવ્યસાહિત્યના માન્ય અભ્યાસી વિવેચકો રહેશે. કૃતિઓ શ્રી શિવલાલ બી. કારિયા, મંત્રી શ્રી ગાંધી વિચાર-કેન્દ્ર, બાઠકે બિલ્ડિંગ, સરદારપટેલ રોડ, મુલુંડ, મુંબાઈ-૮૦ એ સરનામે નવેમ્બરની ૧૫મી તારીખ સુધીમાં મોકલવી.

ગણિત સરળ બનાવો

૩ .... માધવ જીનરસી દેવળિયા

૫૫-પંચાવનના ગુણાકાર.

૫૫=૫૦+૫. આમાં પચાસ એ સોનો અર્ધો ભાગ છે, અને પાંચ એ પચાસનો દસમો ભાગ છે. એટલે કોઈ પણ રકમને ૫૫ વડે ગુણવી હોય તો તે રકમને ૧૦૦ વડે ગુણી (તેની જમણી બાજુએ બે મીંડા મૂકી) તેને બેથી ભાગી નાખવી અને જે આવે તેનો દસમો ભાગ તેમાં ઉમેરવાથી બંને રકમનો ગુણાકાર આવી જશે. જેમકે—

૨૪×૫૫=૨૪ (૫૦+૫)=૨૪ ($\frac{૧૦૦}{૨}$+૫)=($\frac{૨૪૦૦}{૨}$+૧૨૦)=
(૧૨૦૦+૧૨૦)=૧૩૨૦

જરા સરળ રીતે જોઇએ: ૨૪×૫૫=ઉપરની રીતે

૨૪×૧૦૦=૨૪૦૦. ૨૪૦૦ને બે વડે ભાગતાં ૧૨૦૦
+ ૧૨૦૦નો દસમો ભાગ ૧૨૦
૨૪×૫૫ = ૧૩૨૦

એ જ રીતે જોતાં ૪૫=૫૦-૫.

૫૦ એ સોનો અર્ધો ભાગ છે અને ૫ એ પચાસનો દસમો ભાગ છે.

ઉપરની રીત પ્રમાણે ૫૫નો ગુણાકાર કરતી વખતે ૫૦+૫ કર્યા તેવી જ રીતે ૪૫ના ગુણાકાર વખતે ૫૦-૫ થાય.

૮૭$\frac{૧}{૨}$=સાડા સત્યાશીના ગુણાકાર વખતે.

૮૭$\frac{૧}{૨}$=૧૦૦-૧૨$\frac{૧}{૨}$. સાડાબાર એ સોનો આઠમો ભાગ છે. જે રકમને ૮૭$\frac{૧}{૨}$ વડે ગુણવાની હોય તે રકમને ૧૦૦ વડે ગુણી, (એટલે તે રકમની જમણી બાજુએ બે મીંડા મૂકી) જે આવે તેનો આઠમો ભાગ તેમાંથી બાદ કરો. એટલે તે બે રકમનો ગુણાકાર થશે.

આમાં, જ્યારે ૮૭$\frac{૧}{૨}$ને ગુણવા માટેની રકમ એકીસંખ્યા હશે ત્યારે તેને ૧૦૦ વડે ગુણી અને આઠે ભાગતાં ચાર શેષ વધશે. ૪ એ ૮ના અર્ધા છે. એટલે તેને અર્ધો ગણી તેમાં ઉમેરી દેવા. જેમકે—

૧૩૭×૮૭$\frac{૧}{૨}$=૧૩૭ (૧૦૦-૧૨$\frac{૧}{૨}$)

૧૩૭×૧૦૦ = ૧૩૭૦૦
—૧૩૭૦૦નો આઠમો ભાગ ૧૭૧૨$\frac{૪}{૮}$=૧૭૧૨$\frac{૧}{૨}$
૧૩૭×૮૭$\frac{૧}{૨}$=૧૧૯૮૭$\frac{૧}{૨}$=૧૧૯૮૭.૫૦

હવે આ જ રીતે આગળ-

૧૧૨$\frac{૧}{૨}$નો ગુણાકાર કરતી વખતે.

૧૧૨$\frac{૧}{૨}$=૧૦૦+૧૨$\frac{૧}{૨}$=૧૨$\frac{૧}{૨}$ એ સોનો આઠમો ભાગ છે. જે રકમને ૧૧૨$\frac{૧}{૨}$ વડે ગુણવી હોય તે રકમને સોએ ગુણવી (તે રકમની જમણી બાજુએ બે મીંડાં મૂકી દેવાં.) જે આવે તેનો આઠમો ભાગ તેમાં ઉમેરો એટલે બંને રકમનો ગુણાકાર આવશે. જ્યારે ૧૧૨$\frac{૧}{૨}$ને ગુણવા માટેની રકમ એકી સંખ્યા હશે ત્યારે તેને ૧૦૦ ગુણી, અને આઠે ભાગતાં ચાર શેષ વધશે. ૪ એ ૮ના અર્ધા છે એટલે તેને અર્ધો ગણી તેમાં ઉમેરી દેવા.

હવે ૯૯નો ગુણાકાર. ૯૯=૧૦૦-૧ જે રકમને ૯૯ વડે ગુણવી હોય તે રકમને ૧૦૦ ગુણી-તે રકમની જમણી બાજુએ બે મીંડા મૂકી જે આવે તેમાંથી મૂળ રકમ બાદ કરો એટલે બંને રકમનો ગુણાકાર આવશે. આમ, ૯૮=૧૦૦-૨, ૧૦૧=૧૦૦+૧ વગેરે અનેક રકમનો આવી રીતે સરળતાથી ગુણાકાર થઇ શકશે. ગુણકની રકમને કઈ રીતે પ્રયોજવી એ તો હવે સમજાઈ ગયું હશે. (ચાલુ)

OUR FRIENDS ABROAD
જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ


જર્મન પત્રમિત્રો

(38) Monika Sessler—13 (f.), Wurzburg, Maillinger Str. 13, stamps, postcards, reading, swimming. (39) Anneliese Koczott—15 (f.), Ritterhude, bei Bremen, Auf den Rathen 12, stamps, sport, swimming; (40) Ursula Gauger—15 (f.), Frankfurt/Main, Dorfelderstr. 1, stamps, reading, photography, sport; (41) Beate Hausman—14 (f.), Lippstadt/Westf., Am Weinberg 2, stamps, reading; (42) Ilse Dohnau—14 (f.), Wethmar bei Lunen, Westf., Ost Str.7, postcards, drawing, photography; (43) Siglinde Steimann—16 (f.), Thannhausen, Schwaben, Hasengrund 5, postcards, music, dancing, films; (44) Gerline Rodig—16 (f.), Thannhausn, Schwaben, Hofangersidlung 8, postcards, cycling, films, swimming; (45) Ursula Skambraks—19(f.), Weilingdorf, Westf., Honuetalstr. III, swimming, reading dancing; (46) Iris Schmid—17 (f.), Stuttgart-S., Eierstr. 8, classical music, theatre, literat; (47) Hermann Dehler—19 (m.), Niederrodenbach, bei Hanau, Bahnhofstr. 41, stamps, drawing, reading politics; (48) Jurgen Stein—20 (m.), Rotensee, Krs. Hersfeld, politics, reading, languages, travel.

ધરતી ફાટે મેઘ છળ, કપડા ફાટે દોર;
તન ફાટે કી ઔષધી, મન ફાટે નહિ ઠોર.

એક વાર ગ્રીક ફિલસૂફ ડાયોજિનિસનો ગુલામ તેની સેવા છોડીને નાસી ગયો, એટલે તેણે જાતે પોતાનું કામ કરવા માંડ્યું. એક મિત્રે આ જોઇને પૂછ્યું, દેશના કાયદા પ્રમાણે એને તમે શોધીને પકડી કેમ નથી લાવતા? ડાયોજિનીસે જવાબ દીધો: 'મારે ગુલામના પણ ગુલામ બનવું નથી. એના જવાથી હું મારું કામ ન કરી શકું એવા પાંગળા મારે થવું નથી.'

કહેવતોના અર્થ: 'દૂબળો જેઠ દિયરમાં લેખું.'—જેઠ મોટો ભાઈ હોવા છતાં તેની અનઆવડત, નબળાઈ કે નરમાશને કારણે તેને જેમ વહુઆરુઓ ગણકારતી નથી, તેમ વ્યવહારમાં પણ કાચા, પોચા કે અતિભલા થવાથી અવગણના થાય, એ આ કહેવતનો પ્રબોધ છે.



આ ચિત્રમાં જમણે મથાળે આવેલો ચોરસ સમચોરસ હોવાનું તમે નહિ માનો, પણ એ ખરેખર સમચોરસ જ છે. એના પર દોરાએલી મધ્યકોણવર્તી રેખાઓ જ એ દષ્ટિભ્રમનું કારણ છે.

અનેકાર્થી શબ્દ: દાસ=સેવક કે નોકર; એક અક્ષરમેળ છંદ; કેરી વગેરે વેડવાનું સાધન, આંકડ, દાતરડું; કાળો કાંટાશળિયો.

ગણિતગમ્મત

૦, ૩, ૯, ૧૮ અને ૨૪ એ પાંચેના વર્ગ પાસેપાસે લખીએ તો આમ ૦, ૯, ૮૧, ૩૨૪, અને ૫૭૬ થાય. એ બધી સંખ્યાઓમાં ૦થી ૯ સુધીના દસે અંકો આવી જાય છે.

મહાભારત અને ૧૮ની સંખ્યા

મહાભારત સાથે ૧૮ની સંખ્યાનો સંબંધ બહુ ચમત્કારી માલૂમ પડે છે:

૧) એ ગ્રંથનાં મુખ્ય પ્રકરણો અથવા પર્વો ૧૮ છે; ૨) એમાં વર્ણવેલું કૌરવપાંડવોનું યુદ્ધ ૧૮ દિવસ ચાલે છે; ૩) ઉભય પક્ષ તરફથી લડનારાઓની એકંદરે સંખ્યા ૧૮ અક્ષૌહિણીની હતી; ૪) એમાંના સૌથી મહત્ત્વના પ્રકરણ ભગવદ્‌ગીતાના અધ્યાય ૧૮ છે; ૫) દુર્યોધન પછી તેનો પિતા ૧૮ વર્ષ જીવે છે.

બારીકાઈથી જોતાં ૧૮ની સંખ્યાના બીજા અનેક ચમત્કારો એ ગ્રંથમાંથી મળી આવે. વળી મહાભારતને માટે 'જય' એવો એક પર્યાય શબ્દ છે. લઘુ આર્યસિદ્ધાંતમાં 'જ' એટલે ૮ અને 'ય' એટલે ૧ એ સંખ્યા માનવામાં આવી છે; અને એમાં જ લખ્યું છે કે 'અંકાનાં વામતો ગતિ:' એટલે એ પ્રમાણે લેતાં 'જય' શબ્દનો અર્થ પણ ૧૮ થાય!

(મરાઠી 'બાલબોધ')

ત્રણ કર્તવ્ય

માબાપ અરથે આપણી ત્રણ પ્રકારની ફરજ છે: આપણી પ્રતિષ્ઠાથી તેમને ઉજાળવા એ સૌથી ઉત્તમ ફરજ છે; એમને નામોશી થાય એવું કંઇ ન કરવું એ મધ્યમ ફરજ; એમનું માત્ર ભરણપોષણ કરવું એ ત્રીજી અને કનિષ્ઠ ફરજ છે.

કૉન્ફ્યૂશિયસ

ખોટી માન્યતા: ગર્ભાવસ્થા દરમ્યાન ભક્તિમય જીવન ગાળનારી સ્ત્રીને, કે સંગીત સાંભળનાર સ્ત્રીને અવતરતા બાળકમાં ભક્તિ કે સંગીતના સંસ્કાર ઊતરે એ વાત ખોટી છે.



કલાકણિકા: સ્પેઈનની કાચની રકાબી (તશતરી) ઉપરની ભાતરચનાનો નમૂનો.

